આવતી કાલનાં નાગરિકો માટેનું આજનાં ઘરોનું માસિક

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

વર્ષ ૨૮ · અંક ૨

ફેબ્રુઆરી

૧૯૫૧

૩૨૬


તંત્રી

બચુભાઈ રાવત

સં



અંતરનાં અમી · ચિત્રકાર : અવંતિકાબહેન



અનંત સૂર · ચિત્રકાર સ્વ. શારદાચરણ ઉકિલ (ઑલ ઇંડિયા ફાઇન આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટ્સ સોસાએટીના સૌજન્યથી)

કુમાર

ફેબ્રુઆરી ૧૯૫૨

અંક ૩૨૬

ચિત્રો

કાવ્યો

ચરિત્ર


વાર્તા

લેખો

વિભાગો

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ, પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન . કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા ૭॥; પરદેશમાં રૂા. ૯॥ અથવા શિ૦ ૧૫; છુટક નકલ: બાર આના



લગભગ દસ લાખ ચોરસ માઇલના વિસ્તાર અને અઢી હજાર માઇલ લાંબા સાગરકાંઠાવાળો આપણો આ વિરાટ દેશ જેમ હવામાન અને ભૂમિસમૃદ્ધિમાં વૈવિધ્યથી ભરપૂર છે, તેમ તેની ભૂતળમાં રહેલી ધાતુ આદિ અદીઠ ખનિજ-લક્ષ્મીમાં પણ તે કેટલો વૈવિધ્યમંડિત છે તેનો કાંઇક ખ્યાલ આ ઉપરનો નકશો આપે છે. જુદીજુદી જાતનાં ૩૧ ખનિજો દેશના વિવિધ વિસ્તારોમાં કયાં કયાં પથરાએલાં પડયાં છે તે સંજ્ઞાઓ વડે એ નકશામાં દર્શાવ્યું છે ને બાજુએ એની સમજણનો કોઠો આપ્યો છે. સમસ્ત સંસ્કૃતિ-કાળને મુકાબલે ધાતુઓ અને ખનિજનો ઉપયોગ છેલ્લાં ૨૦૦ વર્ષમાં કુદકે અને ભુસકે વધ્યો છે, ને અત્યારનાં ઝડપી વાહનો, યંત્રો તથા વૈજ્ઞાનિક સાધનોને વધુ ને વધુ કાર્યક્ષમ બનાવવા માટે છેલ્લા સૈકામાં તો અનેક અવનવી ધાતુઓ શોધાઈ છે, જેમાં ટિટેનિયમ જેવી તો હજી દસ વર્ષની વયની છે. ભૂતળમાં સૂતી પડેલી એ અગોચર લક્ષ્મીને શોધવા માટે જ્ઞાનની જે શાખા વિકસી તે ભૂસ્તરશાસ્ત્ર. એમાં પૃથ્વીના પેટાળમાં પડેલાં ખનિજોના પ્રકાર, રચના, સ્થાન વગેરે ઉપરાંત પૃથ્વીના ખડકોનાં બંધારણ તથા ઉત્પત્તિ આદિનો રીતસરનો શાસ્ત્રીય અભ્યાસ રહેલો હોય છે. આપણે ત્યાં એ અભ્યાસ માટે, આજથી બરાબર સો વર્ષ ઉપર ઈ. ૧૮૫૧ની ૧૩મી જાન્યુઆરીએ 'જીઑલૉજિકલ સર્વે' નામનું ભૂતળસંશોધન ખાતું હિંદી સરકારે કાઢેલું, જેની શતાબ્દી હમણાં ઊજવાઇ. તેના સ્મરણમાં નીકળેલી નવી ટિકિટ આ અંકને છેલ્લે પાને આપી છે. એ મૂળ તો દેશમાં કોલસાની ખાણો શોધવા માટે નીકળેલું, અને એ સિવાય બીજાં ખનિજો માટે અંગ્રેજ અમલમાં જરા યે ધ્યાન નહિ અપાએલું. પણ બીજા મહાયુદ્ધ વખતે ઊભી થએલી વિવિધ ખનિજોની જરૂરત પછી એ ખાતાનો હમણાં વિકાસ થયો છે, અને સ્વાતંત્ર્ય મળ્યા પછી એના પર વધુ ધ્યાન અપવા માંડ્યું છે. હિંદના ભૂતળમાંથી દર વર્ષે નીકળતા ખનિજોના માત્ર કાચા માલની જ કિંમત ૭૫ કરોડ રૂપિયા થવા જાય છે, એ એક જ હકીકત પરથી આપણી રાષ્ટ્રીય સમૃદ્ધિનું મૂલ્ય સમજાશે. એમાં સીમેન્ટ, રંગ વગેરેની બનાવટ માટેની જુદીજુદી જાતની માટી, અબરખ, મૅંગેનીઝ વગેરેની જેમ વિપુલતા છે, તેમ ત્રાંબું, સીસું, જસત, રૂપું, પ્લૅટિનમ, નિકલ, કોબાલ્ટ, મોલીબ્ડેનમ, ટંગસ્ટન, પેટ્રોલ, ગ્રેફાઇટ વગેરેની ઓછપ પણ છે. એ બધાંની શોધ માટે પ્રયત્નો કરવા ઉપરાંત આજે આપણી એ મોંઘી ખનીજ-સમૃદ્ધિનો કાચો માલ અનબંધ પરદેશ ચડી જાય છે તે અટકીને દેશમાં જ તેનો ઉપયોગ થવો જોઇએ. હજી તો આપણા દેશના માત્ર પાંચમા ભાગની જ ભૂતળ-મોજણી થવા પામી છે. એમાં પ્રગતિ થઇને તેના ઉદ્યોગો રચાય તો દેશની લક્ષ્મી દેશમાં જ રહેવા સાથે લાખો લોકોને રોજી મળે. આવતા જમાનામાં ભૂસ્તરશાસ્ત્રી, વૈજ્ઞાનિક અને ઈજનેર એ ત્રણ મળીને જ દેશની ઔદ્યોગિક પ્રગતિ સાધી શકવાના છે.

કુમાર
આવતી કાલનાં નાગરિકો
ઘડતું માસિક

આપણી બારમાસી

શુદ્ધ પ્રેમના માધુર્યથી મ્હેકતાં શ્રી રાજેન્દ્ર શાહનાં હૃદયંગમ કાવ્યો પૈકીનું આ પાસાદાર મણિ જેવું કાવ્ય તેમની એક ઉત્તમ કૃતિ છે. એમાં એક મનોરમ કલ્પના કરી છે: પુરુષ સ્ત્રીને કહે છે કે આ સૃષ્ટિની ઋતુએ ઋતુએ પલટાતી વિભિન્ન-પ્રસન્ન લીલામાં આપણે પણ એ પ્રત્યેક ઋતુનાં જુદાંજુદાં ફુલો જેમ પ્રફુલ્લી રહ્યાં છીએ. એમ કહીને કવિ પ્રત્યેક ઋતુનું પ્રસાદમય વર્ણન કરતાં કરતાં, તેમાં ખીલતાં કુસુમો પૈકી એકમાં પોતાનું ને બીજામાં પોતાની પ્રેયસીનું જે આરોપણ કરતા જાય છે તેમાં સૃષ્ટિના સૌન્દર્યની સાથે પ્રણયના માધુર્યનો જાણે ધબકાર મિલાવી દીધો છે. વસંતથી માંડી શિશિર સુધીની છયે ઋતુઓમાં, પ્રત્યેકનાં બબ્બે કુસુમોની રૂપલીલામાં પોતાના રૂપને આત્મસાત કરતાં કરતાં, છેલ્લે બંને એક જ—શતદલ પદ્મ—ના રૂપમાં એકાકાર થઇ જાય છે. પ્રત્યેક કડીની પડખેનાં શોભનોમાં, તેમાં વર્ણવેલાં ફૂલોનાં આલેખનોની પશ્ચાદ્‌ભૂમાં આરોપિત પાત્રોનાં ગોપિત આલેખન છે.

૧૯૫૧
ફેબ્રુઆરી
વર્ષ અઠ્ઠાવીસમું · અંક બીજો

વસંતતિલકા



આ શાશ્વતી તદપિ નિત્ય વિવર્તશીલ સંસૃષ્ટિમાંહિ ઋતુએ ઋતુએ વિભિન્ન
ધારી સ્વરૂપ, પ્રિય! સૌ સ્થિતિમાં પ્રસન્ન
ખીલી રહ્યાં કુસુમ આપણ બે પ્રફુલ્લ.

વાતી વસંતની હવા રતિને હુલાસ
સંજીવની શી, જડ મૃત્યુની મૂર્છનામાં:
જ્યાં પિંડ-પુદ્‌ગલ અનંતની ઝંખનામાં
જાગી રહે ત્યહિં તું માલતી, હું પલાશ.

તું કુંદ, શુભ્ર તવ અંગ સુચારુ સ્નિગ્ધ;
હું ગુલ્‌મહોર ઝીલતો નભતાપ લાલ:
શોષી રહે જીવનનો રસ ગ્રીષ્મકાલ,
ત્યાં આપણે સુરભિ-નંદથી મત્ત મુગ્ધ.

ને વર્ષણે ઘન યદા રમણે ચડેલ,
એનાં તુફાન-પયપાનથી ભાગ્યવંત
લજ્જાળ તું બકુલ નાજુક, હું કદંબ
શી રોમહર્ષતાણી મર્મરથી છકેલ!

જ્યાં નીતર્યાં જલ નવાણતણાં સુનીલ,
ને ચંદ્ર ઉજ્જ્વલ અનભ્ર નભે લસંત
તું પોયણી (રજનિનું નવ હાસ્ય મંદ!)
હું કેવડો અનનુભૂત રસે મદીલ.

હેમંતની સુરભિ અંબરમાં અપાર,
ને આ ઋતંભર-ધરા જ્યહિં શસ્યશ્યામ,
ત્યારે શું દિવ્ય સ્વરલોકતણું લલામ
તું પારિજાત, પ્રિય! કોક હું કાંચનાર.

ઉત્તુંગ કો શિખરના હિમને પ્રપાત
જ્યારે બને કરણ શીતલ સ્વસ્થ શાન્ત;
કોઇ નિગૂઢ દ્યુતિનાં કિરણોથી કાન્ત
તું જૂઈ, ડોલર હું શ્વેત ધરંત ગાત્ર.

નીચે વિલોલ જલ નિર્મલ, ભૂમિ છન્ન,
મધ્યે સમીર અણદીઠ લહાય સ્પર્શે,
ને તેજ ને ગગન છત્ર સમાન શીર્ષે,
ત્યાં આપણે શતદલે વિકસેલ પદ્મ.



આ સત્ય આપણું જ આપણ સંગ ખેલી આનંદગુંજનની આણ જાય હેલી.


રાજેન્દ્ર શાહ

બ્રહ્મ તેજ ને વીર્યની ઉપાસના વડે ગુજરાતમાં શક્તિનું પ્રથમ આવાહન કરનાર અને ક્રાંતિની ભાવનાથી રંગાએલા મૂક દેશસેવક સ્વર્ગસ્થ

છોટુભાઇ પુરાણી

સ્વર્ગસ્થના લઘુબંધુ
શ્રી અંબાલાલ પુરાણી
તરફથી ખાસ લખાઇ આવેલા સંસ્મરણો,
સ્વર્ગસ્થના તર્પણદિને તેમણે લખી મોકલેલા પ્રવચન,
છોટુભાઇના એક વ્યાખ્યાન તથા બીજી સામગ્રી ઉપરથી

★



અવસાન પહેલાં ચારપાંચ દિવસ અગાઉ લીધેલો ફોટોગ્રાફ

આજથી ચુમાળીસ વરસ પહેલાં, જ્યારે ગુજરાતીઓ સામાન્યરીતે 'બીકણ બાજીખાઉ' ગણાતા, વ્યાપાર કે નોકરીમાં રત રહેલા ડાહ્યાડમરા ઠાવકા ગુજરાતીઓને વ્યાયામ શબ્દની યે પૂરી ગમ નહોતી, કુશ્તી તથા અંગકસરતો તો ગુંડાઓ કે સરકસના ખેલાડીઓ માટેનો હીણપતભર્યો વ્યવહાર ગણાતો, અને લંગોટ પહેરેલા ખુલ્લા દેહને અશિષ્ટ તથા બીભત્સ દૃશ્ય ગણી લોકો તેનો ઉપહાસ તથા વિરોધ કરતા, એવા સમયમાં, વડોદરામાં એક બ્રાહ્મણ તરુણ, કેવળ અંતરની અદમ્ય પ્રેરણાથી, કોઇની પણ સહાય વિના, અનેક નિરાશાઓ અને વિરોધોનો સામનો કરતો કરતો તાલીમ લઇ શી રીતે કસરતબાજ બન્યો હશે તેનો ખ્યાલ આજ ન આવી શકે. એ બધાંની પાછળ એના અંતરમાં એક જ તમન્ના અહોનિશ ઝણઝણતી રહેલી હતી : 'ગુજરાતના શિરે રહેલું બાયલાપણાનું કલંક ધોઇને તેના યુવાનોને ભારતમાતાની મુક્તિના વીર લડવૈયા હું બનાવીશ.' એ યુવાન તે ગઇ તા. ૨૨મી ડિસેમ્બર (૧૯૫૦)ના રોજ, ૬૬ વર્ષની વયે થએલા મૃત્યુની છેક છેલ્લી પળ સુધી દેશની જ ઉન્નતિનાં ચિંતન અને સેવામાં રત રહેનાર છોટુભાઈ પુરાણી—છોટાલાલ બાલકૃષ્ણ પુરાણી.

એમનું 'પુરાણીનું ઘર' ભરૂચની ભટ્ટમેવાડા જ્ઞાતિમાં પરાપૂર્વથી જ અતિ કુળવાન, શ્રીમંત, શિક્ષિત ને સંસ્કારી ગણાતું. તેમના વિખ્યાત 'ધીરજકાકા' તો ભરૂચના ગર્ભકવિ તરીકે જાણીતા છે. પિતા બાલકૃષ્ણ નરભેરામ પુરાણીએ સૌરાષ્ટ્રમાં જામનગરની અંગ્રેજી શાળાના પહેલા આસિસ્ટન્ટ માસ્તર તરીકે લાગટ ૨૩ વરસ સુધી કામ કરેલું. એમનાં પહેલાં પત્ની પરસનબાથી છોટુભાઇ અને જગન્નાથ બે પુત્રો; અને બીજાં પત્નીથી અંબુભાઈ--અંબાલાલ.

બાલકૃષ્ણ પુરાણી જીવનમાં શિસ્ત, વ્યવસ્થા અને નિયમિતતાના કડક આગ્રહી હતા, અને ઘરનાં માણસો પાસે પણ નિયમન પળાવવાની ચીવટ રાખતા. પોતાના કબાટમાંથી અંધારામાં પણ તે ધારેલી ચોપડી કાઢી શકતા. ઘરનાં માણસો જોડે ઝાઝી નકામી વાતચિત ન કરતાં મોટે ભાગે પોતાના ખંડમાં વાચનલેખનમાં જ રત રહેતા. ઘરના થાળી-વાટકા, લોટા-પ્યાલા વગેરે વાસણકુસણ તથા બીજો સરસામાન પણ તેની નિયત જગ્યાએ જ રહે તેની ચોંપ રાખતા. તેમનાં પગલાં થતાં જ આખા ઘરમાં શાંતિ, કાર્યરતતા અને વ્યવસ્થાનો સોપો પડી જતો. અને એમનું મૃત્યુ પણ એવું જ થયું. શાળામાં વર્ગમાં જઈ વિદ્યાર્થીઓને 'Open your lesson' એમ હજી પહેલું જ વાક્ય બોલ્યા, ત્યાં એમનો આત્મા ઊડી ગયો.

છોટુભાઇનો જન્મ એમના મોસાળ ડાકોરમાં, માતામહ રેવાશંકર જગન્નાથ જોશીને ત્યાં, ઈ. ૧૮૮૫ ની ૧૩મી જુલાઇના રોજ થયો હતો; અને માતા એમને પોણા બે વરસના જ મૂકીને ગુજરી જતાં આઠેક વરસની વય સુધીનો બાળપણનો ઉછેર પણ ત્યાં જ માતામહી ગંગામાની હૂંફમાં થએલો, જે દરમ્યાનનો મોટો ભાગ શિક્ષણને બદલે વિશેષ તો ખેલકૂદમાં વીતેલો. ૧૮૯૩માં પિતાની છાયામાં જામનગર ગયા પછીનો કાળ ચુસ્ત શિક્ષણમાં વીત્યો. જોકે ત્યાં પણ સૌરાષ્ટ્રના એ રૂપાળા ને રસીલા નગરનાં પ્રાચીન કારીગરીનાં સોહામણાં મંદિરો અને શહેર બહારની હરિયાળી વાડીઓ તથા કાઠિયાવાડની રળિયામણી ડુંગરાળ ધરતી ખૂંદવાનો નાદ તો ચાલુજ રહેલો. ત્યાંની જામ વિભાજી હાઈસ્કૂલમાંથી ઈ. ૧૯૦૦માં મૅટ્રિક પસાર કરીને તે અમદાવાદની ગુજરાત કૉલેજમાં દાખલ થયા. ત્યાં પ્રીવિયસના બીજા સત્રમાં પોતે હતા એવામાં જ પિતાનું અચાનક અવસાન થયું. કુટુંબની આર્થિક સ્થિતિ એ વખતે સારી ન હતી. પણ એમના ચારિત્ર્યશીલ પિતાની બાવીસ વરસની સેવા ધ્યાનમાં લઇને રાજ્યે છોટુભાઈને ૨૦ રૂપિયાની સ્કૉલરશિપ બાંધી આપી.

નાનપણથી જ રખડપાટ, ખેલકૂદ અને રમતગમતના રસિયા છોટુભાઈ સૌરાષ્ટ્રની ચાંદની રાતોમાં રમાતી આટાપાટા ને હુતુતુની રમતો લઈને કૉલેજમાં આવ્યા. ગુજરાતમાં એ બહુ પ્રચલિત ન હતી એટલે કૉલેજમાં તેઓ એ રમતો, તથા કૉલેજિયનોમાં જેનો સામાન્ય નાદ હોય છે તે ક્રિકેટ તથા ટેનીસ પણ ખૂબ રમતા. આમાં પ્રીવિયસ તો તેમણે પસાર કર્યું. પણ ઇન્ટરમીજિયેટના વર્ગમાં કૉલેજના બીજા પવનની થોડી અસર એમને થઇ કૉલેજમાં જાય તે લોકો કાંઇક બીજાઓથી ઉપરના વર્ગના પોતાને ગણતા. પૈસા પણ બીજાઓ કરતાં વધારે છૂટથી વાપરતા. જોકે આજની

સરખામણીમાં તે વખતે વિદ્યાર્થીઓ ઘણા વધારે સંયમી હતા; પણ છતાં કૉલેજમાં સૈંકડે પાંચથી દસ ટકા વિદ્યાર્થીઓ મોજમજા અને એશઆરામનું જીવન ગાળવા ઉપર વધારે ધ્યાન આપતા. એમાં એક વર્ષ છોટુભાઈ પણ સપડાયા હતા. ટેનીસ, ક્રિકેટ વગેરે રમતો રમવામાં અને મોજમજામાં વખત ગુમાવવાને લીધે તે ઇન્ટરમાં નાપાસ થયા. પણ આ ઠોકરથી તે તરત ચેતી ગયા, અને બીજે વર્ષે ગંભીર થઈને અભ્યાસ કરી ઇન્ટરમાં બીજા વર્ગમાં આવ્યા.

હવે પ્રાણીશાસ્ત્ર તથા વનસ્પતિશાસ્ત્રના વિષયો લેવાના હોઇ તે વડોદરા કૉલેજમાં દાખલ થયા. જુવાનીની નફિકરાઈ જઇને મન હવે સ્થિર, તથા પિતાના અવસાનથી પોતાપર આવેલ કુટુંબના ભારની ચિંતાવાળું બન્યું હતું, અને વડોદરા કૉલેજના એ કાળના પ્રેરણાદાયી પ્રોફેસર શ્રી અરવિંદ ઘોષના સંપર્કથી દેશદાઝના વિચારો સાથે, શરીરને નિશ્ચિત ધ્યેયસિદ્ધિ માટે કસવાની ભાવનાનો મનમાં ઉદય થયો હતો. એમાંથી એમની ભાવિ કારકિર્દીનો બીજ નિપાત કેમ થયો તે વિષે એમણે પોતે જ લખ્યું છે કે:

"ઇ. સ. ૧૯૦૩ સુધી હું ક્રિકેટ, ટેનીસ તથા બીજી દેશી રમતો રમતો. તેમાં સારી પ્રવીણતા પણ મેળવી હતી. મારું આરોગ્ય સારું હતું, પરંતુ બળ તથા શરીરવિકાસ સાધારણ હતાં. ૧૯૦૩ તથા ૧૯૦૪ એ બે વર્ષ મેં નિયમિત દંડ, બેઠક, દોડ ને લાંબું ફરવાનો ક્રમ રાખ્યો, અને પરિણામે બે જ વર્ષમાં મારા શરીરના બંધારણમાં તેમજ બળમાં બહુ વૃદ્ધિ થઈ. આથી દેશી પદ્ધતિના વ્યાયામ પર મારી ખૂબ શ્રદ્ધા બંધાઈ અને મને લાગ્યું કે કોઈ પણ યુવાન આવી જ રીતે નિયમિત કસરત કરી પોતાનું શરીર મજબૂત અને બળવાન બનાવી શકે. મારી જોડે ભણનાર વિદ્યાર્થીઓની શારીરિક નબળાઇ જોઇ મને બહુ લાગી આવતું. તેથી આ સમયે જ મેં મારા મનમાં સંકલ્પ કર્યો કે જ્યારે હું જિંદગીમાં સ્થિર થઈશ ત્યારે ગુજરાતના યુવાનોની શારીરિક નબળાઈ દૂર કરવાનો યત્ન કરીશ."

વડોદરા કૉલેજમાં શ્રી ચીમનલાલ કલાર્ક, શ્રી છોટાભાઈ સુતરિયા, શ્રી વામનરાવ નિકતે, ડૉ. પંડ્યા, શ્રી જમશેદ મીમી, શ્રી કનૈયાલાલ મુનશી વગેરે એમના સહવિદ્યાર્થીઓ હતા. વ્યાયામનો પણ સવિશેષ શૉખ એમને બી. એ. ના અભ્યાસ દરમિયાન જ લાગ્યો, અને સરદાર મજમુદાર, કૅપ્ટન કાળે, બર્વે, વગેરે મહારાષ્ટ્રીય તથા શ્રી અમૃતલાલ દવે, શ્રી અંબાલાલ મૌલા વગેરે કસરતી જુવાનોની સોબતથી એ શૉખને પોષણ મળ્યું અને એમણે શરીરને મજબૂત બનાવ્યું. આ સાથે દોડવાનો, ફરવાનો, વડોદરાની આજુબાજુ લાંબા પગપાળા પ્રવાસો ખેડવાનો તથા મુસાફરી કરવાનો શૉખ પણ એમણે કેળવ્યો હતો. કૉલેજ-જીવનમાં સાહસ અને હિંમતના પ્રસંગો પણ એમણે ઘણા સેવ્યા હતા, અને નિર્દોષ તોફાન ને મશ્કરી પ્રાણના મોજાં પ્રસારનાર એમના જીવનનો એક ભાગ બની ગયાં હતાં. એનો ખ્યાલ આપતા બેએક પ્રસંગો નોંધવા જેવા છે.

અમદાવાદના પંડિત કુટુંબમાંથી શ્રી યશવંત ગણેશ પંડિત સાથે છોટુભાઇને ગુજરાત કૉલેજમાં હતા ત્યારની દોસ્તી થઇ હતી. યુવાવસ્થામાં યશવંત પંડિત ઘણા હિંમતબાજ અને તાલીમબાજ પણ હતા. એક વાર એમની સાથે રેલવે સ્ટેશન પર જતા એક ડબ્બામાં એક ગોરો સોલ્જર કોઇને અંદર બેસવા દેતો ન હતો. એ એમણે જોયું, એટલે યશવંતે ત્યાં જઇને બારણાંનો હૅન્ડલ પકડીને ઉઘાડવા પ્રયત્ન કર્યો. પેલા ગોરાએ બારણાને અંદરથી સામે ખેંચી રાખવા જોર કર્યું. પણ ત્યાં તો યશવંતે એટલા તો જોરથી આંચકો માર્યો કે બારણું તો ઉઘડી ગયું, પણ સાથે સોલ્જર પણ બહાર ખેંચાઈ આવ્યો! એ આખૂળ કાંઈ બોલવા જતો હતો પણ તે પહેલાં તો યશવંતે એને હાથ બતાવી દીધો એટલે વાત એટલેથી પતી. ને જમાનામાં એક ગોરા સૈનિક સાથે આ પ્રકારનું વર્તન સામાન્ય ન હતું. જીવનમાં કસરતની, હિંમતની અને અન્યાય સામે થવાની જરૂર આવા પ્રસંગો પરથી છોટુભાઈના મન ઉપર અંકિત થઈ હતી.

વડોદરા કૉલેજમાં હતા ત્યારે છોટુભાઇ લગભગ આખું વર્ષ બદામ ને દૂધ લેતા. બદામ એમના ટેબલના ખાનામાં પડી જ રહેતી. એમણે એક વખત જોયું કે બદામનું પ્રમાણ ઘણું ઘટી ગયું છે. નોકર કે બીજું કોઇ એમાંથી લેતું હોવું જોઈએ એમ ધારીને એમણે થોડા દિવસ નજર રાખી, તો ખબર પડી કે કૉલેજના જ એક બિરાદર, જ્યારે છોટુભાઈ નહાવા કે એવા કોઈ કામ માટે બહાર જાય ત્યારે આવીને મુઠ્ઠી ભરીને ખાઈ લેતા. આ પ્રકારનું વર્તન તે જમાનામાં વિરલ હતું. તેથી કશું કહેવું એ પણ સારું ન ગણાય. એટલે છોટુભાઈએ એક યુક્તિ કરી. એક વખત એ જ ખાનામાં વીણીવીણીને એકલી કડવી બદામો ભરી, અને પોતે જાણે નહાવા માટે ગયા. રિવાજ પ્રમાણે પેલા ભાઈએ આવીને મુઠ્ઠી ભરીને ખાધી, કે તરત જ 'થુ થુ' કરતા બહાર આવ્યા. ત્યાં બાજુમાંથી નીકળીને છોટુભાઈએ કહ્યું, 'રોજરોજ મિઠ્ઠી બદામ હોય તો કોઈ દિવસ કડવી પણ હોય ને?'

વ્યાયામ, પર્યટનો અને પ્રફુલ્લ પ્રાણ પ્રકટાવતા આવા જીવન તથા દેશભક્તિની ભાવનાથી ભરેલા હૃદય સાથે અભ્યાસ કરીને એ બી.એ.ની પરીક્ષામાં બીજા વર્ગમાં પાસ થયા અને વનસ્પતિશાસ્ત્રના વિષયમાં તો આખી યુનિવર્સિટીમાં પ્રથમ આવી 'વાસુદેવ નારાયણ પ્રાઈઝ' મેળવ્યું. પછી એમ. એ. માટે તે મુંબાઇની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગયા. ત્યાંનું પાણી ખાસ માફક તો ન આવ્યું, છતાં એમ. એ. ની પરીક્ષા પણ એમણે બીજા વર્ગમાં પસાર કરી, અને વડોદરા રાજ્યનાં રાજબાળકોની શાળામાં થોડા મહિના રહીને પછી તે કળાભવનમાં શિક્ષક તરીકે જોડાયા. આ વખતે ભરૂચમાં અમારા વડીલ કાકા ધીરજરામે એમને રાષ્ટ્રવાદથી ચળાવવા ઘણા પ્રયાસો કરેલા. તે વેળા રામચંદ્ર ઈચ્છારામ વ્યાસ કરીને ભરૂચમાં એક મૅજિસ્ટ્રેટ હતા. તે ધીરજકાકાના બહુ ગાઢ મિત્ર હતા. એમની જોડે દિવસો સુધી ગરમાગરમ ચર્ચા થતી. પણ આખરે છોટુભાઇએ પોતાનો આગ્રહ છોડ્યો નહિ. વર્ષો પછી જ્યારે છોટુભાઈ દેશનું કામ જાહેર રીતે કરતા હતા ત્યારે રામચંદ્રકાકા પેન્શન લઇને ભરૂચમાં જ રહ્યા હતા. એ વખતે એ છોટુભાઇ માટે કહેતા કે 'પહેલેથી જ મેં ધીરજભાઇને કહેલું કે એ પરાક્રમી થવાનો છે.'

એ વખતે લૉર્ડ કર્ઝને પૂર્વ બંગાળના બહુમતિ મુસ્લિમો અને



સ્વ. છોટુભાઇ ગ્રૅજ્યુએટ થયા ત્યારે



સ્વ. છોટુભાઈ ઈ. ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહ પછી

પશ્ચિમ બંગાળના બહુમતિ હિંદુઓ વચ્ચે ફાટફૂટ પડાવવાના હેતુથી બંગાળના પૂર્વ અને પશ્ચિમ એવા બે ભાગ પાડવાની જાહેરાત કરી હતી, એથી આખા દેશમાં પ્રચંડ વિરોધનો જબ્બર વંટોળ ઊઠ્યો. સન ૧૯૦૪થી ૧૯૧૦ સુધીના બંગભંગની એ ચળવળનો કાળ હિંદના ઇતિહાસમાં સ્વતંત્રતાના પહેલા જુવાળ તરીકે ચિરંજીવ રહેશે. એ પહેલા જુવાળમાં દેશનું માનસ જે ચરમ સીમાએ ઉત્તેજિત થયું હતું તેને ત્યાર પછીની કોઇ ભરતી પહોંચી શકી નથી. ખરું છે કે એ જુવાળ સાથે એ સીમા સુધી જનાર જનસંખ્યા ઘણી ઓછી હતી. પણ ત્યાં સુધી પહોંચવાનું જેમનું સદ્‌ભાગ્ય હતું તેમાંના ઘણા પોતાના જીવનને ધન્ય કરી ગયા છે. તે અરસામા જ્યારે 'અંગ્રેજ સરકારનું રાજ અમર તપો' એમ હિંદી પ્રજાનો મોટો ભાગ કહેતો હતો અને વાંછતો હતો તે સમયે, પીઢ ગણાતા રાજકીય નેતાઓના વિચારોની અને કાર્યપદ્ધતિની સામે થઇને, દેશને રાજકીય સુધારા જ માત્ર નહિ પણ 'મુકમ્મિલ આઝાદી'—સંપૂર્ણ સ્વતંત્રતા એના જન્મસિદ્ધ હક્ક તરીકે મળવી જોઈએ,—ના, મળવી જોઇએ નહિ, હિંદીઓએ પોતે તેને સર કરવી જોઇએ, એવો આગ્રહ સેવનારા માણસો કેવા માનસિક જગતમાં જીવતા હશે એની કલ્પના આજે આવવી મુશ્કેલ છે. તે વખતે સરકાર દુશ્મન હતી; નેતાઓ ડરપોક હતા. પણ દેશ, એની આબરૂ, એનું ગૌરવ, એની સ્વતંત્રતા એકેએક દેશભક્તના દિલમાં હતાં. નોકરી કરતાં, કુટુંબનું પોષણ કરવા માટે ફાંફાં મારતાં એક જ લગની લાગેલી રહેતી: 'આ તો ખરું, પણ દેશનું શું? હિંદને સ્વતંત્ર કોણ કરશે? માતાની બેડીઓ કોણ તોડશે?' આમ, એ સમયના દેશભક્તિવાળા માણસો બહારથી બીચારા ગમે તે કરતા, પણ એમના અંતરમાં આ ભાવનાનો દીપ સતત જાગ્રત રહેતો. બહારનો ત્યાગ કરવાની પરિસ્થિતિ તો ત્યાર પછી ઊભી થઈ. પણ એ કાળના લોકો અત્યાગી જેવા રહીને પણ ત્યાગી હતા.

આ બધા ઘમસાણમાંથી દૂર રહે એવો એ વખતનો વિદ્યાર્થીવર્ગ નહોતો. કાંઈનહિ તો માનસિક મંથન તો સમગ્ર દેશના માનસમાં થઇ રહ્યું હતું. અને તેમાં સૂરતની ૧૯૦૭ની કૉંગ્રેસમાં મવાળ અને રાષ્ટ્રીય પક્ષ (ફિરોઝશાહ મહેતા, ગોખલે વગેરેના વર્ગ અને તિલક વગેરેના વર્ગ) વચ્ચે ભંગાણ પડ્યું.

છોટુભાઈ વડોદરા કૉલેજમાં હતા તે વખતે શ્રી અરવિંદ અંગ્રેજી ભાષાના અધ્યાપક હતા એટલે તેમના સંબંધમાં તો છોટુભાઇ આવ્યા જ હતા. પરંતુ ૧૯૦૬માં શ્રી અરવિંદે બંગભંગની લડતમાં જોડાવા માટે જ્યારે કૉલેજમાંથી વગર પગારે રજા લઇને ખુલ્લીરીતે રાષ્ટ્રીય ચળવળમાં ઝંપલાવ્યું ત્યારે છોટુભાઇના મનમાં શ્રી અરવિંદ વિષે ઘણું માન થયું. એમ તો શ્રી અરવિંદ ૧૯૦૦થી રાષ્ટ્રવાદી જ હતા. અને અભિપ્રાયે તો તેઓ તે વખતની કૉંગ્રેસથી એટલા આગળ હતા કે ૧૮૯૬માં એમણે 'ઇંદુ-પ્રકાશ' પત્રમાં જે લેખો લખ્યા હતા તેથી મુંબાઈના કૉંગ્રેસી નેતાઓમાં ખળભળાટ થયો હતો. ૧૯૦૦ની સાલથી તો શ્રી અરવિંદ રીતસર રાજકીય ચળવળનો અભ્યાસ કરીને પોતાના અભિપ્રાયો મિત્રોને જણાવતા ને ક્રાંતિની ચળવળનાં બીજ નાખવા માટે દર વૅકેશનમાં બંગાળ જતા.

એટલે જ્યારે ૧૯૦૭માં સૂરતની કૉંગ્રેસ ભાંગ્યા પછી શ્રી અરવિંદ સીધા વડોદરે આવ્યા ત્યારે શ્રી છોટુભાઇએ તેમને મળવાની પહેલી તક સાધી ને પોતાના અંતરમાં જલતી દેશભક્તિની ધગશને કયે રસ્તે વાળવી, દેશને મુક્ત કરવા માટે કેવી યોજના કરવી વગેરે વિષે વાતચિત કરવાને એમણે, શ્રી અરવિંદ વારસિયા તળાવને રસ્તે એક મકાનમાં ઊતર્યા હતા ત્યાં તેમની ખાનગી મુલાકાત લીધી. એમાં શ્રી અરવિંદે સ્વહસ્તે એમને, દેશને માટે કાર્યકર્તાઓ અને ક્રાંતિ કરનારા જુવાનો ઉત્પન્ન કરવાની એક ક્રાંતિકારી મંડળની યોજના પેન્સિલથી એક કાગળ ઉપર આલેખી સમજાવી. તેમાં ત્રણ વર્તુલોમાં કાર્યકરોના સમૂહો રચવાનું આલેખન હતું. એમાં પહેલા વર્તુલમાં ચળવળનું બાહ્ય સ્વરૂપ (પછી તે કેળવણી, આર્થિક, સહકારી પ્રવૃત્તિ, સાહિત્યસેવા, ધાર્મિક કે સમાજસેવા ગમે તે હોઈ શકે) હતું; તેનાથી વધારે નાનું વર્તુલ, ભ.વિમાં કાર્યકર્તાઓ થઈ શકે તેવા તથા અમુક કસોટીઓ પાર કરે તેવાઓનું હતું; અને ત્રીજું એનાથી પણ ઓછા, ઘણી આકરી કસોટીઓ પાર કરનારાઓનું તદ્દન અંતરંગ મંડળ હતું. એમ ત્રણ મંડળો એકસામટાં સંગઠિત કરવાનો ખ્યાલ હતો. આ ઉપરાંત ક્રાંતિનું સાહિત્ય ક્રમે ક્રમે વાંચવાની તથા તેનો પ્રચાર અને વિકાસ કરવાની યોજના હતી. વધારામાં શ્રી અરવિંદે પોતાના ભાઇ વારીન્દ્રકુમાર ઘોષને (જે પાછળથી ક્રાન્તિકારી બૉમ્બ ચળવળમાં પકડાઈ દેશનિકાલ થએલા તેમને) મળવાનું કહ્યું. છોટુભાઇના અંતરમાં તે યોજના બરાબર બેઠી, અને વારીન્દ્ર વડોદરે આવતાં તેમને પણ તે મળ્યા. ત્રણ દિવસ સુધી રોજ નવ નવ કલાક સુધી વાતો થઇ. વિશ્વામિત્રી સ્ટેશન તથા વડોદરા સ્ટેશન વચ્ચેના રેલવેના પાટા પાસે તેઓ ફરતા અને દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરવાની યોજનાઓની ચર્ચા કરતા, જેમાં બંગાળની ત્રાસવાદી તથા ભૂગર્ભ પ્રવૃત્તિઓની માહિતી પણ હતી. તેમજ બૉમ્બ બનાવવાની ફૉર્મ્યુલા પણ બતાવેલી. એ બધી મુલાકાતોને અંતે જ્યારે વારીન્દ્રકુમારે એમની પાસેથી વચન માગ્યું કે તેઓ ક્રાંતિકારી ચળવળ કરશે જ ત્યારે છોટુભાઇએ, ગુજરાતની વ્યવહારુતા અને આદર્શની તમન્ના સાથે મેળ લઈ શકે તેટલું તોળીને જ વચન આપવું જોઇએ એમ વિચારી, એમને કહ્યું કે 'હું ક્રાંતિ કરનાર દળ (અનુ૦ પૃ. ૫૫મે)

પ્રેમ અને ક્રોધની સંયુક્ત સ્મૃતિ સાચવતો

તુલસીક્યારો

શ્રી રણજીત દેસાઇની વાર્તા ઉપરથી
અનુવાદક **સુમતિ ર. દલાલ**



નંદાની સાથે ગેલ કરતાં કરતાં તેણે કહ્યું. 'અમે કાંઇ તમારી પાસે નવું શેલું નથી માગતા, કેમ નંદા!'

અશોકે આજસુધીમાં અનેક શિકારીઓની મુલાકાતો લીધી હતી. મોઠા ભાગના શિકારીઓ 'ખાનદાન' કુંટુંબના નબીરા હોવાને કારણે એમના ચિત્રવિચિત્ર સ્વભાવને પંપાળી પંપાળીને કામ કઢાવતાં એને નાકે દમ આવી જતો. આજ પણ એ જે ખાનદાન શિકારીની મુલાકાત લેવાનો હતો, એ ઉમરગામના માનસિંહરાવની વાહવાહ તો એણે ઘણાને મોંએ સાંભળી હતી. કોઈએ એમને માટે ખરાબ મત નહોતો આપ્યો એ ય ખરું. તો યે એના મનમાં એ જ વિચારો ચાલતા હતા.

જંગલનો છેડો આવ્યો. મસ્ત ચાંદનીના પ્રકાશમાં ઉમરગામ સ્પષ્ટ દેખાતું હતું. ઉઘાડાંપુઘાડાં ને છાણસાંઠીનાં સપાટ છાપરાંવાળાં ઘર, ઈનામદારનો વાડો, અને સારા યે ગામને લપેટાઇને વહેતી નાગમોડી નદીના મંદ પ્રવાહનો આછો ખળખળાટ પણ સંભળાતો હતો. એણે ઝડપથી પગ ઉપાડયાં.

ગામની બરોબર વચ્ચે આવેલા એક વાડાના બારણે એ પહોંચ્યો. પગીએ દેવડીના બારણે બેઠેલા ચોકીદારને સંદેશો દીધો. થોડી જ વારમાં એક ખારસી ઊંચી વ્યક્તિ, ચોકીદારે ધરી રાખેલા ફાનસના અજવાળે, અશોક ઊભો હતો તે બાજુ ઝપઝપ પગલાં ભરતી આવી. અશોકે નમસ્કાર કરતાં જ એ આતુરતાથી આગળ આવીને બોલ્યા, 'આવી ગયા? સારું થયું.'

એમણે એનો હાથ ઝાલીને અંદર દોર્યો. ગરમ પાણીથી હાથપગ ધોયા પછી એ ગપ્પાં મારતા બેઠા. માનસિંહરાવનો ચહેરો રુઆબદાર હતો. એમની એ મોટેથી હસવાની ટેવ, ગોળ તકિયા પર લેટીને બેસવાની આદત, અને ભરાવદાર ગાલ પરની મૂછો પર વારંવાર હાથ ફેરવ્યા કરવાની રીતથી એમનો રુઆબ તરી આવતો.

અશોક સવારે ઊઠયો તે વખતે એક ઘરડો નોકર એની તહેનાતમાં ઊભો હતો. એ હાથ ધોતી વખતે પાણી રેડતો હતો તે વખતે અશોકે એને પૂછ્યું, 'કેમ ભાઇ, રાતે શાની ગરબડ થઇ હતી?'

એ પ્રશ્નથી તે જરા ચમકયો. ડોકું હલાવીને એણે કહ્યું, 'હં ત્યારે! તમે ઇ ટાણે જાગતા'તા? શિયાળવાની લારી સાંભળી કે બાપુ એવા તો ભડકે છે! ને પછી ઊંઘ કેવી ને વાત કેવી... મોટાં બા સાહેબ ગ્યાં ઇ ટાણે ય તે શિયાળવે આવી લારી કરી'તી, ને નંદા...'

ત્યાં તો માનસિંહરાવ અંદર આવીને બોલ્યા, 'કેમ છો પરોણા! કેવીક ઊંઘ આવી? ચાલો ચા પીવા!' ને તેઓ બહાર નીકળી પડ્યા.

બપોરે જમવાનું પતાવી તેઓ શિકારખાનામાં જ બેઠા. અશોકે પૂછ્યું, 'હાલ છેલ્લો છેલ્લો તમે શાનો શિકાર કર્યો?'

'ખરું કહું? તમે પહેલો જ પ્રશ્ન આ ન પૂછ્યો હોત તો સારુ થાત. છેલ્લાં સાત વર્ષથી મેં બંદૂકને હાથ સુદ્ધાં નથી લગાડયો.'

'પણ મેં તો સાંભળ્યું હતું કે આપને શિકારનો એટલો બધો શૉખ હતો કે કેટલી યે વેળા પીરસેલાં ભાણાં બાજુ ઠેલીને આપ શિકારને માટે દોડી ગયા હતા, તો પછી છેલ્લાં સાત વર્ષ સુધી...'

'હા, હતો મને એનો એટલો બધો નશો.' માનસિંહરાવે કહ્યું. 'અને શિકાર સિવાય મને બીજું કાંઈ સૂઝતું યે નહિ એ વાત પણ ખરી છે. પણ છોડી દીધું એ બધું! થયું, શા માટે પાપનાં પોટલાં બાંધવાં? કેમ ખરું ને?' હમેશની ટેવ પ્રમાણે તેમણે કહ્યું.

'ના! ખરું નથી.' અશોક તરત જ બોલી ગયો, 'જુઓ બાપુ, આ મુલાકાતો મારે માટે નવી નથી. આજ દિ' સુધીમાં મેં કેટલા યે શિકારીઓની મુલાકાતો લીધી છે. એમ સહેલાઈથી આપ મને સમજાવી દઈ નહિ શકો.'

'વારુ, ત્યારે! કહું તમને એ' થોડી મિનિટો સુધી એ બાજુમાં પડેલા મૃગચર્મ ઉપર હાથ ફેરવતા રહ્યા. પછી એમણે પાસેના ચોકમાંના તુળસીક્યારા તરફ નજર નાખી અને શરૂઆત કરી:

'આ પેલા તુલસી ક્યારાની વાત છે! સાત વર્ષ પહેલાં એ ત્યાં નહોતો. એ દિવસોમાં શિકાર એ જ મારું જીવન હતું. મારાં પોતાનાં જ ત્રણ તો ઈનામી જંગલો હતાં, મારા નિશાન વિષે લોક આશ્ચર્ય વ્યક્ત કરતા! પણ તમે જ વિચાર કરો કે એમાં કૌતુકાસ્પદ એવું તે શું છે વળી? જેની ઉંમરના આઠમા જ વર્ષથી બંદૂક અને કારતુસ એ જ મુખ્ય રમતનાં સાધનો હોય, એની પચાસ વર્ષની ઉંમરે એ માણસ જો સારો શિકારી બને તો એમાં નવાઈ જેવું શું હોઈ શકે?

મારી પાસે અનેક શિકારીઓ આવતા. એવી જ રીતે એક વાર મારા ચાર મિત્રો આવ્યા હતા. અમે શિકારનો કાર્યક્રમ ઘડયો. વ-

૧૧ પશ્ચિમોત્તાન આસન



આ આસનમાં પશ્ચિમના એટલે પીઠના પાછળના સ્નાયુઓ ખેંચાય છે માટે એને પશ્ચિમોત્તાન આસન કહે છે.

પાથરણા પર પગ લાંબા કરીને બેસો. બંને પગ પાસેપાસે અને આંગળાં ઊંચે રહે એમ રાખો. હવે વાંકા વળો અને જમણા પગનો અંગૂઠો જમણા હાથની આંગળીઓ વડે ને ડાબા પગનો ડાબા હાથની આંગળીઓ વડે પકડો, પછી અંગૂઠાને આંગળી વડે ખેંચો, ને આખા પગ જમીનને બરોબર ચોંટીને રહે એ પ્રમાણે આસન જમાવો.

હવે થોડો શ્વાસ કાઢો અને કમ્મરમાંથી વળીને, છાતીને જાંઘ ઉપર અને મોંને ઢીંચણ ઉપર મૂકો. આખું શરીર જાણે કમ્મરમાંથી ચપ્પટ બેવડું વળ્યું હોય એવો આકાર થઈ જશે. હવે, બને તો કોણીને જમીન પર મૂકવાનો યત્ન કરો. આ બધું કરતાં ઢીંચણ જરા પણ ઊંચા ન થઈ જાય તે ખાસ જુઓ. જોકે શરૂઆતમાં ઢીંચણ ઊંચા થઈ જ જશે. પણ એથી નાસિપાસ ન થતાં જો પ્રયત્ન ચાલુ રાખશો તો થોડા જ દિવસમાં આસન બરોબર ફાવી જશે.

મોટી ઉંમરના અથવા જાડા કે મોટી ફાંદવાળા માણસો શરૂઆતમાં અંગૂઠા પકડી શકશે નહિ. એમણે એ પ્રત્યન છોડી દેવો, પણ શરૂઆતમાં પગની ઘૂંટીને અડકવાનો પ્રયત્ન કરવો; અને તે પણ ન બને તો ઢીંચણ અથવા જાંઘને અડકીને શરૂઆત કરવી ને ધીમેધીમે આગળ વધવું. પ્રયત્ન નિયમિતરીતે અને દરરોજ, બનતાં સુધી એક જ સમયે, કરવો.

આસન બરોબર આવડે પછી ૧૦ સેકન્ડથી શરૂ કરીએક મિનિટ સુધી રાખવું. જેની કરોડ બરાબર વળતી ન હોય તેણે આ આસનનો સમય વધારવા કરતાં તેને વધારે વાર કરવાનો પ્રયત્ન કરવો.

આ આસનથી કમ્મરનો દુખાવો મટે છે અને ચરબી ઘટે છે. જ્ઞાનતંતુઓને તથા કરોડને એનાંથી ખૂબ ફાયદો થાય છે. સાયેટિકા ફરીથી થતો આનાથી અટકાવી શકાય છે અને વીર્યસ્તંભન સાધી શકાય છે. આ આસનથી ઊંચાઈ પણ વધે છે.

કબજિયાતવાળા લોકોએ આ આસન લાંબો વખત સુધી ન કરવું.

દાસુભાઇ શુકલ

વહેલી સવારથી અમે લોકો પગ ઘસડતા હતા, તોયે એક પણ બાર ન થઇ શકયો. સાથેના માણસો પણ કંટાળ્યા હતા. એમાં પાછી જતા ચોમાસાના વરસાદે એક જબરી ઝીંક બોલાવી એમાં અમે બધાં સપડાયાં. અને છેક સાંજના વખતે અમે છેલ્લા મુકામે બેઠા. પગેરાં કાઢવાની શરૂઆત કરી.

ડૂબતા સૂર્યનાં લાલચોળ કિરણોથી સારૂં યે વન ઉજાસ મારતું હતું. ભીંજાએલી જમીન પણ સુકાઈ ગઈ હતી, તોયે ભીનાં વૃક્ષોનાં પાન પરથી કોઇકોઈ ટીપાં હજુ પડતાં હતાં. અમારે વધુ વખત બેસી રહેવું ના પડયું. થોડી વાર પણ નહોતી થઈ ત્યાં ચિતળોનું એક ટોળું છેક અમારા પડાવ પાસે થઇને ડુંગર પર ચડતું જણાયું. મેં જાણી જોઈને જ બાર ન કર્યો. થયું કે એ ટોળું ઉપર જ જાય છે તો ભલે ઉપર બેઠેલા લોકોને શિકારનો મોકો મળે.

એ દોડતા જતા ચિતળોના ટોળાની પાછળ એક માદા પણ દોડી જતી હતી. તેની સાથે એક નાનું સરખું બચ્ચું હતું. હજુ ખૂબ જ નાનું હોવાને કારણે તેનાથી એ ટોળાની સાથેસાથે દોડી શકાતું નહોતું. અને તે માદા પણ અપત્યપ્રેમને કારણે એ બચ્ચાને પાછળ મૂકીને દોડી શકતી નહોતી. એટલામાં ડુંગર પરથી કોઈએ બાર કર્યો. બારને કારણે એ માદાની હાબરી બાવરી નજર અને નાસી છૂટવાની ઘડપકડ ચોકખી દેખાતાં હતાં. પાછળ આવતા બચ્ચાને પોતાના મોંથી ધક્કેલતી એ ઝડપ વધારવાનો પ્રયત્ન કરતી હતી. ત્યાં જ કોઇએ એ માદાને ગોળી મારી દીધી. અત્યાર સુધી ચૂકતાં આવેલાં એ નિશાનબાજનાં નિશાનમાંથી આ નિશાન સાવ સચોટ વાગ્યું, અને માદા જમીનપર પટકાઈ પડી. માને અચાનક પડેલી જોઈને એ બચ્ચું થોડી વાર તો જરા મુંઝાયું, પણ પછી એણે પાસેના એક પત્થર પરથી નીચે ઠેકડો માર્યો. અગાઉથી જ વરસાદના પાણીથી ભીંજાએલા એ પત્થર પરથી એનો પગ લસર્યો, અને એ પણ જમીનપર પટકાઇ પડયું. એ ઊઠવા જાય છે ત્યાં જેણે એની માને વીંધી હતી તેણે જ એનો પગ પકડી લીધો, ને એ એના હાથમાં આવી ગયું. આવાં બચ્ચાં કોઇક જ વાર હાથ આવે છે.

માદા પડી તેથી કે એ બચ્ચું પકડાઈ ગયું એને કારણે મને કોઇ અસર થઈ એવું નથી. એમાં મારે માટે નવું કશું જ નહોતું. જાણ્યે અજાણ્યે કેટલી યે વાર હું આવા પ્રસંગોમાંથી પસાર થઈ ગયો છું. અમે તો બધા પેલા શિકારીની મજાક ઉડાવતા હતા, કારણ ઉત્તમ શિકારીઓ કદી માદા ઉપર બાર નથી કરતા. પણ એ તો શિકાર થયો એટલામાં જ આનંદ માનતો હતો. મને તો એ બચ્ચાને જોતાં જ મારી પત્ની યાદ આવી. અગાઉ એક વખત તેણે ચિતળનું બચ્ચું પાળવાની ઈચ્છા મને કહી હતી. મને તરત જ થયું કે તેને આ બચ્ચું આપીને ખુશ કરી શકાશે. મેં એ લઈ લીધું ને એક માણસને સોંપીને એને અમારા વાડામાં પહોંચાડવા કહ્યું.

શરૂઆતમાં તો હું એ બચ્ચાને બહુ બોલાવતો નહિ. પણ તેને કોણ જાણે એ બચ્ચાની ખૂબ જ લગની લાગી હતી. તે પોતાને હાથે એ બચ્ચાને બાટલીમાંથી દૂધ પીવરાવતી. એનું નામ તેણે નંદો રાખ્યું હતું. અને એ બચ્ચાને પણ એટલી જ માયા લાગી હતી. એ પણ કાયમ તેની જ પૂંઠે ફર્યા કરતું. અમારે કાંઈ બાળગોપાળ નહોતાં અને નંદાએ જ તેની એ પ્યાસને છિપાવી. તેના બાળકનુંજ સ્થાન એણે મેળવી લીધું. મજાની વાત તો એ હતી કે નંદાના આવ્યા પછી એને ઓધાણ રહ્યું, અને આજે તો મારો મોટો દીકરો આઠ વર્ષનો છે.

હું પૂજા કરતો હોઉં ત્યારે જ્યાં હોય ત્યાંથી એ મારી પાસે આવે અને મારા મોંને ચાટવા માંડે. મારી નજર સામે જ એ દેવને ચડાવેલાં ફૂલ-તુલસી ખાય, પણ એના ઉપર હાથ ઉગામવાની મારી કદી હીંમત નહોતી થતી. આ ઘરમાં એનો મોભો પૂરેપૂરો જાળવવામાં આવતો. તે જ્યારે કોઠીમાંથી અનાજ કાઢતી હોય ત્યારે પણ એનો અધિકાર રહેતો : કોઇ પણ માટલામાં મોં નાખીને એને ખાવાની છૂટ હતી. પછી એ માટલું દાળનું હોય કે કઠોળનું હોય કે એમાં રોજના વપરાશનો લોટ હોય. કેટલી યે વાર દેવની મૂર્તિ યે એનાં

ફુલ-તુલસી ખાવાને કારણે બહાર આવીને પડી હોય! હું પછી ગમે તેટલી બૂમો મારું, ખિજવાઉં, પણ સૌને જ ખબર હતી કે એ બધાંનો કશો જ અર્થ નહોતો. ઉલટાનું નાના છોકરાંનાં ગસ્તી તોફાનને મા-બાપ જે કૌતુકથી જુએ એવો જ એનો અર્થ થતો. અરે, એટલી હદ સુધી કે સારાં કપડાં પણ એના દેખતાં બહાર ન કાઢી શકાતાં. એક વખતની વાત છે. તેણે પોતાનું શેલું બહાર કાઢ્યું હતું. એ વખતે સૌની નજર ચૂકવીને નંદાએ એ શેલું ચાવી ખાધું અને એમાં મોટાં મોટાં ભગદાળાં પાડચાં! તેણે પોતે તો એ વિષે મને કશું જ કહ્યું નહિ, પણ વાત ફરતી ફરતી મારા કાને આવી, અને હું તેને એ વિષે કાંઈ કહું એ પહેલાં જ તેણે નંદાની સાથે ગેલ કરતાં કરતાં કહ્યું. 'અમે કાંઈ તમારી પાસે નવું શેલું નથી માંગતા, કેમ નંદા!' અને એમ કહીને તેણે નંદાને ગળે વળગીને એને વહાલ કરવા માંડ્યુ. નંદો એનું મોં ચાટતો હતો.

નંદો જેમજેમ મોટો થતો ગયો તેમતેમ એની ઘેરા બદામી રંગની ચામડી પરનાં સફેદ ટપકાં ખૂબ જ મોટાં ને સુંદર દેખાવા માંડ્યાં હતાં. એની સુંદર આંખો તો કોઈને પણ મોહીની લગાડવા માટે પૂરતી હતી. એના માથા પર બે મજાનાં નાનાં નાનાં શીંગડાં પણ દેખાવા લાગ્યાં હતાં. કશોક પણ અવાજ થયો કે તરત એની આંખો એ અવાજનું કારણ શોધવા લાગી જતી. સહેજ બાવરી આંખો, અને ઊંચા કાન, પછી ત્રણ પગ ઉપર ઊભો રહી, એક પગ સહેજ ઊંચો કરીને એ આમતેમ ચારે બાજુ નજર ફેરવતો. એ વખતની એની અદા કોઈ ઔર જ જાતની રહેતી. હું સદરાના ખિસ્સામાંથી પાન કાઢીને ચાવતો બેઠો હોઉં કે એ આવીને મારી સાથે તોફાન મસ્તી કર્યા કરે. એને નાગરવેલનાં પાન ખૂબ જ ભાવતાં. પણ એવે વખતે જ્યાં અંદરથી બૂમ આવી કે 'નંદા!' તો પછી એને કશું જ બીજું ભાન રહેતું નહિ. જ્યાં ફાવે ત્યાં કૂદકા ભરીને એ સીધો જ તેની પાસે અંદર જઈ પહોંચતો. કેટલીક વાર તો એ મારી સાથે મેળામાં યે આવતો. મારી સાથે ઉપર માળ ઉપર પણ આવતો. એક વખત હું એને માટે શહેરમાંથી ચાંદીનો એક ટોકરો લાવ્યો હતો. એના ગળામાં એક ચામડાના પટામાં એને ગૂંથીને મેં પહેરાવ્યો. એની ભરાવદાર ગરદનમાં એને કારણે સળ ના પડે એટલા માટે જાણી જોઈને તે ખૂબ ઢીલો બાંધ્યો હતો. ગળામાં પટો ઝૂલતો અને ગજાનો રણકાર કરતો એ વાડામાં ફરતો. એને પણ એમાં મજા પડતી.

એક વખત હું દિશાએ જતો હતો. મને તો ખ્યાલ સુદ્ધાં નહિ કે નંદો મારી પાછળ આવતો હશે. એ બજારનો દિવસ હતો. હું ભાગોળે હજુ તો પહોંચ્યો યે નહોતો ત્યાં મારા કાને કૂતરાંના ભસવાનો અવાજ આવ્યો. મેં પાછળ ફરીને જોયું તો મારા હૃદયનું પાણી પાણી થઈ ગયું. નંદો બેફામ દોડ્યો જતો હતો. એની પાછળ કૂતરાં ભસતાં ભસતાં દોડ્યે જતાં હતાં. નંદો ખૂબ ગભરાઈ ગયો હતો.

એ તો એક પછી એક બંધ તોડતો તોડતો દોડ્યો જતો હતો. જોતજોતાંમાં તો એણે ગામની સીમા વટાવી દીધી અને જંગલની દિશામાં એ નાસી છૂટ્યો. સાંજના એ આછેરા પ્રકાશમાં જોતજોતામાં તો નંદો અને એની પાછળનાં કૂતરાંઓ નજર બહાર નીકળી ગયાં. એક ક્ષણની પણ વાર લગાડ્યા વગર હું ઘેર આવ્યો અને હાજર હતાં એટલાં માણસો અને ઘોડો લઈને હું પણ દોડાવી છૂટ્યો. સારા યે જંગલમાં પૂરા પાંચ દિવસ સુધી અમે શોધ કરી, પણ નંદાનો કશો પત્તો ખાધો નહિ. તેની આંખમાં તો પાણી કેમ કર્યાં સુકાય નહિ. મને થયું કે નંદો એ કૂતરાંઓના પંજામાં......

એ પછીના ચારપાંચ મહિના અમે કેવા કાઢ્યા એ તો કોણ જાણે. એને પેટ પછી અમારો રાજુભા અવતર્યો. પણ એણે યે નંદાની યાદ ભુલાવી નહિ. રાજુએ ઘૂંટણિયાં તાણવા માંડ્યાં તો યે નંદાનો કાંઈ પત્તો ન મળ્યો, અને તેની આંખનાં પાણી યે સુકાયાં નહિ. અમારા ઘરના એકે એક ખૂણે નંદાએ પોતાનાં સ્મૃતિચિહ્નો મૂકયાં હતાં. ખોટું નથી કહેતો, પણ નંદાના ગયા પછી મને પાન ખાવાનું મન નથી થતું.

એક વખત મને કેમે કર્યું ગોઠે નહિ. મેં રાતના શિકારે જવાનું નક્કી કર્યું. અમારા જંગલમાં એક એવી તો ચોક્કસ જગ્યા છે કે બસ! બેલાશક રાતે ત્યાં જઇને બેસો અને કલાક દોઢ કલાકમાં તો શિકાર હાથ આવ્યો જ સમજોને! એમાં ચૂક થવાનો સંભવ જ નહિ. હું રાતે જઈને ત્યાં જમાવીને બેઠો. ખૂબ સમય થયો તો યે શિકારનો કાંઈ પત્તો ન ખાધો. હું કંટાળીને ત્યાંથી ઊઠવાનો વિચાર કરતો હતો ત્યાં જ પગલાં સંભળાયાં. અમારી બાજુ ઉપરની ટેકરી પરથી જ કોઇ ઊતરતું હતું. મેં બંદૂક સંભાળી. એટલામાં ખળખળ એવો સ્પષ્ટ અવાજ સંભળાયો. મેં ઇશારત કરતાં જ નોકરે બેટરી એ અવાજની દિશાએ ધરી. એ બૅટરીના પ્રકાશમાં જોઉં છું તો ચિતળોનું એક મોટું ટોળું પાણી પીવાને ઊતરી આવ્યું હતું. અચાનક પડેલા બૅટરીના પ્રકાશને કારણે કાવરીબાવરી નજરે અમારી તરફ જોતાં એ ચિતળોના ટોળા વચ્ચે એક મોટું ડાંગળ ઊભું હતું. એ આબાદ અદાપૂર્વક બૅટરીના પ્રકાશ તરફ જોતું હતું! એટલામાં એના ગળામાં કશુંક ચમક્યું અને એની સાથે જ ટોકરાનો રણકારો સંભળાયો. એને જોતાં જ મને એવો તો આનંદ થયો! કેવી રીતે કહું તમને કે મને એ દિવસ કેવો સુખમય લાગ્યો હશે! એની એ ભરાવદાર છાતી! વાહ! ખરેખર જ એ જંગલનો રાજા હોય એવો દેખાવ હતો. મેં બેભાનપણે બૂમ પાડી. 'નંદા!' અને હું ઊઠીને ઊભો થયો.



બીજાં બધાં ચિતળ તો માર ઝડપે નાસી છૂટ્યાં. પણ નંદો ઊભો હતો. એણે મારો અવાજ સાંભળ્યો હતો, એટલું જ નહિ પણ ઓળખ્યો પણ હતો. બૅટરીનો પ્રકાશ હજુ યે એના માથા ઉપર પડતો હતો. હું એની નજીક જતો હતો ત્યાં એની બાજુમાં સહેજ ખટ્ખટ્ એવો અવાજ સંભળાયો. બૅટરી એ તરફ સહેજ ફેરવતાં મેં જોયું તો ત્યાં એક માદા ઊભી હતી. ના, ટણટણ કૂદતી નંદાની આજુ-બાજુમાં દોડ્યા કરતી હતી! નંદો મારી પાસે હોવા છતાં યે મને એના શરીર પર હાથ લગાડવા નહોતો દેતો. હું સમજી ગયો કે એનું મન દ્વિધામાં સપડાયું છે. ક્ષણભર તો એ ગોટાળે ચડી ગયો. એણે મારો લંબાવેલો હાથ ચાટ્યો અને બીજી જ ક્ષણે કૂદકા ભરતો ભરતો એ માદાની પાછળ દોડી છૂટ્યો. મેં બૂમો મારી: 'નંદા! નંદા...' પણ પછી એ દૂર ચાલ્યા જતા ટોકરાના અસ્પષ્ટ થતા જતા અવાજની દિશામાં જોઇને મેં કહ્યું, 'નંદા, સુખી થજે!'

મારા મનને એક મોટો સંતોષ થયો હતો. નંદો સુખરૂપ છે, એટલું જ નહિ પણ જંગલનો વૈભવ ભોગવે છે, એ જાણીને તેને પણ મનને સંતોષ થયો. મેં આવીને એ ને એ જ દિવસે દાંડી પીટાવી દીધી કે 'આજથી મારાં બધાં જ જંગલોમાં ચિતળનો શિકાર બંધ' લોકોને નવાઇ લાગે એટલો બધો હું એ હુકમના પાલન માટે જાગરૂક-કડક રહેતો. જંગલોમાં સિપાઈઓનો સખ્ત પહેરો ગોઠવી દેવામાં આવ્યો હતો. એની આજુબાજુના લોકો પોતાના પાકમાં ભેલાણ થવા બાબતની ફરિયાદ કરતા. મેં એમને કહી દીધું કે 'જોઇએ તો મહેસૂલ ઓછું દેજો, પણ ચિતળનો શિકાર તો નથી જ કરવાનો.'

એ પછી ખરું કે ખોટું એ તો કોણ જાણે, પણ ગામના લોકો ગામની આસપાસમાં રાત બે રાત એક મોટું ગળામાં ટોકરો બાંધેલું ચિતળ ફર્યા કરતું હોવાની વાતો કરતા. ગામધણીને ગમતી વાતો વિષે તરેહતરેહના ગપ્પાં હાંકવાની આપણે ત્યાં ક્યાં નવાઇ છે? મને યે એ પર બહુ વિશ્વાસ નહોતો.

આ મારા ખળા પર ડાંગરની કાપણીનો સમય હતો. એક બાજુ ડાંગરનાં ઢગ ખડકવામાં આવ્યા હતા. હું પણ રાતે ખેતરે સૂવા ગયો હતો. હું ત્યાં જ ખેતરમાં બાંધેલી ઝૂંપડીમાં સૂવાનો હતો. ઠંડીના દિવસો હોઇ મેં મફલર, સ્વેટર વગેરે પહેરીને ત્યાં માણસો અને મજૂરો સાથે બેઠક જમાવી હતી જાતજાતનાં ગપ્પાં ચાલતાં હતાં. એ ગપ્પાંની મોજ કોઈ અનેરી જ હોય છે એનાથી બે ફાયદા છે, એક તો માલિક જાતે હાજર હોવાનું જાણતાં માણસોને કામમાં ઔર ઉત્સાહ આવે છે, અને આપણને યે મજા પડે છે.

હું એક કામે ગામમાં ગયો હતો. પાછો આવ્યો ત્યારે વિઠુ બારણે ફાનસ લઇને મારી રાહ જોતો જ ઊભો હતો. એ રોજ રાતે મને ખળે લઇ જવાને આવતો. મને પહેલાં તો વિચાર આવ્યો કે એને કહી દઉં કે આજ હું આવવાનો નથી. પણ વળી થયું કે જવા દે ને? એ દિવસે લણણીની છેલ્લી જ રાત હતી. એટલા ખાતર એ લોકોને ક્યાં નારાજ કરવા? એવી સ્થિતિમાં જ હું ગયો. મધરાત થઈ હશે. સારું જેવું નીરણ નીરીને પછી અમે બેલ છોડ્યા. ખૂબ કંટાળીને હું બિછાનામાં પડ્યો.

આંખ જરા મળી હશે ત્યાં જ શિયાળવે એટલા તો જોરથી લારી કરી કે હું ચમકીને જાગી ગયો. મારા આખા યે શરીરે ખૂબ પસીનો છૂટ્યો. તમને કદાચ નવાઈ લાગશે, પણ એ જ સાચી પરિસ્થિતિ હતી. શિયાળવાની એવી લારીએ અગાઉ મારા દિલ પર એક બે મોટા જખમો કોરી મૂક્યા હતા. બને કે તમે કદી શિયાળવાની એવી લહરી ન સાંભળી હોય. દાંત પડેલાં ઘરડાં શિયાળવાં જ્યારે શેરડીના ખેતરમાં જાય અને શેરડી એમનાથી ન ઉતરે ત્યારે પછી માંડે છે રડવા. એને અમે મોટું અપશુકન માનીએ છીએ.

મને એવી તો દાઝ ચડી! એ દાઝમાં હું દાંત કચકચાવતો ઊઠ્યો. આંખોમાં હજુ ઘેન હતું. મેં કોટ પહેર્યો, હાથમાં આવ્યા એ બેચાર કારતૂસો લીધા અને બંદૂક ખભે મૂકીને હું ચાલ્યો.

ઠંડો પવન સુસવાટા મારતો હતો. સ્વચ્છ ચાંદની ચમકતી હતી. ભળભાંખળું થવાને ઝાઝી વાર નહોતી. એ કાળી ઘોર રાતમાં ખેતરોમાં વચ્ચેવચ્ચે ખડકેલી ડાંગરનાં ખળાં જાણે સમાધિ લગાવીને બેઠેલા યોગીઓ હોય ને, એવાં દેખાતાં હતાં. આંબાના એક મોટા ઝાડ નીચે ઢાંઢા આરામ કરતા હતા. ખળાની આજુબાજુ નોકરો કામળા ઓઢીને સૂતા હતા. સર્વત્ર શાંતિ વ્યાપેલી હતી. ફક્ત વચ્ચે વચ્ચે ગામનાં કૂતરાંના ભસવાના અવાજો સંભળાતા હતા: સાવ અસ્પષ્ટપણે! હું મારા માળખા તરફ ચાલ્યો માળાની દિશાએ પૂરતા વેગથી હું ધસ્યા જતો હતો. સૂકાં પાંદડાંના ખડખડાટ સાંભળી મારા મનનો દ્વેષ વધતો જતો હતો. ખેતરનો છેડો આવ્યો ત્યાં સુધી તો એકે શિયાળવું દેખાયું નહિ. અને દેખાય પણ શી રીતે? બીજાં બેત્રણ ખેતર વટાવી દીધાં તો યે કશું દેખાયું નહિ. એક વખત માણસ ફસાયો એટલે એનો ગુસ્સો વળી વધુ ભભકી ઊઠે છે. મારી પણ એ જ સ્થિતિ થઇ. ખેતરો પૂરાં થાય છે, ત્યાં એક મોટી ટેકરી છે. હું ટેકરી નજીક પહોંચ્યો ત્યાં જ કશોક ખખડાટ થયો. કશુંક જતું હોવાનું દેખાયું. મેં બંદૂક ઊંચકી.

એ રાતની શાંતિને ભેદતી એક ગોળી સણસણાટ કરતી છૂટી, અને સાથે જ કશુંક જમીન પર પડવાનો અવાજ આવ્યો. પાછું બધું નીરવ થઇ ગયું. હું ઉતાવળો ત્યાં જઇ પહોંચ્યો. જોઉં છું તો એક ખાસ્સું મોટું ચિતળ પોતાનાં શીંગડાં માટીમાં ખૂંપવીને ઘસતું હતું. એની છાતી પર રક્તનું મોટું ધાબું પડ્યું હતું. એના ગળામાં એક મોટો ચામડાનો પટો હતો, પણ એની અંદર ગૂંથેલો ટોકરો ક્યાં પડી ગયો હતો તે કોણ જાણે! મારાથી એ દૃશ્ય જોયું ના ગયું. મેં નજર ફેરવી લીધી. મારી નજર ઉપરની બાજુએ ગઈ ત્યાં એક ચિતળ માદા અને એક બચ્ચું ક્ષણભર ચમકી ગએલાં દેખાયાં.

અજવાળુ થઈ ગયું હતું. એમણે એક વાર મારી તરફ જોયું, અને પછી ટેકરીની પાછળ એ બે અદૃશ્ય થઇ ગયાં.''


વાત પૂરી કરીને માનસિંહરાવ ઊઠ્યા. એમના ચહેરા પર ક્ષણભર શાંતિ પ્રસરી. એમની આંસુ ખાળેલી ઘાયલ આંખો જોઇને મને લાગ્યું કે અત્યારે એમની નજર સામે જ પેલો ઘાયલ થએલો નંદો હતો. એમણે એક નિશ્વાસ મૂક્યો. પછી બારી પાસે જઈને એમણે પેલા તુલસીક્યારા ઉપર નજર ટેકવી કહ્યું, 'અને એ દિવસથી મને શિકાર કરવાની ઈચ્છા નથી થઈ...'

મુખચિત્રના કલાકાર

આ અંકના પૂર્ણરંગી મુખચિત્રના કલાકાર સ્વ. શારદાચરણ ઉકિલ, ભારતીય ચિત્રકલાના નવોત્થાનના આદ્ય પ્રણેતા કલાગુરુ ડૉ. અવનીન્દ્રનાથ ઠાકુરના સૌથી પ્રારંભના કાળના વિદ્યાર્થીઓ પૈકી એક હતા, અને એતદ્દેશીય કલાપરંપરાની ઢબે ચિત્રસર્જન કરનારા અગ્રચારી (પાયોનિયર) ચિત્રકારોના સમૂહમાં તે હતા. ઈ. ૧૯૨૦માં તે દિલ્હી ગયા ને ત્યાં ૧૯૨૬માં પોતાની કલાશાળા સ્થાપી. દિલ્હીમાં આધુનિક કલાપ્રવૃત્તિ તેમના આગમનથી શરૂ થઈ, જેમાં તેમના બે ભાઈથી રણદા ઉકિલ અને શ્રી વરદા ઉકિલની સહાયનો મજબૂત ટેકો હતો, અને તેના બીજમાંથી જ દિલ્હીની આજની 'ઑલ-ઇંડિયા ફાઇન આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટ્સ સોસાએટી' પાંગરી છે.

ભારતભરમાં જે માત્ર એકલા ગુજરાતની જ વિશિષ્ટતા છે તે

વાવનું સ્થાપત્ય



લેખક


રત્નમણિરાવ ભીમરાવ

ગ. ગયે મહીને અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાએ એક નવું પ્રસ્થાન કર્યું. ગુજરાતભરમાં ઉત્કૃષ્ટ કોટિનાં ગણાતાં પ્રાચીન સ્થાપત્ય-શિલ્પનાં જે ઐતિહાસિક અને અન્ય મકાનોથી એ નગર સમૃદ્ધ છે, તે પુરાતન કલા-લક્ષ્મીના વારસાનો પરિચય પોતાના સભ્યોને આપવા માટે, ક્રમવાર તે તે સ્થાનોનું પર્યટન યોજીને સાથોસાથ, તેના તજ્જ્ઞો પાસે તેની ઐતિહાસિક તેમજ કલાવિષયક આલોચના કરતા વાર્તાલાપો અપાવવાના કાર્યક્રમની શરૂઆત તેણે કરી છે. તેમાં દાદા હરીની તથા માતર ભવાનીની વાવના તેના પહેલા પર્યટન સમયે શ્રી રત્નમણિરાવે એ વાવોના પરિચય સાથે વાવના સ્થાપત્ય વિષે જે વક્તવ્ય લખેલું તે, આપણા એક વિશિષ્ટ સ્થાપત્યનો રસમય પરિચય આપતું હોઇને તેને અનુષંગી ચિત્રો સાથે અહીં આપ્યું છે.

આપણે પગથિયાંવાળા કૂવાને વાવ કહીએ છીએ. હિંદની કોઈક પ્રાંતભાષામાં સામાન્ય કૂવાને પણ 'વાવ' કહે છે. વાવની રચનામાં એક ખાસ કારણ રહેલું છે. પ્રચંડ સૂર્યના તાપમાં એમાં જે શીતળતા અનુભવાય છે તે સામાન્ય કૂવા-તળાવમાં મળે નહિ. વળી, રસ્તે જનાર મુસાફર પાણી ખેંચવાના દોરડા વિના જ સીધો પાણી પાસે જઇને તે મેળવી શકે છે. વાવ કે કૂવો કરાવવો કે તળાવ ખોદાવવું એ આપણામાં ભારે પુણ્યનું કાર્ય ગણાયું છે. એટલે જ દલપતરામે ગાએલું કે:


> નિર્જળ ગામ નવાણ ગળાવો, વાવ-કૂવા નદી-તીર તળાવો;
> શોધી જૂનાં ફરિ સદ્ય સુધારો, એ ધનના ધણી ધર્મ તમારો.

કૂવાઓની વિવિધ જાતોમાં વાવ એ આપણા ગુજરાતની એક ખાસ વિશિષ્ટતા છે. દક્ષિણમાં દ્રાવિડ દેશમાં પગથિયાંવાળા કૂવા હોય છે ખરા, પણ એ આપણી વાવ કરતાં તદ્દન જુદા પ્રકારના હોય છે. એને 'કલ્યાણ-વાપી' કહે છે. હેતુ બંનેનો સરખો છે. પણ કલ્યાણ-વાપી એ કુંડ જેવો પહોળો મોટો કૂવો હોય છે, અને એમાં એક બાજુ, કે ઘણી વાર ચારે બાજુ પગથિયાં હોય છે. ઉપરથી પહોળો ને અંદર જતાં કુંડની પેઠે એ કૂવો સાંકડો થતો જાય છે. પણ ઉપરથી તે ખુલ્લો હોવાથી તડકામાંતાપથી રક્ષણ મળતું નથી, અને શીતળતા તો હોતી જ નથી. કોઈ કોઈ કલ્યાણ-વાપીમાં ઉપર કિનારે એકાદ છત્રી જેવું આરામસ્થાન બાંધેલું હોય છે. પણ આપણી વાવમાં તો ઉપરથી નીચે સુધી–છેક પાણીની સપાટી સુધી છાયા અને શીતળતા મળે છે અને આરામસ્થાન પણ મળે છે એ ખાસ વિશેષતા છે. એની સાથેસાથે એના સ્થાપત્યમાં જે કલા વાપરેલી હોય છે અને તેથી મનને જે આનંદ મળે છે તેની તો વાત જ જુદી છે. આજે રેલવે ને મોટરના જમાનામાં આ બધી વસ્તુઓનો ખ્યાલ આપણને ભાગ્યે જ આવે; પણ જૂના જમાનામાં પગરસ્તે જનારને રસ્તામાં તાપમાં છાયા મળે અને ઠંડું પાણી ને આરામસ્થાન મળે ત્યારે એ વાવના બાંધનારને અનેક આશીર્વાદ મળતા.



દાદા હરીની વાવના કૂવા ઉપર, છેક પાણી સુધી, ગોળ પગથિયાં વાટે પહોંચતા માર્ગ માટે કરેલા, શિલ્પમંડિત ગોખવાળા બે માળ, તથા તે ઉપરની છત્રીનું છેદાલેખન.

કૂવા જેવી આવી સામાન્ય વસ્તુમાં પણ ગુજરાતી કારીગરે જે કલા ભરી છે તે જોઇ પરદેશીઓ તો મુગ્ધ જ થઇ જાય છે. તળાવોની ગરણીઓમાં, ભમરિયા કૂવાઓમાં અને વાવોમાં આપણા સ્થાપત્ય-કલાના ઉસ્તાદોએ કરેલા શણગાર, આવી સામાન્ય વપરાશની ચીજોમાં અન્ય દેશોમાં જોવામાં આવતા નથી. અને એ ત્રણેમાં પણ વાવમાં જે કોતરકામ મળે છે તે તો બધાંથી ચડે તેવું છે. એનો એકે એક ગોખ જુઓ, એના ઝરૂખા જુઓ, એના થાંભલા અને એના કંદોરા જુઓ, એના પાટડા જુઓ,–બધે કલા સભર ભરી છે. વાવની આખી રચના જ જાણે કોઈ સુંદર સાત માળનો મહેલ ભૂગર્ભમાં



દાદા હરીની વાવ પાસેના રોજા ઉપરના પ્રત્યેક કાંગરામાં આવી વિવિધ કોતરણી છે.

ઊતરતો હોય તેવી જણાય છે. આવી અદ્ભુત આપણી કલાની કદર પ્રીછવાની શક્તિ આજે જ્યારે આપણે ખોઈ બેઠા છીએ ત્યારે પરદેશી પ્રમાણપત્ર (અભિપ્રાય)ની જરૂર પડે છે. એટલે આ બાબતમાં પરદેશી કલાનિષ્ણાતોના શબ્દો જરા ટાંકીએ:

વિખ્યાત કલાવિવેચક સ્થપતિ ફર્ગ્યુસન પોતાના સ્થાપત્યના ગ્રંથમાં અમદાવાદની વાવ માટે લખે છે: 'Nowhere did the inhabitants of Ahmedabad show how essentially they were an architectural people as in these utilitarian works. It was a necessity of their nature that every object should be made ornamental and their success was as great in these as in their mosques or palaces.'

અને હિંદી કલાના મહાન પુરસ્કારક ઇ. બી. હૅવેલ એની શોભનશક્તિ પર મુગ્ધ થતાં લખે છે: 'What a profanity and impertinence for Europeans to transport their modern secular vulgarity to India under the pretence of teaching principles of design to a school of craftmanship inheriting such traditions ?'


આ વચનો કેટલાં સાચાં છે તેની પ્રતીતિ આપણી વાવો જોવાથી થશે. ગુજરાતભરમાં ઠેરઠેર વાવો હતી. ઘણી સાદી પણ હતી; ઘણી સુંદર કારીગીરીથી ભરેલી હતી. પાટણની વિખ્યાત રાણીવાવનો આજે માત્ર એક નાનકડો ખાડો જ રહ્યો છે, પણ કૂવાનો એટલો થોડો ભાગ પણ એની ઉમદા કારીગરી બતાવી રહ્યો છે. ગુજરાતની આવી પ્રાચીન સુંદર વાવોના ઉત્કૃષ્ટ નમૂના હજી યે અખંડ રૂપમાં અમદાવાદમાં જોવા મળે છે. એ શહેરમાં આવેલી દાદા હરીની વાવ અને થોડે દૂર અડાલજની વાવ એ આપણી વાવના સ્થાપત્ય-કારીગીરીના પ્રતિનિધિ રૂપ છે.

રાજવલ્લભ નામે સ્થાપત્યના પ્રાચીન ગ્રંથમાં વાવના જે પ્રકાર ગણાવ્યા છે તેમાં કરેલા વર્ણન પ્રમાણે અમદાવાદની દાદાહરીની વાવ 'ભદ્રા' જાતની વાવ કહેવાય છે, કારણ તેને બે મુખ છે: એક સામાન્યરીતે તેને પડખેથી પગથિયાં દ્વારા ઊતરીને પાણીએ પહોંચવાનું, અને બીજું, કૂવાને મથાળે બાંધેલી અગાસીમાંથી કૂવાના ગોળાકારે ચોમેર ઊતરતાં પગથિયાં દ્વારા પાણી ઉપર પહોંચવાનું. જ્યારે સામાન્ય એક મુખવાળી (અમદાવાદના માતર ભવાનીની વાવ જેવી)વાવોને 'નંદા' કહે છે. મુખ સાથે એના ખંડને પણ ધ્યાનમાં લેવાના હોય છે. પણ એનો મેળ આજની વાવોમાં બરોબર મળતો નથી.

વાવના આવા કલાત્મક સ્થાપત્યનો આસ્વાદ લેવા માટે આપણે અમદાવાદની દાદા હરીની વાવનું ઉદાહરણ લઇએ. એ વાવ ત્યાંના અસારવા નામે પરામાં આવેલી છે. ગુજરાતના સર્વથી મોટા સુલતાન મહમૂદ બેગડાના અંતઃપુરની કોઈ ભારે લાગવગ ધરાવતી બાઇએ એ બંધાવી છે. એ બાઈ મહમૂદની પોતાની કે એના કુંવરની ધાવ હોવાનો સંભવ છે. દદ્દા (એટલે દાઇ અગર ધાવ) ઉપરથી દાદા શબ્દ એના નામ આગળ લાગેલો છે. વાવની અંદરના શિલાલેખમાં 'અંતઃપુરદ્વારે સર્વાધિકારિણી બાઈશ્રી હરીર' એવા શબ્દો છે; અને વિ. સં. ૧૫૫૬ના પોષ સુદ ૧૩ ને સોમવારે (૧૫ ડિસેમ્બર ૧૪૯૯ના રોજ) તે બંધાયાનું ત્યાં લખેલું છે. એમાં ૩,૨૯,૦૦૦ મહમૂદી રૂપિયાનો ખર્ચ થયો છે. (એટલે આજના ૧,૫૮,૪૦૦ રૂપિયા થયા એમ વિદ્વાનોનું માનવું છે.) લેખ ઉપરથી સમજાય છે કે મુસલમાન અધિકારીની દેખરેખ નીચે હિંદુ સ્થપતિએ તે વાવ બાંધી છે. મલિક બિહામિદ (મહમૂદ?)નામના અધિકારીની દેખરેખ નીચે ગજધર વૈશ્ય સૂ૰ વીરા, દેવા, ગિરણા, મહં-સાવાઆ તથા મહં વીરા એટલાં હિંદુ નામો તેમાં લખેલાં દેખાય છે. વાવમાં સંસ્કૃત અને અરેબિક



ઉપર:
દાદાહરીની વાવની સ્થાપત્યરચના દર્શાવતું છેદાલેખન. તેમાં ડાબી બાજુએ માથે ઘુમટદાર છત્રીવાળો પ્રવેશનો ચોતરો છે, અને ત્યાંથી પગથિયાં ત્રણ કટકે નીચે પાણી સુધી જતાં દર્શાવ્યાં છે. પાણીના કૂવાના ભાગ ઉપર, પાછળને પાને જોયું તે, બે માળનું સુંદર ઝરૂખાવાળું છત્રીવાળું બાંધકામ છે.
નીચે: વાવના તળનું આલેખન.





એમ બે જુદાજુદા લેખો છે, પણ બંનેની તારીખોમાં ફેર પડે છે. તે કદાચ ખાતમુહૂર્ત ને પ્રવેશમુહૂર્તની જુદીજુદી તારીખોને લીધે હશે.

આ વાવની કુલ લંબાઈ ૨૪૧$\frac{1}{2}$ ફીટ છે. અંદરના મંડપો ૧૬ ફીટના છે. અષ્ટકોણ કૂવાનો ચોરસ ભાગ ૨૪ ફીટનો છે. થાંભલા સાદા છે, પણ ગોખની કોતરણી સારી છે. અષ્ટકોણ કૂવાની બાજુઓમાં પણ સારું કોતરકામ છે, અને એની આસપાસ, અગાસીએથી ઊતરતી આવતી ગોળ સીડીઓનાં પગથિયાં પાણીની છેક સપાટી સુધી અંદર ઊતરે છે. આ વાવની મરામત પાછળ ગઈ સદીમાં સરકારે એક હજાર રૂપિયા ખર્ચેલા. તેના કૂવાનો ઉપયોગ ગથાળેથી કોસ જોડીને પાણી ખેંચી જમીનને પાવામાં પણ થાય છે. નજીકમા જ આવેલી આચારજીની વૈષ્ણવ બેઠક વાળાઓ ગઇ સદીમાં એ રીતે કરતા હતા.

વાવની પાછળ જ તેની બાંધનાર બાઇ હરીરની મસ્જિદ અને રોજો છે. આ વાવ તથા મસ્જિદ બાંધીને બાઈ હરીરે પોતાની શાંત આરામગાહ એ સ્થળે બનાવી છે. એ સ્થળનું નામ પહેલાં હરીરપુર અગર હરીપુર હતું. મસ્જિદની આસપાસ બગીચો હતો ને વાવમાંથી એ બગીચાને પાણી મળતું. એ ઉપરથી અંતઃપુરની સર્વાધિકારિણી હોવા છતાં બાઇ હરીર આ સ્થળે પોતાનું નિવાસસ્થાન પણ રાખીને શાંત જીવન ગાળી ઇશ્વરસ્તવન કરતી હશે. એ સમયે એ સ્થળ અમદાવાદનાં સ્થળોમાં સૌંદર્યધામ પણ ગણાતું હતું, એ વાતની શાખ તો, વાવ જેટલી જ એની મસ્જિદ પણ આજે પૂરે છે.

મસ્જિદ નાની પણ સુંદર છે અને નકશી છૂટથી કરી છે. એની લંબાઈ ૮૭$\frac{1}{2}$×૨૦$\frac{1}{2}$ ફીટ છે. બાજુનો રોજો ૫૦ ફીટ ચોરસ છે અને







દાદા હરીરની વાવ પાસે, એ જ બાઈ હરીરે પોતાને માટે બંધાવેલી મસ્જિદ તથા રોજો પણ છે, જેનું શિલ્પ પણ એટલી જ ઊંચી કક્ષાનું છે. ઉપર જમણી બાજુના ચિત્રમાં, એ મસ્જિદના એક મિનારામાં કંડારેલા નાના ગોખોમાંની સમૃદ્ધ કોતરણી દર્શાવતા બે નમૂના આપ્યા છે. ડાબી બાજુની આકૃતિ, એ વાવમાંના સંખ્યાબંધ ગોખલામાં જે વૈવિધ્યભરી કોતરણી કરેલી છે તેનો એક નમૂનો છે.

તેની અંદરનો ભાગ ૨૭ ફીટ ચોરસ છે. ગઈ સદીમાં આ મસ્જિદ દરકાર વગર ખૂબ ખરાબ હાલતમાં હતી, અને તેના મિનારા પડી જાય તેવા થઈ જવાથી 'પબ્લિક વર્ક્સ' ખાતાએ ઊતરાવી નાખેલા.

દાદા હરીની વાવની પાસે થોડે છેટે, અસારવામાં જ, માતર ભવાનીની એક બીજી વાવ છે. કોઈ તો એને અમદાવાદ શહેર વસતાં પહેલાંની કહે છે, જ્યારે કોઈ કૌરવ-પાંડવના વખતની કહે છે! આપણામાં કોઈ પણ પ્રાચીન મંદિરના ખંડિયેરના આગળના મંડપને જેમ ગામડાના લોકો આજે પણ 'સીતાજીના લગ્નની ચોરી' કહે છે, તેમ કોઈ પણ પ્રાચીન વસ્તુને રામ અગર પાંડવોની કહેવાની આપણામાં, સત્યજ્ઞાનને અભાવે, રીત પડી ગએલી છે. માતર ભવાનીની આ વાવને અમદાવાદ વસ્યા પહેલાંની કહેવા માટે પણ ખાસ આધાર તો નથી. કદાચ એની બાંધણી ઉપરથી કોઈ એમ કહેતા હોય. આ વાવને લીધે જ આ અસારવાને અમદાવાદ વસ્યા પહેલાંનું 'આશાવલ' ગામ માનવાની ભૂલ સર ટી. સી. હોપ આદિએ કરેલી હોય એમ સમજાય છે. પરંતુ આશાવલનો સ્થળનિર્ણય તો કૅલિકો મિલની આસપાસના ભાગમાં થએલો છે. એટલે, કદાચ જો આ વાવને બહુ પ્રાચીન માનીએ તો પણ, આશાવલથી પાટણ જવાના મહામાર્ગ ઉપર તે આવેલી હોવાનું કહી શકાય. એ અમદાવાદ શહેર બંધાયા પહેલાંની છે એવી માન્યતા આશરે બસો વર્ષ પહેલાં પણ હતી એમ 'મીરાતે અહમદી'ના ઉલ્લેખ ઉપરથી જણાય છે. વાવમાં માતાજીનો ગોખ છે તે ઉપરથી એનું નામ પડ્યું હોય એમ લાગે છે. મીરાતે અહમદી લખે છે કે ત્યાં કોઈ મંદિર હતું ને એ સ્થળે વાવ બાંધવાનું કોઈને સ્વપ્ન આવેલું એવી લોકવાયકા ચાલતી હતી. આર્કીઑલૅજિકલ સર્વેવાળા તો વાવમાં માતાજીનો ગોખ પાછળથી બેસાડ્યાનું લખે છે.



આ વાવમાં કેટલાંક હિંદુ ચિહ્નો છે તે પરથી જ એને હિંદુ કાળની કહેવાય એમ નથી. અમદાવાદથી થોડે દૂર આવેલી અડાલજની વાવ જે ગુજરાતભરની વાવોમાં સર્વોત્કૃષ્ટ ગણાય છે તે મુસ્લિમ કાળની છે, છતાં એમાં ઘણાં હિંદુ શિલ્પનાં ચિહ્નો છે. માતર ભવાનીની વાવના થભલા ને પગથિયાં હિંદુ રીતના છે. પગથિયાં કાપીને કરેલાં છે તેમાં હિંદુ કુંડના જેવી બાંધણી લીધી છે. આ વાવમાં અલંકાર નથી ને બાંધણી છેક સાદી છે.




★

આખા હિંદમાં વાવનું પોતાનું વિશિષ્ટ સ્થાપત્ય ધરાવતા ગુજરાત આખામાં અમદાવાદની વાવો શ્રેષ્ઠ છે; અને એ અમદાવાદની પણ સર્વ વાવોમાં અડાલજની વાવ શિલ્પ-સૌંદર્યની દૃષ્ટિએ સર્વોત્તમ છે. એ વાવની કોતરણીની કલાનો ખ્યાલ આપતા માત્ર બે જ નમૂના અહીં આપ્યા છે: ડાબી બાજુ: વાવમાંનો એક ગોખ અને જમણી બાજુ: વાવનો એક થાંભલો.

શ્વસનક્રિયા

નાક, કંઠનળી અને શ્વાસનળીનું વર્ણન અને કાર્ય

[કાયાની કરામત • હપતો ૫]



જાણો છો ?

- તમારા નાકનું ટેરવું તમારા વ્યક્તિત્વનું દ્યોતક છે.
- તેમજ એ તમારા રોગ અને ટેવોનું પણ દર્શક છે.
- ઉધરસ, છીંક અને 'અંતરસ' જાય છે તે શાથી ?
- ભીનામાં ફરવાથી શરદી-સળેખમ કેવી રીતે થાય છે ?
- અવાજની બુલંદતા કે મૃદુતા, કંઠની મિઠાશ અને રણકો ક્યાંથી ઉત્પન્ન થાય છે ?

એ બધાંની વિગતવાર માહિતી આ લેખ તથા તેનાં ચિત્રો આપે છે.

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આપણે આટલું તો જાણીએ છીએ કે વાતાવરણમાંથી હવા નાકમાં થઇને ફેફસાંમાં જાય છે. એ ક્રિયા કેમ થાય છે તે હવે જોઈએ.

નાકમાંથી પસાર થતી હવા, ગળાના પાછલા ભાગ(Pharynx)માં આવે છે. ત્યાંથી તે કંઠનળી (Larynx)માં થઈ પહોળી શ્વાસનળી(Trachea)માં જાય છે. પછી, એ શ્વાસનળી, આપણા હાંસડીના હાડકાના નીચલા ભાગ આગળ બે ભાગમાં ફંટાઈ જઇને બે પહોળી શ્વાસ-નલિકાઓ (Bronchus) બને છે, અને એ પહોળી શ્વાસનલિકાઓ નાની શાખાઓ અને પ્રશાખાઓમાં ફેલાય છે અને લઘુ શ્વાસનલિકાઓ (Bronchioles) બને છે. લઘુ શ્વાસનલિકાની શાખાઓ પછી છેવટે અત્યંત સૂક્ષ્મ બની વાયુકોષોમાં પરિણમે છે, કે જે ફેફસું કહેવાય છે. એ વાયુકોષોને ઝાડનાં પાંદડાં સાથે સરખાવી શકાય. ઝાડની શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા જેમ પાંદડાં દ્વારા થાય છે તેમ પ્રાણી માત્રમાં ફેફસાંના આ વાયુકોષો પ્રાણવાયુ (ઑક્સિજન) અંદર લે છે ને અંગારવાયુ (કાર્બન ડાયૉકસાઈડ) બહાર કાઢે છે.

શ્વાસનળી આંતરત્વચાની બનેલી છે, પણ તેના ઉપર તરુણાસ્થિના ગોળાકાર પટ્ટા વીંટળાએલા છે. દેખાવમાં જાણે કે આગ ઓલવવા માટે વપરાતી 'હોઝ પાઇપ' જ જોઈ લો !

આપણી છાતીના પોલાણમાં બન્ને બાજુએ ફેફસાં અને વચમાં હૃદય ગોઠવાએલાં છે. હૃદયની પેઠે ફેફસાંને પણ બે-પડી ત્વચાનું આવરણ છે. એ આવરણના પડ વચ્ચે પાતળો ચીકણો પ્રવાહી હોય છે, તે શ્વાસોચ્છ્‌વાસની ક્રિયામાં ફૂલતાં-સંકોચાતાં ફેફસાંને પાંસળીઓ સાથે ઘસાતાં રક્ષે છે. ફેફસાં ત્રિકોણાકારી છે. તેનો ઉપરનો અણિયાળો છેડો (Apex of the Lungs) હાંસડીના હાડકાથી જરા ઉપર આવેલો છે, અને નીચેનો પહોળો ભાગ (Base) ઉદરપટલ (Diaphragm) ઉપર ટેકાએલો છે. ઉદરપટલ, એ પાતળી માંસપેશીનો એક પડદો છે. એ છાતી અને પેટની વચ્ચે આડો પથરાએલો છે. હૃદય અને ફેફસાં જેવા માનવ દેહના ગહા અગત્યના એ અવયવો પડવા-આથડવાથી કે સખત ઈજા થવાથી અંદર લેશમાત્ર ઈજા ન પામે તે માટે કુદરતે તેમને આ, માંસપેશીઓ વડે આચ્છાદિત અસ્તરવાળી પાંસળીઓના પીંજરામાં ગોઠવ્યા છે. પાંસળીઓ બાર છે. દરેક પાંસળી, પાછળ કરોડ સાથે અને આગળ છાતીના ઉપલા ભાગપર આવેલી હાડકાની પટ્ટી (Sternum) સાથે, જોડાએલી છે. છેલ્લી બે પાંસળીઓ, પાછળ કરોડ સાથે સંધાએલી છે ખરી, પણ આગળથી પેટની બાજુએ છૂટી—'તરતી' રહેલી છે.


શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા એટલે નાક દ્વારા ફેફસાંઓમાં હવા પૂરવી અને ફેફસાંઓમાંથી નીકળતી હવા ઉચ્છ્‌વાસ દ્વારા બહાર કાઢવી. એટલે પહેલાં, એ હવા લેનારા તથા બહાર કાઢનારા શ્વાસ-માર્ગના અવયવો વિષે જાણવું જરૂરી છે.

નાક

માણસ સિવાય બીજા કોઈ પણ પ્રાણીમાં નાક આવું આગળપડતું નથી. માત્ર માણસના જ શરીરની તે વિશિષ્ટતા છે. પ્રાગૈતિહાસિક કાળના માનવીનું નાક આવું આગળપડતું ન હતું.

પ્રાણીસૃષ્ટિમાં કાળિયાર મૃગની આંખનું સૌંદર્ય અનુપમ છે, તેવી રીતે માનવીને સુંદરતમ નાક છે. નાક શ્વાસ લેવાનું કામ કરે છે એટલે તે કર્મેન્દ્રિય છે; અને એના દ્વારા ગંધનું જ્ઞાન થાય છે એટલે તે જ્ઞાનેન્દ્રિય છે. આમ, નાકમાં કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિયનો સમન્વય સધાયો છે. માનવીના મુખ સામે નજર નાખીએ તો આપણી નજર પ્રથમ તેના નાક ઉપર જ કેન્દ્રિત થાય છે. નાક વ્યક્તિના વ્યક્તિત્વનું નિદર્શક છે. તે મોંનું સૌંદર્ય ને પ્રતિભા વધારનાર ઘાટીલું હોય, કે મોંનો દેખાવ બગાડે એવું બેડોળ હોય, પણ વ્યક્તિને વ્યક્તિત્વ આપનારું તે અંગ છે. નાક આમ તો નાનું લાગે છે, પણ અંદરથી તે એક વિશાળ ગોલક છે. છેક કાનને અડે એટલું તે ઊંડું છે.

નાકની દાંડીથી માંડી અરધો ભાગ હાડકાંનો બનેલો છે; બાકીનો ભાગ અને વચલો પડદો તરુણાસ્થ (Cartilage)નો બનેલો છે. નાકના ટેરવામાં રુધિરાભિસરણ–લોહીનું ફરવું ઓછું હોય છે. આ



નાકની આંતરિક રચના, તેમાંની શરીર રક્ષણની ચોકીઓ, ગંધ લેવાની તથા સ્વર કાઢવાની કરામત વગેરે દર્શાવતો આલેખ

કારણથી નાક ઉપરનો ઘા રુઝાતાં હમેશાં વાર લાગે છે. નાકનું ટેરવું એ માનવીની ટેવ કે રોગનું દર્શક છે. અપચાથી પીડાતા માનવીનું,

વારંવાર દારૂ પીનારનું ને ટાઢ-તાપમાં લાંબો સમય પસાર કરનારનું નાકનું ટેરવું. ત્યાંની રુધિરવાહિનીઓ કાયમ પહોળી રહેવાના

કારણે, સદાને માટે રતુમડું રહે છે.

નાક દ્વારા માનવીની કેટલીક ભાવોર્મિઓ પણ વ્યક્ત થાય છે. ક્રોધાવેશમાં નાક ફૂલે છે, અણગમો અને સૂગ દર્શાવવા નાકનું 'ટીચકું' ચડે છે; અભિમાનીના નાકની ટેસીઓ પણ ફૂલેલી રહે છે.

નાકના આગલા ભાગની અંદર પુષ્કળ વાળ ઊગેલા છે. તે ગંદી અને મેલી હવામાં ભળેલાં બારીક રજકણો, જીવાણુઓ અને કચરાને નાકના ઊંડાણમાં જતાં અટકાવે છે. કુદરતે યોજેલી શરીરરક્ષણની આ પહેલી ચોકી છે. તે પછી, નાકના ઊંડાણના ભાગમાં પાતળી આંતર-ત્વચા (Membrane)નું અસ્તર આવે છે. આમાં પણ આંખે દેખાય નહિ એવા સૂક્ષ્મ વાળ આવેલા છે. આ વાળ પવનની લહેરમાં જેમ બાજરીનાં ડૂંડાં એક બાજુ વાંકાં વળી હાલે છે, તેમ નાકના નીચલા ભાગની દિશામાં વાંકાં વળી ગતિમાન રહે છે. સેકન્ડમાં બાર વખત હાલતાં રહેવાની ઝડપ સાથે વાળની આ હારો સતત હાલ્યા જ કરે છે, અને શ્વાસમાં લેવાએલાં ધૂળનાં અતિ સૂક્ષ્મ રજકણો તથા જીવાણુઓને લીંટની સાથે પાછાં બહાર ધકેલે છે. લીંટનો રંગ કાચ જેવો નિર્મળ છે. તેમાં જ્યારે રજકણો ભળેલાં હોય ત્યારે તે રંગ લીલાશપડતો મેલો થાય છે. આ જ્યારે સુકાય ત્યારે તેને આપણે 'ગૂંગા' રૂપે ખોતરી કાઢીએ છીએ.

ધૂળનાં એ બારીક રજકણો ઘણાં હલકાં હોય છે. એવાં કરોડો રજકણોનો જથ્થો એક રૂપિયાભાર વજનથી પણ ઓછો થાય. દિવસભરમાં એવાં અબજો રજકણો હવા સાથે ફેફસાં ભણી જતાં હશે. સાથે અદૃશ્ય એવાં જીવાણુઓ પણ. આમ હોવા છતાં યે આપણી જિંદગી લાંબી ટકે છે તેનું કારણ એ કે લીંટમાં જીવાણુઓનો નાશ કરવાનો ગુણ છે. તેમજ વાળની સતત ગતિથી રજકણો ને જીવાણુઓ બહાર ધકેલાતા જ રહે છે. શરીરના રક્ષણની આ બીજી ચોકી છે.

એવા જ અતિ સૂક્ષ્મ વાળ શ્વાસનળી અને શ્વાસનલિકાઓમાં પણ પથરાએલા છે. એમનું કાર્ય ટચુકડી સાવરણીઓ જેવું—શ્વસનક્રિયાના અવયવોને વાળીઝૂડી ચોખ્ખા રાખવાનું છે. સૂક્ષ્મ વાળોની આ બિછાતને ઓળંગી આગળ ગએલાં રજકણો શ્વાસનળીમાં કે એથી યે ઊંડાં ગયાં હોય ત્યારે તેમને બહાર ફેંકી દેવા ઉધરસ ને છીંક આવે છે. ઉધરસ ને છીંક, એ શ્વાસનળી તથા ફેફસાંઓને, હાનિકર્તા રજકણો, જીવાણુઓ, લીંટ તથા પરૂથી સુરક્ષિત રાખવાની ક્રિયાઓ છે. છીંક વખતે ફેફસાંઓમાંથી નીકળતો હવાનો ધસારો જોસભેર બહાર નીકળે છે અને અવાજ થાય છે, તે શ્વસનક્રિયાના અવયવોને રંજાડનારાં દ્રવ્યો બહાર ફેંકાય છે તેનો છે.

આ પછી નાકની અંદરની દીવાલમાંથી શરૂ થતી અને લાંબી પથરાએલી, તથા હાડકાંને વીંટળાએલી આંતરત્વચાની ત્રણ ગડીઓ નાકના અંદરના ભાગમાં ગોઠવાએલી છે. આ ગડીઓની ધારોને કૉન્કાઈ કહે છે. આ ભાગમાં લોહી વધુ વહેતું હોવાથી તે ગરમ હોય છે. શ્વાસમાં લેવાતી સૂકી-ભીની કે ઠંડી-ગરમ હવા એના ઉપરથી પસાર થઈ એકસરખી હૂંફાળી બને છે. વળી આ ભાગ ઉપર જ અશ્રુગ્રંથીઓના છેડા ખૂલે છે. આંસુનો સતત પ્રવાહ આંખ ઉપર ફરી વળી રજકણો ને જીવાણુઓને સાફ કરી નાકમાં આવીને અહીં કૉન્કાઇની ગરમીથી વરાળ રૂપે બની આગળ વધે છે. સાથે શ્વાસમાં લીધેલી હવા પણ અહીં ગરમ થઇને પાતળી બની શ્વાસનળી ભણી જાય છે.

નાકની વધુ અંદર ગ્રંથીઓ (Glands) હોય છે. તેમાંથી મળ—શ્લેષ્મ—લીંટ(Mucus)નો પ્રવાહ વહે છે. એ ચીકણું શ્લેષ્મ જીવાણુઓનો નાશ કરી પકડી રાખવાનું કાર્ય કરવા ઉપરાંત ફેફસાંમાં જતી હવાને ભીની બનાવે છે.

સૂંઘવાની શક્તિ

નાકના એથી યે ઊંડાણના ભાગમાં સૂંઘવાની શક્તિનો પ્રદેશ છે. અહીં જ્ઞાનતંતુઓના ઘ્રાણેન્દ્રિયોના છેડાઓ જથ્થા રૂપે પડેલા છે. બીજા છેડાઓ છેક મગજ સુધી વિસ્તરેલા છે. સુગંધ કે દુર્ગંધ નાકની અંતરત્વચામાં વાયુ રૂપે ભળે છે ને ઘ્રાણેન્દ્રિયના આ જ્ઞાનતંતુઓના કાર્યથી આપણને ગંધનું જ્ઞાન થાય છે. શરદી-સળેખમની શરૂઆતમાં આંતરત્વચાના સ્રાવો ઓછા થવાથી વાસ પારખવાની શક્તિ કમી થાય છે. ગગનમાં વિહરતાં શિકારી પક્ષીઓની ઘ્રાણેન્દ્રિય અતિ તીવ્ર હોય છે. પશુઓની ઘ્રાણશક્તિની સરખામણીમાં માનવની આ શક્તિ મંદ કહેવાય. દૂર-સુદૂર આવેલા શિકારની વાસ પારખી હિંસક પશુઓ તે ભણી ત્વરાથી પગલાં ભરે છે. માણસે માણસે વાસ ગ્રહણ કરવાની શક્તિ ઓછીવત્તી હોય છે. કહેવાય છે કે ગાંધીજીમાં ઘ્રાણશક્તિ બિલકુલ જ ન હતી! જેમ કેટલાકની દૃષ્ટિ તેજસ્વી હોય છે તેમ કેટલાકની વાસ-ગ્રહણ શક્તિ પણ તીવ્ર હોય છે. જ્યારે બીજી રીતે, જ્ઞાનતંતુની નબળાઇવાળા માણસોને વાતાવરણમાં ગંધ ના હોય, અન્ય કોઇને ગંધ ના આવતી હોય, તો પણ અમુક પ્રકારની ગંધ આવ્યા જ કરે છે.

કહેવાય છે કે માનવી જ્યારે જંગલી અવસ્થામાં હતો ત્યારે તેની સ્પર્શની અને સૂંઘવાની ઇંદ્રિયો ઘણી તીવ્ર હતી, —બલ્કે આ બે ઇન્દ્રિયો જ કાર્યપ્રધાન હતી. આના પ્રતાપે તે ખોરાકની દિશા જાણી શકતો. પણ જેમજેમ માનવી સુધરતો ગયો તેમતેમ તેની ઘ્રાણેન્દ્રિયની શક્તિઓનો ઓછો ઉપયોગ થવા લાગ્યો અને છેવટે આંખ જ વિશિષ્ટ જ્ઞાનેન્દ્રિય થઈ પડી. હરણ, સસલાં અને કૂતરાનાં નાકમાં ઘ્રાણેન્દ્રિયના જ્ઞાનતંતુઓ સતેજ છે. તેથી જ એ પ્રાણીઓની ઘ્રાણશક્તિ અતિવિકસિત છે.

ગંધ નાકની આંતરત્વચામાં પૂર્ણપણે સેળભેળ થવી જોઇએ. આંતરત્વચા ભીની હોય તો જ તેમાં ગંધ પૂર્ણપણે ભળે છે. એ જો સૂકી હોય તો તેમાં ગંધ ભળી ન શકતાં આપણને વાસ ન આવે. શરદી-સળેખમ વખતે આંતરત્વચામાં સોજો આવીને તે સૂકી બનતી હોવાથી વાસગ્રહણ શકિત કાં તો મંદ પડે કે નાશ પામે છે. નવાઇની વાત એ છે કે સુવાસિત વસ્તુ પ્રવાહી રૂપમાં નાકમાં ભરીએ તો તેની વાસ ન આવે! નાક ફકત ઘ્રાણેન્દ્રિય જ નથી. ચામડીની જેમ તે ઠંડી, ગરમી, હવાનું દબાણ વગેરે પણ આપી શકે છે.

સુગંધ લેવાની શકિત માણસની અભિરુચિ ઉપર આધાર રાખે છે. જેમ કેટલાક કાન સંગીતને અપનાવતા નથી, તેમ કેટલાકની ઘ્રાણેન્દ્રિય અમુક વાસથી આનંદ પામતી નથી. અમુક વાસ કોઇ વ્યકિતને બહુ જ ગમે, જ્યારે તે અન્યને એટલો આનંદ ન પણ આપે. માનવીની ઊંચા પ્રકારની અભિરુચિ વિકસાવવામાં—ગંધ અને એ રીતે નાક—અગત્યનું સ્થાન ભોગવે છે.

નાકથી આગળ વધતો શ્વાસમાર્ગ હવે ગળાના પાછલા ભાગ (Pharynx)માંઆવે છે. અહીં બે બાજુએ લસી-પેશીઓના ગઠ્ઠા હોય છે. આ ગઠ્ઠાઓ વાદળી જેવા ગુણધર્મી હોઇ, હવામાં ભળેલાં રજકણો અને જીવાણુઓને આગળ વધતાં રોકીને એકઠાં કરે છે. શરીરરક્ષણયોજનાની આ ત્રીજી ચોકી છે. આ ગઠ્ઠાઓ નાનપણમાં ઘણી વાર સૂજી આવે છે. આ દશાને ઍડીનૉઇડ્ઝ (Adenoids)–કાકડા કહે છે.

ઍડીનૉઇડ્ઝ નાકનાં છિદ્રોને રોકીને ગોઠવાએલા હોવાથી આ દરદવાળાં બાળકોને નાક વાટે શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં તકલીફ થાય છે ને તેથી તેઓ મોં વાટે એ ક્રિયા કરે છે. ઉઘાડું મોં રાખવાથી આવાં બાળકો દેખાવમાં સંકોચાએલાં નાકવાળાં, નિસ્તેજ ને ગૂંગણાં હોય છે

ઊંઘમાં પણ અસ્વસ્થ રહી વારંવાર જાગી જાય છે. આના પરિણામે સવારે ઊઠે ત્યારે થાકેલાં ને માંદલાં દેખાય છે. વળી તેમને ભૂખ ઓછી લાગવાથી ખોરાક થોડો લે છે. યોગ્ય પોષણ ન મળવાથી નિર્માલ્ય બને છે. ઍડીનૉઈડ્ઝ રૂપી કુદરતી સજા ઓછી હોય તેમ આવાં બાળકોની સ્મરણશક્તિ પણ મંદ હોય છે. ભણવામાં ઢ અને બુદ્ધિવિકાસમાં પછાત રહે છે. આવા દરદવાળાના ઍડીનૉઈડ્ઝનો ઉપચાર કરાવવો જોઇએ. તેમને પોષણદાતા ખોરાક આપી સૂર્યના પ્રકાશમાં ફરતાં-ખેલતાં રાખવાથી, બુદ્ધિ અને વિકાસ આપોઆપ મળે છે

ઊડતું જીવડું કે રેતીનો કણ આંખ પર આવતાં, આપણી ઇચ્છાએ કે અનિચ્છાએ આંખ તરત જ બંધ થાય છે. શરીરને ઇજા થતાં, વ્યક્તિની ઈચ્છાની પરવા પણ કર્યા વગર, આપોઆપ આવી પ્રતિક્રિયા શરીરમાં થાય છે. તેને રીફ્લેક્સ(Reflex) ક્રિયા કહે છે. પેટ ઉપર ગરમ પાણી ભરેલી રબ્બરની થેલી મૂકવામાં આવે ત્યારે પેટની ચામડી લાલ થાય છે; પણ ખૂબીની વાત એ છે કે એ રીફ્લેક્સક્રિયાથી છેક નાકની કૉન્કાઈ પણ આવી અસર ભોગવે છે! પેટ ઉપર બરફની થેલી મૂકવાથી કૉન્કાઇ પણ સંકોચાય છે. પાણીમાં ફરવાથી કે બેસવાથી આખા શરીરમાં આ રીફ્લેક્સ ક્રિયા થાય છે. આ ક્રિયા કરનાર જ્ઞાનતંતુઓ હોય છે. કૉન્કાઈ સંકોચાવાથી લોહીનું ત્યાંનું ભ્રમણ મંદ પડે છે; નાકની ગ્રંથીઓનો મળશ્લેષ્મનો સ્રાવ બંધ થાય છે; સંરક્ષણની હરોળ તૂટે છે. આને પરિણામે શ્વાસમાં લેવાએલી હવામાં ભળેલા જીવાણુઓ નાકના ઊંડાણમાં જઈ જામી પડે છે ને ત્યાં એકના અનેકગણા બની વૃદ્ધિ પામે છે. એ જીવાણુઓના ઝેરની અસરથી માથામાં ને નાકમાં શરદી-સળેખમનું દરદ થાય છે. જો જીવાણુઓનું જોર વધારે હોય તો ફેફસાંઓમાં સોજો આવી ન્યૂમોનિયાનો વ્યાધિ લાગુ પડે છે, અગર તો પેશાબનું દરદ થઈ આવે છે.

શરદીના રક્ષણ સામે પગને ગરમ રાખવા જરૂરી છે. ખાસ કરીને પગની પાની રીફ્લેક્સ સાધનરૂપ બની, સંવાહક જ્ઞાનતંતુઓ ઉપર તથા શ્વસનક્રિયા ઉપર બહુવિધ રીફ્લેક્સ ક્રિયા ઉપજાવે છે. જો પગમાં બૂટ હોય તો ભીનામાં ફરવા છતાં પગ ગરમ રહે છે. આથી નાકની આંતરત્વચામાં લોહી પૂરતા પ્રમાણમાં વહે છે. શ્વાસની હવાને હુંફાળી અને આર્દ્ર બનાવવા પૂરતો શ્લેષ્મ સ્રાવ વહે છે. અને તેનાથી રોગ-જીવાણુઓનો નાશ થાય છે. ફેફસાંમાં જતી હવા ભીની, હુંફાળી અને જીવાણુ-વિહીન બને છે.

કંઠનળી (Larynx)

નાકથી હવે વધુ આગળ વધતો શ્વાસમાર્ગ ગળાના પાછલા ભાગ (Pharynx)માં થઇ કંઠનળી આગળ આવે છે. કંઠનળી, શ્વાસનળીના ઉપલા ભાગ ઉપર, બાટલા ઉપર ગરણી મૂકી હોય તેમ, આવેલી છે. શ્વાસનળી બે ત્રિકોણાકારી તરુણાસ્થિના મિલનથી બની છે. એનો આગલો ભાગ ગળા ઉપર દેખાય છે, જેને આપણે હૈડિયો કહીએ છીએ. શ્વાસનળીનો પાછલો ભાગ V આકારનો ખુલ્લો છે. આ ભાગ ઉપર ગળજીભી(Epiglottis)નો પડદો છે. શ્વાસનળીની પાછળ અડીને જ અન્નનળી આવેલી છે. ખાતી વખતે કોળિયો અન્નનળીમાં જાય છે ત્યારે ગળજીભી આડી પડી શ્વાસનળીનું દ્વાર બંધ કરે છે. કોઈ વાર ખાતી વેળા બોલવાથી કે હસવાથી કદીક ગળજીભી ઊંચી થઇ જતાં અન્નકણ શ્વાસનળીમાં જાય છે, તો તેને બહાર કાઢી નાખવા માટે ઉપરાઉપરી શ્વાસોચ્છ્વાસની વેગીલી ક્રિયા ઉધરસના રૂપમાં થાય છે. આને આપણે 'અંતરસ ગયું' કહીએ છીએ.

કંઠનળી અવાજ પેદા કરનાર 'યંત્ર' છે. તેની દીવાલો હાડકાં, માંસપેશીઓ, ભીની અને ગુંજન પામે એવી આંતરત્વચા તથા હવાજગાઓની બનેલી છે. અત્યંત સ્થિતિસ્થાપક તંતુઓના બનેલા બે રજ્જુઓ કંઠનળીની બન્ને બાજુએથી પસાર થાય છે. એ રજ્જુઓ વીણાના તારના જેવા કંઠના સ્વર-તંતુઓ(Vocal cords) છે. સ્વરતંતુઓ વચ્ચેની ખાલી જગ્યા કંઠદ્વાર (Glotis) કહેવાય છે, કે જે દ્વારા ગળામાંથી આવતી હવા શ્વાસનળીમાં જાય છે શ્વાસનળી ચાર ઈંચ લાંબી અને એક ઈંચ પહોળી, તરુણાસ્થિની બનેલી છે. ખેંચાતા રહે એવી રીતે આવેલા સ્વરતંતુઓ ઉપર ઉચ્છ્વાસની હવા અથડાવાથી, સ્વરતંતુઓમાં કંપન (Vibration) થાય છે. આ વખતે શ્વાસમાર્ગમાં રહેલી હવા પણ કંપી ઊઠે છે અને અવાજ પેદા થાય છે. સ્વરતંતુઓનું કંપન એક સેકન્ડમાં હજાર વાર થાય ત્યારે અવાજ મોટો ને ઘેરો હોય છે. ઓછી ખેંચવાળા સ્વરતંતુઓ સેકન્ડમાં એંશી વાર કંપન પામે ત્યારે, કંપમાત્રા મોટી હોઈ હવાનાં મોટાં મોજાં ઉત્પન્ન થાય છે. આમ થવાથી તીક્ષ્ણ કે ઊંચો અવાજ પેદા થાય છે.

બાળકોની કંઠનળી ને સ્વરતંતુઓ ટૂંકાં હોવાથી તેનો અવાજ તીક્ષ્ણ ને ઊંચા સ્વરવાળો હોય છે. પુખ્ત વય થતાં કંઠનળી વધવા સાથે સ્વરતંતુઓ લાંબા થાય છે અને અવાજ બદલાય છે. કુમારવયમાં પ્રવેશ્યાની એ નિશાની છે. પુરુષમાં સ્વરતંતુઓની લંબાઈ ૭/૧૦ ઇંચ, અને સ્ત્રીઓમાં ૧/૨ ઈંચની છે. અવાજના ઘણા પ્રકારો છે: ઘાંટા પાડવા, ચીચિયારી પાડવી, સીટી વગાડવી, ધીમેથી કે મોટેથી બોલવું વગેરે. અવાજના આ બધા પ્રકાર અનુસાર સ્વરતંતુઓ લાંબા-ટૂંકા, જાડા પાતળા, એકઠા કે જુદા પડે છે. આ ક્રિયાઓ કંઠનળીની આસપાસ ગોઠવાએલી નાનકડી અને નાજુક સોળ માંસપેશીઓ દ્વારા થાય છે. બાળકનો અવાજ વાયોલીન જેવો, સ્ત્રીનો અવાજ સારંગી જેવો અને પુરુષનો અવાજ ઢોલ જેવો ગણાય છે.

કંઠનળી એક સંગીતવાદ્ય પણ છે. તેમાં વાયોલીન અને વાંસળીનું સંયોજન છે. આવું વાદ્ય માનવી અદ્યાપિ બનાવી શક્યો નથી. ઉચ્છ્વાસની હવાના પ્રવાહથી સ્વરતંતુઓ ગતિમાન થઇને, તે વાંસળીરૂપ બને છે. હવાના ફુંફાડાથી કંપ પામતી જીભથી સ્વરતંતુઓ વાયોલીનના તારરૂપ બને છે. કંપન પામતા સ્વરતંતુઓ જે રીતે હવાને છિન્નભિન્ન કરે તે રીતની સૂરની ધ્વનિ-કક્ષા હોય છે. શ્વાસનળી, કંઠનળી, ફેફસાં, નાક, મોં વગેરે બધાં જ અવયવો ગુંજન પ્રતિધ્વનિ પાડતી જગ્યાઓ છે. આ જગ્યાઓની ક્રિયા—ગતિ પ્રમાણે પહાડી, મૃદુ, મીઠો, તીક્ષ્ણ વગેરે સૂરોના પ્રકારો કંઠમાંથી ઉદ્ભવે છે.

થોડાં ઉપયોગી પુસ્તકો

हमारी आदिम जातियाँ: ભારતની આદિ જાતિઓ, તેની સભ્યતા, ગીતો, કથાઓ, નૃત્યો, ધર્મો અને ઉત્સવો વગેરેની સવિસ્તર હકીકતો આપતું પુસ્તક. લેખકો: ભગવાનદાસ કેલા અને અખિલ વિનય. પ્રકાશક: ભારતીય ગ્રંથમાલા, દારાગંજ, અલાહાબાદ. ૩-૮-૦. **વિજ્ઞાન મંદિર**: કેટલાક મહાન વૈજ્ઞાનિકોનાં જીવન અને તેમની જીવન કૃતિઓનો પરિચય કરાવતું પુસ્તક. લેખક: કાંતિલાલ છગનલાલ પંડયા. પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી લિમિટેડ મુંબાઇ. ૪-૦-૦.

ફોટોગ્રાફી: એ અદ્યતન કલાના રસિકોને ઉપયોગી અને માર્ગદર્શક માહિતીઓથી ભરપૂર અને એક કાબેલ કલાકારના હાથે પ્રમાણભૂત રીતે લખાએલું એ વિષયનું એકમાત્ર ગુજરાતી પુસ્તક: સુધારેલી-વધારેલી ત્રીજી આવૃત્તિ. લેખક: જનાર્દન યશવંત દિવે. પ્રકાશક: ધી અમદાવાદ ફોટો ડીપો. ગાંધીરોડ, અમદાવાદ. ૫-૦-૦. **કેળવણી વડે ક્રાન્તિ**: વિઠ્ઠલદાસ કોઠારીએ સંપાદિત કરેલો ગુજરાત વિદ્યાપીઠનો ઇતિહાસ. પ્રકાશક: ગુજરાત વિદ્યાપીઠ-અમદાવાદ-૯. ૩-૦-૦.

સાઈકલદોડની શરત

આવતા માસ--માર્ચની તા. ૪થી ૧૧ના સપ્તાહ દરમ્યાન નવી દિલ્હીમાં પ્રથમ એશિયન ઑલિમ્પિક રમતોત્સવ ઉજવાવાનો છે, તેમાં એશિયાના ૧૩ દેશોના યુવાનો જે વિધવિધ હરીફાઇઓમાં ઊતરશે, તેમાં સાઈક્લિંગ પણ હશે. આ લેખના લેખક પોતે અમદાવાદ ઑલિમ્પકની સાઇકલ દોડમાં આગળ આવનારાઓ પૈકી એક હોવા ઉપરાંત સાઇકલ શરત વિષે બહોળું વાચન ધરાવે છે.

—લેખક—

શ્યામસરન અગ્રવાલ

સાઇક્લિંગની શરતનો આપણા દેશમાં હજી જોઇએ તેટલો વિકાસ થયો નથી. ખુદ ઇંગ્લંડ કે જ્યાંના (માંચેસ્ટરના) રેઈસિંગ સાઈક્લિસ્ટ રેજ હૅરિસે હમણાં લાગલાગટ બે વરસ સુધી આખા વિશ્વની પ્રોફેશનલ સ્પ્રિન્ટ (સાઇક્લિંગ) ચૅમ્પિયનશિપ મેળવી છે, તે દેશના પણ મેદાની રમતોના નિષ્ણાતો ચિંતા કરે છે કે યુરોપને મુકાબલે ઇંગ્લંડમાં સાઈકલશરત પર બહુ ધ્યાન નથી અપાતું. યુરોપના બીજા દેશો બીજી રમતો કરતાં સાઇક્લિંગને વધુ આગળ પડતી લેખે છે. ફ્રાન્સ, બેલ્જિયમ અને ઈટાલી વગેરે દેશોમાં તો દરેક મોટા શહેર દીઠ ઓછામાં ઓછા એકબે ટ્રૅક (રસ્તા) તો સીમેન્ટ કે આસ્ફાલ્ટના ઉત્તમ પ્રકારના બનાવેલા હોય છે જ; અને ફીલ્ડમાં રમાતી રમતો માટે તો ખાસ લાકડાનો ટ્રૅક બનાવેલો હોય છે, જ્યાં શિયાળાની આખી સીઝન દરમ્યાન નિયમિત તેની તાલીમ તથા રમતો ચાલતી જ હોય છે. એવા લાકડાના નાના ટ્રૅક આઠ રાઉન્ડે એક માઇલની ગણત્રીએ બનાવેલા હોય છે, જ્યારે મોટા તેથી બમણા હોય છે. ત્યાંના ઉત્તમ સાઇક્લિસ્ટો તો અઠવાડિયાના અમુક મુકરર દિવસે આખું વરસ એની પ્રૅક્ટિસ કરતા જ હોય છે.

દરેક રમતની માફક સાઇક્લિંગમાં પણ આગળપડતા ખેલાડીઓની સંખ્યા તો આંગળીના વેઢે ગણાય તેટલી જ હોય છે. આવા ખેલાડીઓ પ્રૅક્ટિસ દરમ્યાન પણ એકબીજા સાથે હરીફાઇમાં જ રમતા હોય છે, જેથી વાર્ષિક ઑલિમ્પિક આવતાં એકબીજા વિષે, ઘણું સમજી ગએલા હોય છે પ્રૅક્ટિસ દરમ્યાન બીજા ખેલાડી વિષે તેની આવડત વિષે નવું જાણી લેવું અને પોતાની ખુબીઓ બીજાને ન દર્શાવવી તે પણ રેજિનાલ્ડ હૅરિસની ફતેહની એક ચાવી હતી.

દરેક ચૅમ્પિયનશિપની રમતમાં હૅરસ કાંઈક પણ નવો નુસ્ખો રિઝર્વમાં રાખે છે, તે હૅરિસે સેમીફાઇનલમાં ડર્કસનને ને ફાઈનલમાં વેનવ્લાઇટને શિકસ્ત આપી પુરવાર કરેલું છે. ડર્કસન અને વેનવ્લાઈટ જેવા મહારથીઓ સામે માત્ર વેગ વડે જીતી જવું અશક્ય છે. કુનેહ ને યુક્તિઓ તેમાં મોટો ભાગ ભજવે છે. હૅરિસની યુક્તિઓ કોઈ પણ બે પ્રસંગે સમાન હોતી નથી. તે ખરેખર યુક્તિઓના ભંડાર સમો છે.

સફળ સાઈક્લિસ્ટ થવાના પ્રથમ ચરણ રૂપે સાઇકલ પર 'બેસતાં શીખવું" જરૂરી છે. આમાં કદાચ મજાક લાગશે; પણ ઘણી વાર શ્રેષ્ઠ બાંધાનાં ખેલાડીઓ પણ સાઈકલ પર બેસવાની ખરી પદ્ધતિથી અજાણ જોવામાં આવ્યા છે. ઘણાખરાની ખોટી માન્યતા હોય છે કે સાઈકલની સીટ ઊંચી અને હૅન્ડલ છેક નમેલું જોઇએ. જ્યારે ખરી રીતે પહોળા અને સપ્રમાણ નમેલા હૅન્ડલ-બારના મધ્યબિન્દુની સમાનરેખાએ સીટની અણી હોવી જોઈએ. સાઈકલે બેઠા પછી બંને પગના પંજા જમીન પર ટેકવી શકાય તેટલી જ ઊંચાઈ સીટની હોવી જોઇએ. સીટ પર ગોઠવાયા પછી અંગોમાં બધી રીતે આસાની જણાવી



લાગલાગટ બે વખત અખિલ જગત હરીફાઇમાં પ્રથમ આવનાર ઇંગ્લંડનો ૩૦ વરસનો નામચીન સાઇક્લિસ્ટ રેજિનાલ્ડ હૅરિસ વિજય રેખાને વીંધીને પાર નીકળતો

'હૅરિસ કિક'ના નામથી તેણે શોધેલી પગ મારવાની પોતાની વિશિષ્ટ કરામત વડે તે કલાકના ૧૦ માઈલની ઝડપમાંથી ૪૦ માઈલની ઝડપ ઉપર આંખના પલકારામાં પહોંચી જઇને હરીફોને પાછળ ફગાવી દે છે. એ વેગમાં પોતાનો પગ પૅડલ પરથી લપસી ન જાય તે માટે એ, પૅડલમાં બરાબર ફિટ થાય તેવી ખાસ ધાતુની એ પ્લેટ પોતાના જોડાને તળિયે જડાવે છે. સાઇકલ દોડની ખાસ કરામત તો, પોણી રમત સુધી એકધારા વેગથી દોડતા રહીને, સામેથી સૂસવતા પવનથી બચવા કોઇ હરીફને ઓથે યોગ્ય જગ્યા જમાવી લેવામાં છે. પછી છેલ્લા ૨૨૦ વાર બાકી રહે તેમાં મોખરે નીકળી જવું જોઇએ. હૅરિસ એ વખતે વીજળીના ઝબકારાની જેમ, ક્ષણાંશમાં જ, ચાર ગણો વેગવધારી દઇને એવો તો જબ્બર ધસારો કરે છે કે નિમિષમાત્રમાં તો તે બધા હરીફોને હાંફતા મૂકી વિજયરેખા પાર કરી જાય છે. છેલ્લી વાર તેણે ૨૨૦ વારનું એ અંતર માત્ર ૧૧॥ સેકંડમાં કાપ્યું હતું! આ અસાધારણ વેગ પકડવાની પોતાની પ્રખ્યાત 'કિક' હૅરિસે અનેક અખતરા અને શાસ્ત્રીય ગણત્રીબંધ પ્રયોગો પછી મેળવી છે.

જોઇએ. કાંડા ઉપર **અસામાન્ય** દબાણ પડે તો સમજવું કે શરીરનું સમતોલપણું જળવાયું **નથી**. પગના પંજા માટે પૅડલ સાથેની ચામડાની સ્ટ્રૅપ અથવા પૅડલ-ક્લિપ સિવાય રેસિંગ સાઈકલ પર બેસવાનો અખતરો સલામત ન કહી **શકાય**. રેસ-રમતમાં બંને જરૂરી છે. તે ઉપરાંત પગ આગળપાછળ લપસે નહિ તે સારુ બૂટનાં તળિયા વચ્ચે ચામડાની એક જાડી સમચોરસ પટ્ટી બેસાડવી સલાહભરી છે. આ સ્ટ્રૅપ અને ક્લિપની જરૂરિયાત સમજી લેવા જેવી છે. પૅડલ

મારવાનું કામ મોટા ભાગે પગની ઘૂંટીને કરવું પડે છે. પૅડલ દબાવતાંની સાથે તમારી એડી નીચે જાય છે અને પૅડલ ઉપર ખેંચાતાં એડી પણ ઉપર આવે છે. સ્ટ્રૅપ અને કિલપ આ ચઢઊતરમાં મદદ કરે છે, જેથી ડબલ ચલનશક્તિ ઉદ્ભવે છે. આનો મહાવરો એટલા વધુ પ્રમાણમાં હોવો જોઇએ કે જેથી તે ટેવનું જ સ્વરૂપ લઇ લે.

પગના સ્નાયુઓ સાથે કમ્મરના સ્નાયુઓ પણ હીલચાલ કરે છે. એટલે શરૂઆતમાં એકબે માઇલ રોજની પ્રૅક્ટિસ ધીમી ગતિએ કરતા રહેવું જેથી આ સ્નાયુઓ પણ ટેવાઈ જાય. તાલીમમાંથી પાછા ફરતાં ખેલાડીને શાવર-બાથ અને માલિશ શરૂઆતનાં પંદર દિવસ પણ મળી રહે તો સોળમા દિવસે તે પોતાને હવામાં ઊડતો અનુભવશે. તાલીમની શરૂઆતમાં અઠવાડિયું લગભગ તો સ્નાયુઓના ખેંચાણનાં કારણે જહેમત જણાશે, પણ સ્નાયુઓ ટેવાયા બાદ પૂર ઝડપે એકધારા પાંચ માઈલ પણ રેસ કરતાં થાક નહિ લાગે.

ટ્રૅકના કરતાં રોડ રેઇસમાં પરદેશી ખેલાડીઓની ઠીકઠીક હરીફાઈ થઇ શકે છે, કારણકે રસ્તાઓમાં ખાસ તફાવત હોતો નથી. જોકે રોડ રેસમાં પણ પરદેશના ખેલાડીઓ આજે આશ્ચર્યકારક ટાઈમ નોંધાવે છે. તેનું કારણ એક જ છે કે તેઓ multi-speed-gears નો ઉપયોગ કરે છે. અગાઉના સમયમાં ખેલાડીઓ fix-wheel જ વાપરતા, જેથી ઢાળચડતાં ગતિ મન્દ પડી જતી ને ઊતરતી વેળા પગને સ્હેજે વિશ્રામ મળતો નહિ. રોડ-રેસના શૉખીનો તાલીમ માટે લાંબી મજલ પસંદ કરે છે. દસપંદર માઇલથી તેમને સંતોષ થતો નથી. તાલીમમાં પણ ચાર છ સાઇક્લિસ્ટોનો સમૂહ લાભદાયક નીવડે છે ને દરેક ખેલાડી દિવસો જતાં ગતિમાં પણ વિકાસ પામે છે.

જોકે આટલું નિર્વિવાદ છે કે જ્યાંસુધી સીમેન્ટના સારા ટ્રૅક તૈયાર ન થાય ત્યાંસુધી બીજા દેશોના સીમેન્ટ ટ્રૅક પર દોડનારા સાઇક્લિસ્ટોની સરખામણીમાં આપણા સાઈક્લિસ્ટો કેળવાઇ નહિ જ શકે. સામાન્યરીતે આપણે ત્યાં ઘાસના ટ્રૅક હોય છે. તે પણ સારીરીતે કપાવેલા, પ્રેસ કરેલા અને સપાટ રાખવા જોઈએ. મિ. બી. જે. ઈવાન્સ આ વિષે લખતાં જણાવે છે કે મુંબાઇનાં કૂપરેજના મેદાન પરની રેસ મેં જીતી ત્યારે ઘાસના ટ્રૅક પર મારો પહેલો પ્રસંગ હતો. શરત દરમ્યાન સપાટ જમીનવાળા ટ્રૅકના છેડે ખૂણા પર વળાંક લેવા અંગે મને ઘણી ધારતી હતી, પણ છેલ્લી ઘડીએ કાંઇક નવું જ અજમાવી શકેલો. મારી સાઇકલને [ડાબી બાજુનો ક્રૅન્ક છ ઇંચ લાંબો અને જમણી બાજુ ચાલુ સાડા છ ઇંચ લાંબો હતો. ઠેઠ સુધી મેં એટલી પ્રૅક્ટિસ કર્યે રાખી કે છેવટે બંને ક્રૅન્ક વચ્ચેનો તફાવત જ હું વિસરી ગયો. પરિણામે ખૂણા પર જ હું મારા દરેક હરીફને હરાવી શક્યો અને કોઈ જ હરીફને આ બાબતની ગમ પડી શકી નહિ.

કેટલાક સાઇક્લિસ્ટો 'સ્પ્રિન્ટ'-(એટલે ધસી જવા)માં સારા હોય છે, જ્યારે બીજા ખેલાડીઓ લાંબા અંતરે ટકી જવામાં સફળ થાય છે પરંતુ પા-અરધો માઈલ પણ સળંગ પૂર ઝડપે ધસી જઇ શકતા નથી. પણ બેઉ પ્રકારના ખેલાડીઓએ એક જ પદ્ધતિથી તાલીમ લેવી ઘટે. સીઝન શરૂ થતાં ટ્રૅક પર દરરોજ સાંજના દસેક માઈલ સુધીની પ્રૅક્ટિસમાં ચારછ ખેલાડીઓ હોવા ઉત્તમ છે. ટ્રૅકના લેવા જેટલા રાઉન્ડ અગાઉથી નક્કી કરીને, એક શખ્સને ફિનીશ લાઇન (પૂર્ણરેખા) પર ઊભો રાખવો, કે જે દર રાઉન્ડે બાકી લેવાના રાઉન્ડોની સંખ્યા પોકારતો રહે ઊપડતાંની સાથે જ ધસીને આગળ નીકળી જવાની વૃત્તિ ન રાખવી. મુખ્ય મુદ્દો તો સમતોલપણું સાધીને અને ગોઠવાઇને સાઇક્લિંગની ઢબ કેળવવાનો હોય છે. ટ્રેનિંગનો શ્રેષ્ઠ પ્રકાર તો એ જ કે સમૂહમાંથી એક ખેલાડી પૂરા એક રાઉન્ડ જેટલી આગેવાની કરે, અને ત્યારબાદ બીજો, ત્રીજો, ચોથો એમ વારાફરતી આગેવાની પકડતાં આખી મજલ પૂરી કરે. ક્યારેક એકાદ ખેલાડી આત્મવિશ્વાસ ઉપર સમૂહમાંથી અણધાર્યો આગળ ધસી જઇને નીકળે ને છેક સુધી આગળ ધપતો રહે ત્યારે પણ ખરી મઝા રહે છે.

જ્યારે છેલ્લો રાઉન્ડ પોકારવામાં આવે ત્યારે સર્વે ખેલાડીઓ ધસારા (સ્પ્રિન્ટ) માટે તૈયાર થઇ જાય. જોકે ખરો ધસારો તો ફિનીશ લાઈનથી લગભગ બસો વાર જેટલા અંતરેથી જ શરૂ થાય છે. પણ છેલ્લો રાઉન્ડ પોકારતાં સાથે કદમ જલદ તો થઈ જ જાય છે. કેટલીક રેસોમાં છેલ્લા રાઉન્ડે ઘંટડી વગાડવામાં આવે છે. તાલીમ દરમ્યાન રેસનો દિવસ નજીક આવતાં દરરોજના પાંચેક માઈલની પ્રૅક્ટિસ પણ બસ થઈ રહે છે. છેલ્લા ગણત્રીના દિવસોમાં તો કેટલાક માત્ર સ્ટાર્ટ અને સ્પ્રિન્ટ જ દોડવાની પ્રૅક્ટિસ કરતા હોય છે.

એક વસ્તુ ખાસ કાળજી માગી લે છે: સ્પ્રિન્ટ શરૂ કરતાં અથવા ઢાળ ચડતાં કદી પણ બેઠક પરથી ઉચકાવું નહિ. ઉલટું, સારો ખેલાડી બેઠક પર જામીને સજ્જડ ગોઠવાઈ રહે છે અને પરિણામે ઉચકાવામાં ક્યારેક ખાવા પડતાં ઝોલાથી બચી જાય છે. બીજી અગત્ય એ કે દોડતાં દરમ્યાન ક્યારેય પણ પાછા વળીને જોવાનો પ્રયાસ ન કરવો. તેમ કરતાં ક્યારેક પડી જવાય છે. પાછળથી આવનારના પડછાયા પરથી અથવા તેમના ટાયરોના સુસવાટથી જ તેમને પારખી લેવા જેટલાં આંખ અને કાન કેળવવાં.

સાઇક્લિંગ વિષે અથાક લખી શકાય તેમ છે; કેમકે આ રમતમાં સાહસ, રોમાંચ અને આનંદનો પાર નથી. રેજ હૅરિસની માફક સ્નાયુબળ સાથે બુદ્ધિબળ પણ વાપરવાની મુખ્ય જરૂર છે. વળી જ્યાં સુધી તમારામાં નિરપવાદરીતે શરૂથી આખર સુધી એકધારી ઝડપે મોખરે રહીને બધાને હંફાવ્યે જવાની શક્તિ ને આત્મવિશ્વાસ ન હોય ત્યાં સુધી ઊપડતાંની સાથે ધસી જવાનો પ્રયાસ કરવો નકામો છે. શરૂઆત થતાં ધસી નીકળનાર આગળ રહીને સામા પવનનો ઝપાટો સહેવાનું ગધ્ધાવૈતરૂં ભલે કરતો. બેત્રણ રાઉન્ડ મારતાં તો તેને બેસી જવું પડશે, અને ત્યાર બાદ તમે તેની જગ્યા સહેલાઈથી લઈ શકશો. તેમ છતાંય તમે મોખરે કદાચ ન રહી શકો તોપણ બીજો કોઈપણ મોખરે ન રહે તે જોતાંની સાથે તમે છેલ્લા રાઉન્ડનો ઘંટ વાગતાં સફળ સ્પ્રિન્ટ મારી જવા સારુ ઠીકઠીક નંબરે રહી શકો તે તમારે જોવાનું રહે છે જ.

ઉપરની બધી બાબતોની મઝા તો જાતે પ્રયોગ કરીને શીખવામાં છે; પણ એટલું ય ચોક્કસ છે કે ક્રિકેટ અથવા હૉકી જેટલી જ મઝા, ગમ્મત, સ્વાસ્થ્ય ને શક્તિ આ રમતમાંથી પણ પામી શકાય છે.

કાકી : અને ઇતિહાસની પરીક્ષામાં જગુને કેટલા માર્ક મળ્યા?

બા : બહુ જ થોડા, પણ એમાં જગુનો જરાયે વાંક નથી. અરે! એ જન્મ્યો છે એ પહેલાં બનેલી બાબતો વિષેના સવાલો એ બિચારાને પૂછેલા, તે પછી ક્યાંથી આવડે?

~

રમુભાઇએ કેટલાક છોકરાઓને એક કૂતરાની ફરતા ગોળાકારમાં બેઠેલા જોયા. એમણે તેમની પાસે જઇ પૂછ્યું: 'અલ્યા, શું કરો છો?'

'અમે વક્તૃત્વ ચલાવી રહ્યા છીએ. જે મોટામાં મોટું જુઠાણું કહે, તે આ કૂતરો જીતી જાય.' એકે કહ્યું.

એટલે રમુભાઇ બોલ્યા : 'કેવા છોકરાઓ છો તમે? હું તો નાનો હતો, ત્યારે કદી પણ જૂઠું ન બોલતો—'

અચાનક એક છોકરો વચ્ચે બોલી ઊઠ્યો : 'રમુભાઇને કૂતરો આપી દે, કીર્તિ!'

પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૨૬ મો : માહ ૧૯૮૨

આજથી પચ્ચીસ વર્ષ પહેલાં, આર્યધર્મની ઉદ્દઘોષણા કરનાર મહર્ષિ દયાનંદ સરસ્વતીની જન્મશતાબ્દી ઊજવાઈ તેના સ્મરણમાં એ માસના 'કુમાર'માં શ્રી ઝવેરચંદ મેઘાણીએ લખેલા ચરિત્ર પ્રસંગો સ્વામીજીની ત્રિરંગી તસ્વીર સાથે અપાએલા. આજ સવાસો વરસે પણ તેનો પ્રવેશક નોંધપાત્ર છે :

'અંબાશંકરના પુત્ર એ મૂળશંકરે આજથી બરાબર સો વર્ષ પર જ્યારે જગત ઉપર પ્રથમ આંખો ઉઘાડી ત્યારે રાજ્યક્રાન્તિઓના વા સૂસવતા હતા. ક્ષત્રિયોની થાકેલી સમરશક્તિએ નીંદરની સોડ ખેંચી હતી. મુઘલ રાજ્યનો દીવો બુઝાઇ ગયો હતો. પેશ્વાઇનો સિતારો આથમતો હતો. થોડી વાર જાગતો હતો કેવળ પંજાબનો શાર્દુલ રણજીતસિંહ. લૂટાલૂટ મચી હતી. મારે તેની તલવાર હતી. સમાજના હૃદયમાંથી રૂઢિના જખ્મોએ રુધિર વહેતાં કર્યાં હતાં. મૂર્તિપૂજા પાખંડની પરિસીમા પર પહોંચી ચૂકી હતી. અબળાઓ અને શૂદ્રો ધર્માભ્યાસના અનધિકારી બની, માતાનાં સ્તન પરથી આઘે ફેંકાએલાં ધાવણાં શિશુઓની માફક, ત્યજાયાં હતાં. દરિયા-પારથી આવીને પાદરીઓએ વટાળની જાળો પાથરી હતી. યુરોપી જડવાદનું વાવાઝોડું ગાજતું હતું. હિંદુ ધર્મ જુલ્મોની ચક્કી બની બેઠો હતો. ઇસ્લામનાં આક્રમણો આવતાં હતાં.

એવા અંધકારમાં મૂળશંકર અવતરે છે. ચૌદ વર્ષની વયે તો વેદપાઠ કંઠસ્થ કરે છે. ચુસ્ત શિવધર્મી પિતાને પગલે વ્રતઉપવાસ આદરે છે. એવે માઘ માસની અમાસ(શિવરાત્રી)નાં અંધારાંમાંથી, દૂધિયા દાંતવાળા એ બાળકને, મહાદેવની મૂર્તિ પર મસ્તી કરતા ઉંદરડાઓએ અસતને ઉઘાડું પાડી ગુરુગમનની ચાવી દેખાડી; સોળમે વર્ષે વહાલી બહેનના મૃત્યુએ એની સામે સંસારસુખના માયાજાળ ચીરી બતાવી;ને વીસમે વર્ષે તો એ માતપિતાને રડતાં મૂકી સત્યની શોધમાં સંચર્યો. આકરાં મંથન આદર્યાં. જીવનનું નવનીત વલોવીને જગતને દીધું ને પોતે જગતનું ઝેર ઘોળીને પીધું. નવયુગનો એ ગૌતમ બુદ્ધ દયાનંદ આજે ભલે થોડો વિસરાયો હોય, અસતને આરાધતી દુનિયાએ ભલે એનાં મૂલ અધૂરાં મૂલવ્યાં હોય, પણ એનાં કર્યાં તો બીજાથી હજુ સુધી નથી થયાં. એ સત્યવીર, સામર્થ્યવીર, વિદ્યાવીર, દેશવીર ને ક્ષમાવીરનું જીવન કેટકેટલે વિવિધ સ્વરૂપે દસે દિશામાં ઝળહળેલું છે તે બતાવતી થોડી ઘટનાઓ' એ અંકમાં આપેલી હતી, તેમાંનો માત્ર છેલ્લો મૃત્યુપ્રસંગ અહીં ઉતાર્યો છે :

'એક દિવસ સ્વામીજી જોધપુરનરેશને દર્શન દેવા ગયા. ત્યાં જોધપુર મહારાજની રખાયત વારાંગના નન્નીજાન બેઠી હતી. સ્વામી-જીને દેખીને મહારાજાએ નન્નીજાનની પાલખી ઉઠાવી જવા ઈશારત દીધી. એ તો ચાલી ગઈ; પણ સ્વામીજીનું હૃદય પરિતાપથી ચીરાઈ ગયું. એ જ વખતે એ ધર્મવીરે લગારે થડકચા વગર સ્પષ્ટ ધિક્કાર-નો ધોધ વહેતો કર્યો : "રાજન્ ! રાજાઓ સિંહ સમાન ગણાય છે, અને વેશ્યાઓ તો કૂતરીઓ છે. વીર કેસરી કૂતરીઓ ઉપર મોહે ?" પરંતુ બીજી બાજુ નન્નીજાનના મનસૂબામાં સ્વામીજીનો કાળ રમવા લાગ્યો. કાવત્રાં શરૂ થઈ ચૂક્યાં.

સંવત ૧૯૪૦ના આસો વદી ચૌદશની રાત્રિએ સ્વામીજીએ પોતાના રસોયા પાસેથી દૂધ લઇને પીધું; પોઢી ગયા. જરા વાર આંખો મળી ત્યાં તો પેટમાં વેદના ઊપડી. જાગી ઊઠચા. ત્રણ વાર ઊલટી કરી; પણ પાસે સૂનેલા સેવકોને ન જગાડચા. પ્રભાતે પોતે ઊઠચા; વેદના ઊપડી; ઊલટી કરી. પણ જીવ મોળો પડવા લાગ્યો. જઠરમાં શૂળા પરોવાવા લાગ્યા. દાક્તરો દોડચા આવ્યા. કૈંક ઓ-ષધિઓ આપી. પણ ગળું સુકાવા માંડ્યું. લોહીના બિંદુ એ બિંદુ-માંથી જાણે કે જીવન શોષાતું ગયું. છતાં ન અરેરાટ, ન સિસકાર કે ન ગભરાટ. આખરે બહુ દવાઓને પરિણામે એમનો આત્મારામ થોડા દિવસ ટક્યો. પણ બિછાનામાં કાળી બળતરા ઊઠતી હતી.

એવી દશામાં સ્વામીજીને આ વિષપ્રયોગના કાવતરાની જાણ થઈ. એ મહાજ્યોતને બુઝાવનારા જગન્નાથ રસોયાને એમણે પોતાની પાસે બોલાવ્યો. જગન્નાથે અપરાધ કબૂલ કર્યો. મહર્ષિની ગંભીર મુખ-મુદ્રાની એક રેખા યે ન બદલી. દયાર્દ્ર શબ્દે એમણે કહ્યું. "ભાઈ જગન્નાથ! મને બીજું કાંઈ નથી, પણ મારા જીવનનું કામ અધૂરું રહી ગયું. પણ કાંઈ નહિ, ભાઈ; લે આ થોડા રૂપિયા. તું તાબડતોબ આ રાજ્ય-ના સીમાડા છોડી દે. નેપાલમાં જઇને છુપાઈ જા. નહિતર, અહીં જો જરા પણ વાત ફૂટશે તો તારા લોહીનું ટીપું યે ટીપું નિચોવી લેશે." પંદર વરસ વેશ પલટીને જગન્નાથે ટિબેટમાં કાઢ્યાના પુરાવા મળે છે.

આવતી પેઢીને માટે માગેલા ભદ્ર પુરુષોના સંદેશાઓ પૈકી ત્રણ એ અંકમાં આવેલા, જેમાંનો મેજર (પછીથી કર્નલ) જોરાવર-સિંહજીનો સંદેશ એ સમયે હતો તેટલો જ—બલ્કે વધુ આજે ય પ્રેરક છે, અને તત્કાલ આચરણમાં ઉતારવા જેવો છે. એની પાછળ રહેલી દૂરંદેશીના પણ આજે પ્રતીતિ થાય છે : 'જે સ્વાધીનતા જોવાનું અમારા જેવા વૃદ્ધોને લલાટે કદાચ ન યે લખાયું હોય તે સ્વાધીનતા ભોગવવાનું તમારા ભાગ્યમાં તો અવશ્ય સરજાયું હશે એમ મારો અંતરાત્મા સાક્ષી પૂરે છે. ...દેશને સ્વરાજ્ય મળે તો પણ તે સાચવી રાખવાની યોગ્યતા તેનામાં હોવી જોઈએ...એવી યોગ્યતા ઊંચા પ્રકારની લશ્કરી તાલીમ લીધા વિના ન મળે... લશ્કરી ઊંચામાં ઊંચી પદવીઓ મેળવવાનો માર્ગ જે આર્યાવર્તના વતનીઓ માટે પહેલાં સદંતર બંધ હતો તેનાં દ્વાર હવે ખુલ્લાં છે. તેમાં ધસારો કરી પ્રવેશ કરો ને ભાવી પ્રભુને સોંપો. જ્યાં મનુષ્યમાં ટેકવાળો નિરધાર હોય છે ને પરમાત્મામાં શ્રદ્ધા હોય છે, ત્યાં વિજય અવશ્ય સાંપડે છે...બાળક માત્ર વિદુર થવા સરજાયાં નથી. ભીમસેનોની પણ દેશને એટલી જ—બલ્કે વધારે જરૂર છે. તમારામાં બળ હશે તો તમારો વિરોધ કરતાં બીજા અચકાશે. એ બળ મેળવી તેને દીનની રક્ષા કરવામાં વાપરજો.'

સ્કાઉટિંગ ઉપરની લોકપ્રિય બનેલી લેખમાળાના 'જંગલમાં રસોઇ' નામે આ અંકમાંના લેખનો એક ઉપયોગી ફકરો :

'સાધનમાં માત્ર એક લોટો ને કામળો રાખી ફરતા સાધુ તો તમે જોયા હશે. તેઓ આ બે જ વસ્તુ લઇને ઠેઠ રામેશ્વરથી હર-દ્વાર ને જગન્નાથપુરીથી દ્વારકા, પગે ચાલી, હાથે રસોઇ પકાવી

મુસાફરી કરે છે. આનું નામ તે રકાબટિંગ! માત્ર પહોળા મોઢાના એક જ લોટા વતી તમે તેમને કદિ ગામને પાદરે રસોઇ કરતાં જોયા છે? તેઓ છાણાંનો, નાનાં ગોળ પગથિયાં જેવો, આટ ખડકે છે, ને તે સળગાવી, પોતાના લોટામાં દાળ અથવા ખીચડી રાંધવા મૂકે છે. શાકમાં તો તેની પસંદગી ઝાઝે ભાગે કદ કે રીંગણાં પર હોય કે જેનો ઓળો અથવા ભડથ થઈ શકે. લોટની કણક જાડા કપડા ઉપર બાંધી, હાથ વતી નાની ગોળ બાટી બનાવે છે, અને આટની ફરતી તે પકવવા ગોઠવે છે. જો સજળ નદી હોય અને વગર વાસણે રસોઇ બનાવવી હોય તો નીચે પ્રમાણે થઇ શકે છે: નદીના વહેણથી થોડે છેટે એક વીરડો ગાળી, એકાદ ઇંચ પાણી દેખાય એટલે લુગડાના કટકામાં ચોખા કે ખીચડીની પોટલી બાંધી તેમાં મૂકી, ઉપર રેતી વાળી દેવી. પછી તે પર એક સારો તાપ કરવો અને તે તાપની મદદથી ઓળો અથવા ભાખરી પકાવવી હોય તો તેમ કરી લેવું. ઉપરની ગરમીથી ને તળિયાના પાણીથી ચોખા કે ખીચડી રંધાઇ જશે. પછી ગુંદા ખાખરા યા વડનાં પાંદડાંનાં પાતર ને પડિયા બનાવી જમવા બેસવું. આનું નામ તે વગર વાસણે રસોઇ! કૅમ્પમાં જાઓ ત્યારે આ પ્રયોગ કરી જોવા જેવો છે.

ચલણી નોટોમાં આંકડા ઉપરાંત આખી રકમ જુદીજુદી ભાષાઓના અક્ષરોમાં પણ લખેલી હોય છે. પરદેશની નોટોમાંથી તે ઓળખી કાઢવા માટે દરેક ભાષાના અક્ષરો ઓળખાવતું એક મોટું કોષ્ટક એ અંકમાં આપેલું તેનો બ્લૉક આ સામે છાપ્યો છે.

ENGLISH	...	અંગ્રેજી
FRANÇAIS	...	ફ્રેંચ ...
ITALIANO	...	ઈટાલીઅન
ESPAÑOL	...	સ્પેનિશ
PORTUGUEZ	....	પોર્ટુગીઝ
DEUTSCH	...	જર્મન
HOLLANDSCH	...	ડચ ...
NORSK ...	...	નૉર્વેજીઅન
VLÄMSCH	...	ફ્લેમિશ
По-русски	...	રશીઅન
DANSK ...	...	ડેનિશ
SVENSK ...	...	સ્વિડિશ
עברית ...	...	હિબ્રૂ
தமிழ் ...	...	તામિલ
Ελληνική	...	ગ્રીક ...
ملايو ...	...	મલાયન
فارسی ...	...	ફારસી
తెలుగు ...	...	તેલુગુ
বাঙ্গালা ...	...	બંગાળી
ไทย ...	...	સીઆમીઝ
اُردو ...	...	હિંદુસ્તાની-ઉર્દુ
ગૂજરાતી ...	...	ગૂજરાતી
عربی ...	...	અરબી
မြန်မာစာ ...		બરમી
ترکجه ...	...	ટર્કિશ
語本日 ...	...	જાપાનિઝ
සිංහල ...	...	સિંહલિઝ
語國中 ...	...	ચાઈનિઝ

વળી એ અંકમાં પ્રકટ થએલું સીફારશ વિષેનું એક અવતરણ માર્ગદર્શક છે: 'જુવાન માણસોને આગળ વધતા તથા સ્વાશ્રયી થતા અટકાવનારી એ એક ભુંડી બલા છે. 'જેની હોય વગ, તેનો પેસે પગ' એ આપણી અધોગતિએ પહોંચેલી પુરુષાર્થહીન સ્થિતિનું દર્શન કરાવનારી શરમભરી કહેવત છે. 'વગ' એ એક જ એવી વસ્તુ છે કે જેને આશરે રહી જુવાનો પોતાનું જોમ બતાવતા અટકે છે અને પોતાનું દૈવત ખીલવી શકતા નથી. સીફારશ તો અપંગોને અનાથો માટે છે. જેની અક્કલ આંધળી બની ગઈ છે અને ચેતન ઓસરી ગયું છે એવાઓને ટેકવીને દોરવાને માટે સીફારશની લાકડી જોઈએ. આશાભર્યા તેજસ્વી જુવાનો માટે તો હાથ, પગ અને ભેજુ સલામત હોય તો બસ છે.'

નવાં પુસ્તકો

એક ધર્મયુદ્ધ: અમદાવાદના મિલમજૂરોની લડતનો હકીકતપૂર્ણ ઈતિહાસ કહેતી સ્વ. મહાદેવભાઈ દેસાઇની પુસ્તિકાની બીજી આવૃત્તિનું પુનર્મુદ્રણ. પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર–અમદાવાદ ૦–૧૨–૦; **સૌરાષ્ટ્રની મરજીવા અને અલગારી કોમો** જે પછાત છે તેનો સર્વાંગ પરિચય આપતું આછું રેખાંકન. પ્રકાશક: પછાત વર્ગ સમિતિ–રાજકોટ. ૦–૮–૦; **વ્રતપરિચય**: આપણાંને ખાસ કરીને ગુજરાત સૌરાષ્ટ્રમાં પ્રચલિત વ્રતોનો બોધક પરિચય કરાવતું સચિત્ર પુસ્તક. લેખક: મંગલજી ઉદ્ધવજી શાસ્ત્રી, પ્રકાશક: ચંદુલાલ સાકરલાલ દેસાઇ, ગાંધીરોડ–અમદાવાદ. ૫-૦-૦; **એશિયાની આઝાદીનો રાહ**: ચીનની લોકશાહી રચના સમજાવતા ત્યાંના નેતાઓનાં લખાણોનું ભાષાન્તર. પ્રકાશક: પીપલ્સ પબ્લિશિંગ હાઉસ–મુંબાઈ-૪. ૦–૪–૦; **ગુજરાત સાહિત્ય સભા અમદાવાદની ૧૯૪૮-૪૯નાં કાર્યવહી** પ્રકાશક: ગુજરાત સાહિત્ય સભા–અમદાવાદ. ૪–૦–૦; **કાલભોજ**: બાપા રાવળના યુગની ઐતિહાસિક નવલકથા. લેખક: રમણલાલ વ. દેસાઈ. ૪–૮–૦; **આશા-મિનારા**: વિ. સ. ખાંડેકરના પાંઢરે ઢગ (ધોળાં વાદળાં)નો અનુવાદ–કરનાર: ગોપાળરાવ વિદ્વાંસ. ૪–૮–૦; **અમલા**: ઉપેન્દ્રનાથ ગાંગુલી વિરચિત નવલકથાનો અનુવાદ–કરનાર: હરીશ નાયક ૨–૮–૦. ત્રણે પુસ્તકોના પ્રકાશક: આર. આર. શેઠની કંપની, કેશવબાગ, મુંબાઇ-૧; **સહુસહુના તાનમાં**: ઇટાલિયન નાટ્યકાર લુઇગી પિરાન્દેલોના Each in his own wayનું રૂપાંતર–કરનાર: જનુભાઈ છોટાલાલ મહેતા, પ્રકાશક: ગતિ પ્રકાશન લિ., અમદાવાદ ૧–૮–૦; **પુનર્જન્મ**: એક નવલોહિયા રાષ્ટ્રપ્રેમી યુવાનના જીવનની ચોડની કથા. મૂળ લેખક: શાને ગુરુજી, અનુવાદક: જયંત પરમાર ૩–૦–૦; **શાલિની**: નવો જ પ્રદેશ ખેડતી ભાવ અને ભાવનાના સુભગ આલેખનો કરતી વાર્તાઓ. લેખક: ડાહ્યાભાઈ પટેલ ૩–૮–૦, બંને પુસ્તકના પ્રકાશક: ભારતી સાહિત્ય સંઘ લિ, અમદાવાદ; **માતેમા** (ભાગ ૧લો ને ૨જો): સંસારના સત્ત્વ સમ 'મા'ના પાત્રની આસપાસ ગુંથાએલી નવલકથા લેખક: 'શયદા', પ્રકાશક: બે ઘડી મોજ પ્રિં૦ પ્રેસ, ફોર્ટ, મુંબાઇ-૧ બંને ભાગના ૧૦–૦–૦; **લતા અને બીજી વાતો**: ગુલાબદાસ બ્રોકરની, આજની યુવાનીના દૃષ્ટિકોણ અને સમાજમાં પ્રવર્તતા ચિત્રવિચિત્ર બળોના પ્રતિબિંબ પાડતી વાર્તાઓની બીજી આવૃત્તિ, પ્રકાશક: જીવન સાહિત્ય મંદિર અમદાવાદ ૩-૦–૦; **રામસાગર**: નવા જ ભાવવિચારો ભર્યા, અલંકારપ્રચુર અને સૌંદર્યપ્રેરક તથા મનોહર મધ્યકાલીન લઢણ અને રીતિના, 'સુધાંશુ'–દામોદર ભટ્ટના ભજનોનો સંગ્રહ, શ્રી દેશળજી પરમારની મનનીય પ્રસ્તાવના અને વિસ્તૃત ટિપ્પણ સાથે, પ્રકાશક: ભારતી સાહિત્ય સંઘ લિ., અમદાવાદ ૧. ૪-૦-૦; **ગુલાલ**: નટવરલાલ મ. પટેલનો કાવ્યસંગ્રહ. પ્રકાશક: સ્વયં, પ્રાપ્તિસ્થાન: મહાદેવીઆ બ્રધર્સ, મુંબાઈ ૧. ૩-૦–૦; **નિર્મળશ્યામ રસ**: દેવી શ્રી કુમારી નિર્મળદેવીના પ્રેમલક્ષણા ભક્તિભર્યા કાવ્યોનો સંગ્રહ, પ્રકાશક: સૌ. લક્ષ્મીબેન એચ. વોરા, મુંબાઇ ૩–૮–૦, શેઠ હીરાચંદ ગુમાનજી જૈન બૉર્ડિંગ સ્કૂલની સુવર્ણજયંતિ પ્રસંગે બહાર પાડેલ સંપાદન–કરનાર: રમણિક વી. શાહ, મુંબાઈ ૭.

છોટુભાઇ પુરાણી (અનુ૦ પૃ. ૩૮થી ચાલુ) ઉત્પન્ન કરવા મારું બનતું કરીશ એવું હું તમને વચન આપું છું. ગુજરાત એ બંગાળ નથી, પણ મને આ યોજના અમલમાં મૂકવા જેવી લાગી છે, એટલે હું તેને માટે કાર્ય કરીશ;–એ વિષેનું તમે વચન માગો છો તે વચન આપ્યા સિવાય પણ હું એ કામ કરીશ. પણ તમારે વચન જ જોઈતું હોય તો હું વચન આપું છું કે હું આ દેશની સેવા કરે, દેશને મુક્ત કરવામાં પોતાનું સર્વસ્વ આપે એવા ઓછામાં ઓછા દસ માણસો તૈયાર કરીશ.' એ વચન સિદ્ધ થયું છે તે તો આજે જાણીતી વાત છે.

પોતાનું એ વચન પાળવાને એમણે જૂના સંકલ્પ પ્રમાણે તરુણ ગુજરાતનું દેહઘડતર કરવાના પ્રયત્નથી શરૂઆત કરી. તેનું વર્ણન હવે એમના પોતાના જ શબ્દોમાં સાંભળીએઃ

"૧૯૦૭માં ભણતર પૂરું થતાં હું વડોદરા રાજ્યમાં નોકરી લઈ કળાભવનમાં દાખલ થયો. તે વખતે કળાભવન તથા 'પુરુષ શિક્ષણ-પદ્ધતિ શાળા' એક જ મકાનમાં અને એક જ ઉપરીના હાથ નીચે હતાં. ત્યાં લક્ષ્મીનાથ નામનો ત્રીજા વર્ષનો એક વિદ્યાર્થી મારા પ્રસંગમાં આવ્યો. દેશોન્નતિના વિચાર મારા મનમાં નિરંતર ઘૂમ્યા કરતા હતા અને એ બાબતની ચર્ચા હું વિદ્યાર્થીઓ જોડે પણ ખૂબ કરતો. સરકારનાં અપકૃત્યો સામે બખાળા કાઢવાથી આપણું કંઇ વળવાનું નથી, પણ આપણી નબળાઈઓ તથા ત્રૂટીઓ દૂર કરવાથી જ આપણું શ્રેય થશે એમ હું માનતો હતો. મારા વિચારોનો પ્રભાવ હું ઘણા વિદ્યાર્થીઓ પર પાડી શક્યો હતો. ભાઇ લક્ષ્મીનાથને ત્યાં કેટલાક યુવાનો મળતા હતા અને દર રવિવારે વિવિધ વિષયોની ચર્ચા કરતા હતા. એક વાર એ ભાઇઓએ તેમની સભાનું પ્રમુખ પદ લેવા મને કહ્યું.

મેં કહ્યું કે હું ભાષણકાર નથી, પણ અમલી કામ કરવાના વિચાર તથા યોજના મારી પાસે છે, તે, જો ઈચ્છો તો, તમારા મંડળ આગળ મૂકું. તેમણે તે કબૂલ્યું. હું ત્યાં ગયો. બધી ચર્ચા સાંભળી; અને પછી કહ્યું કે તમે બંગાળ જેવાં ત્રાસવાદી મંડળો અને ભૂગર્ભ પ્રવૃત્તિની વાતો કરી. હવે તમને હું પૂછું છું કે તેને માટે કુટુંબકબીલો છોડીને તમારામાંના કેટલા દેશને ખાતર મરી ફીટવા તૈયાર છો? એવા હોય તેમને તો મારું માથું નમે છે; પરંતુ જેઓ એવો નિશ્ચય ન કરી શકતા હોય તેમને કહું કે આમ કેવળ જોશીલાં ભાષણ કર્યે કાંઇ નહિ વળે, પણ કૈંક વ્યવહારુ કામ હાથ ધરવાથી દેશની સેવા સારીરીતે થઇ શકશે. હું જે અમલી કામ તમને સૂચવવા ઇચ્છું છું તે તમારા સૌથી થઈ શકે તેવું છે. તેમાં સરકાર કે માબાપ કોઇ આડે આવવાનો સંભવ નથી; છતાં દેશના ઉદ્ધારની દૃષ્ટિએ તે લેશ પણ ઓછા મહત્ત્વનું નથી—બલ્કે ખાસ અગત્યનું છે. માત્ર તેને માટે તમારા દૃઢ-અચળ સંકલ્પબળની જ જરૂર છે. પછી મેં વ્યાયામના પ્રચારથી આપણા દેશના યુવાનોની કમજોરી દૂર કરવાની સૂચના કરી, અને વાતો ન કરતાં હૃદયની બધી શક્તિઓ લગાડી એ કામમાં લાગી જવા સૂચવ્યું. આ વાતોની તેમનાં હૃદય ઉપર ચોટીલી અસર થઈ. ભાઈ લક્ષ્મીનાથે તત્કાલ જ પોતાના ઘર પાછળનો વાડો એ કામ માટે આપી દેવા કહ્યું, એટલે તે જ દિવસે ત્યાં જમીન સાફ તથા સપાટ કરી અને થોડા જ દિવસમાં ત્યાં દંડ-બેઠકનું કામ શરૂ કર્યું.

એમાં યે ઓછી મુસીબતો ન નડી. પહેલું તો એ કે લંગોટ-ચડ્ડી પહેરી ઉઘાડે શરીરે કસરત કરતાં જ કેટલાક જુવાનોને લાજ આવતી હતી. બીજું, એવા લંગોટવાળુ દૃશ્ય એ લત્તાના વતનીઓને પણ અસભ્ય લાગીને અસહ્ય થઈ પડ્યું. સ્ત્રીઓ અને પુરુષો 'આમ ભર્યા મહોલ્લામાં નાગા થઇને કૂદતાં આ લડધાઓને લાજે નથી આવતી' વગેરે પુષ્પાંજલિઓ અમને અર્પતા ને કેટલીક વાર એંઠવાડના પાણીથી સ્નાન પણ કરાવતા. છતાં જરા પણ ઉછાંછળાપણું દાખવ્યા વિના, ખૂબ શાંત અને વિવેકભરી મક્કમતાથી અમે અમારું કામ ચાલુ રાખ્યું. અને આગ કે એવા બીજા અકસ્માતોને પ્રસંગે અમારા અખાડાના જુવાનો જે નિઃસ્વાર્થ સેવા આપતા તેને લીધે ધીમેધીમે અમે લોકોનો સદ્ભાવ મેળવી લીધો. પાછળથી ફંડ કરી ત્યાં કુસ્તી માટેનો અખાડો કર્યો તથા મલખમ વગેરે સાહિત્ય વસાવી છાપરું ઊભું કર્યું. આ અખાડો બાંધવાની મજૂરી યે અમે જાતે જ કરી હતી.

પણ અમને કુસ્તી, મલખમ વગેરે વ્યાયામ ખાસ આવડતા નહિ, તેથી વડોદરામાં દક્ષિણીઓને હાથે ચાલતા અખાડાઓમાં અમે નિયમિત જવા માંડ્યું; પણ તે લોકોએ અમને કાંઈ જ બતાવ્યું નહિ. એ અખાડાઓમાં અમને દક્ષિણીઓ માટેનો તીવ્ર પક્ષપાત તથા વિદ્યાચોરીનું વાતાવરણ જણાયું. સવા રૂપિયો આપી ગુરુ કરે, તો યે મરજીમાં આવે તો શીખવે. એમની પાસે શીખતાં ઘણો સમય તો નકામો જાય અને સમયના પ્રમાણમાં શીખવાનું ન મળે. વળી ત્યાં સેવા કે ઊંચી ભાવનાનું વાતાવરણ જ ન મળે. અમે તો ભાવનાશીલ દેશસેવકો તૈયાર કરવાના હેતુથી અખાડો ખોલેલો હોવાથી નિશ્ચય કર્યો કે આપણે ત્યાં ઉસ્તાદી પદ્ધતિ બિલકુલ દાખલ ન કરવી. જ્યાંજ્યાં શીખવા જેવું હોય ત્યાંથી શીખવું, જે જે સારું હોય તે શીખી લઇ દાખલ કરવું, ને છૂટથી બીજાઓને શીખવવું.

આખરે વડોદરામાં અમારા એક સ્નેહી શ્રી બાબુરાવ બલવંત ફણસલકર નામના વ્યાયામનિપુણ ગૃહસ્થે અમને ખરા દિલથી મન મૂકી કુસ્તીનો હુન્નર શીખવ્યો. આ ભાઇની ખરા હૃદયની મદદ વગર ગુજરાતમાં વ્યાયામનો પ્રચાર કદી થાત નહિ. આખુ ગુજરાત એને માટે તે ભાઈનું ઋણી છે. હું, મારો ભાઈ અંબાલાલ તથા નાજુકલાલ એ ત્રણ જણ રોજ સવારસાંજ મળી ચારચાર કલાક મથતા. એમ કરી અમે કુસ્તી તથા મલખમ શીખ્યા. દાવ આવડ્યા પછી મેં એ બધાને ત્રણ શ્રેણીઓમાં પદ્ધતિસર ગોઠવ્યા અને તે ક્રમને અનુસરી શીખવવા માંડ્યું. વચ્ચેવચ્ચે અમુક પકડ આવી હોય ત્યારે તેની તોડ કેમ કરવી એ પણ અમે વિચારતા અને એ રીતે નવા દાવ તથા તોડ શોધવાની વૃત્તિ વિદ્યાર્થીઓમાં જાગૃત થાય એમ કર્યું. વળી, શનિવારે કસરત ઓછી કરી બહાર ફરવા કે દોડવાની અને સ્કાઉટિંગ કરવાની તથા પગપાળા પ્રવાસોની પ્રથા પણ દાખલ કરી, કે જેથી કામમાં વિવિધતા આવે અને સાથેસાથે સાહસિકપણું તથા અવલોકનશક્તિ ખીલે. રવિવારે રવિ-સભા ભરી તેમાં વ્યાખ્યાન તથા ચર્ચા કરવાનો પ્રબંધ કર્યો ને તે ઉપરાત કામની જવાબદારી તથા સેવાભાવ કેળવવા માટે વિદ્યાર્થીઓ માટે રાંવ-વર્ગો પણ શરૂ કર્યા."

અખાડો જમાવવા માટે જે યુક્તિપ્રયુક્તિઓ અંબુભાઇને યોજવી પડતી તેનું વર્ણન એમના ચરિત્રમાં એક ભાઈએ કરતાં લખ્યું છેઃ "દામ તો નહોતા પણ શામ, દંડ ને ભેદની નાતિરીતિઓ વાપરી તેઓ બધાને અખાડે ખેંચી લાવતા. કોઇ રસ્તે જતો હોય તેની જોડે જાણી જોઇને અકળાઈ ટંટો કરવો ને તેની નિર્બળતા બતાવી તેને અખાડામાં આવીને સબળ થવા માટે આમંત્રણ આપવું; કોઇને નિશાળ વા ઘર સંબંધી પરચુરણ બાબતોમાં મદદ કરવી; તે વખતે બાજવાડાના લોફર ગણાતા માણસો છોકરાઓને અખાડે આવતાં કનડતા તેથી તેમને શિક્ષા કરવા એકબે કે ચારે મળી, સામા માણસના પ્રમાણમાં યુક્તિઓ કરી તેને ખોખરો કરી, સીધો દોર બનાવી મૂકી બીજાઓમાં દહેશત ઉપજાવવી; કોઈ ગેરહાજર રહ્યો હોય તો તેની તપાસ કરાવી તેને ઘેર જઇને પાછો બોલાવી લાવવો; શાળામાં પણ વિદ્યાર્થીઓ સમક્ષ અખાડાની જ વાતો ને નોફાનો કરી બીજાને

આવવા લલચાવવા; સ્કૉલરોને પોતાના જ્ઞાનથી આંજી, માનસિક વિકાસનાં સાધનોથી લલચાવવા; સામાન્ય નબળા વિદ્યાર્થીઓનો પક્ષ લેવો; ક્લાસમાં હમેશાં આગળ નંબર રાખી અખાડાના જ વિદ્યાર્થીઓથી પહેલી પાટલી રોકી રાખવી ને તેમ કરીને એ પ્રત્યે બીજાને મોહ લગાડવો;—આવીઆવી તો અનેક યુક્તિપ્રયુક્તિઓથી તેમણે પોતાના અખાડામાં સારી પેઠે સંખ્યા વધારી.

ઔદ્યોગિક કેળવણી ઉપર તે વખતે સૌનું લક્ષ ઘણું ખેંચાતું રહેતું. વળી અખાડાને સ્વાશ્રયી કરવાનો વિચાર મૂળથી જ હતો. તે વખતે દેશી સાબુ સારા મળતા નહિ એટલે વિલાયતીનો પ્રચાર વધુ હતો. અંબુભાઇએ અને નાજુકલાલે એક ઘરમાં ચૂલ ખોદી કઢાઈ ચડાવી સાબુ બનાવવાનું શરૂ કર્યું. વિજ્ઞાનના ઉમદા જ્ઞાનના પ્રતાપે તેઓ ઘણો સારો સાબુ બનાવી શક્યા અને સસ્તો કરી શક્યા. અખાડાના છોકરાઓ આ સાબુની જાહેરાત ફેરવતા અને જેને ને તેને તે વાપરવાની અજમાયશ કરી જોવાનું કહેતા. એક વખત આ સાબુ વાપરનાર પછીથી હમેશાં તેની જ માગણી કરતો એ તેની પ્રતિષ્ઠા હતી. કામ સાધારણ ઠીક પાયા પર થતું હતું. અંબુભાઈ ને નાજુકલાલ વડોદરાની ગુજરીમાં એ સાબુ વેચવા બેસતા, એ જોઈ હાઇસ્કૂલ તથા કૉલેજના છોકરાઓ દિઙ્મૂઢ થઈ જતા; ને આ લોકો પણ તેમને સાબુ વળગાડતા અને સાંજ પડ્યા પહેલાં ઠીક નફો કરી બધા સાબુ વેચીને અખાડે આવતા. પાછળથી જ્યારે અમને ભરૂચમાં આ સંબંધી તેઓ વાતો કરતા ત્યારે કહેતા કે 'એ ઉકળતી કઢાઇ આગળ અમારા અખાડાના ઘણા રવિવારના વર્ગો ભરાતા. ઉકળતી ચૂલ ઉપર એક બાજુ કઢાઇમાં તાવેથો ફેરવાતો કે સાબુનાં ચક્તાં પડતાં, અને બીજી બાજુ અમારી સાહિત્ય-ક્લબ ચાલતી. જેનું નિશાળનું લેસન કાચું હોય તે પણ તે વખતે આવી શીખી જતો. કોઈને સૂચનાઓ કરવી હોય, દિશા બતાવવી હોય તો તે પણ તે જ વખતે બનતું. અખાડાના લગભગ બધા જ છોકરાઓ નવરા પડી ત્યાં જ ભરાતા ને કંઈ ને કંઈ મદદ કરતા.'

શ્રી અંબાલાલ પુરાણી લખે છે કે "ખરેખરી લડાઇનો પરિચય મળે અને મન તથા શરીર અને માટે કેળવાય એ હેતુથી મેં પહેલવહેલી 'ટેકરીયુદ્ધ'ની—હિલ-ફાઇટની યોજના વડોદરાની પાસે આવેલા હરણીથી થોડે દૂર એક વહેળાની ખીણમાં કરી હતી. પાસે જ રસ્તો અને પૂલ હતાં. કપડવણજવાળા હરિલાલ માણેકલાલ દેસાઇ ને છોટુભાઇ ઉત્સાહપૂર્વક અમારી લડાઈ જોઈ ખૂબ આનંદ પામતા હતા. ત્યાર પછી જ્યારેજ્યારે વ્યાયામમંદિરના જુવાનો મળે ત્યારે હિલ-ફાઇટ સામાન્ય થવા લાગી. કૅમ્પિંગ કરવાની-એટલે કે તંબૂ નાખીને ખુલ્લામાં અમુક દિવસો ગાળવાની પ્રવૃત્તિ પણ શરૂ કરી હતી. અને માટે આગળથી બધી જરૂરી વસ્તુઓની નોંધ નેતાઓ કરી લેતા અને કામની પણ વહેંચણી કરતા. જમીન સાફ કરવાનું, રાંધવાનું, વાસણો માંજવાનું, રાત્રે પહેરો ભરવાનું, બધું એમાં આવતું. અત્યારની આપણી શાળાઓમાં આ બધી પ્રવૃત્તિઓ અને ઉપરાંત નિશાન લેવાની કેળવણી પણ ફરજિયાત કરવી જોઇએ."

જે જમાનામાં 'વંદેમાતરમ્'નો ઉચ્ચાર માત્ર કરનારને જેલ ભેગો કરવામાં આવતો હતો, ગુજરાતમાં કૉંગ્રેસ જેવું કાંઈ હતું નહિ, ગાંધીજીનું આગમન થયું ન હતું, શ્રી વલ્લભભાઈ પટેલ હજુ વિલાયતી પોશાકમાં બૅરિસ્ટરી કરતા હતા અને સ્વદેશી ને સ્વરાજ્યની ભાવના હજુ તાજા ફૂટેલા રોપા હતા, તે જમાનામાં આ અખાડાઓમાં તૈયાર થએલા યુવાનોએ ગુજરાતનાં ગામો અને ગામડાંઓમાં રાષ્ટ્રીય જાગૃતિનો દીવો પ્રગટાવ્યો હતો અને જલતો રાખ્યો હતો.

શ્રી લક્ષ્મીનાથ વ્યાયામશાળામાં તયાર થએલો યશવંત જોશી પિતાની આજ્ઞાને અવગણી ખેતીના કામમાં ન જોડાતાં પૂનાની ખેતીવાડી કૉલેજમાં ભણવા જાય છે, ને પરિણામે ઘરના સુખી એવા એ ભાઇને પોતાનો એ હેતુ પાર પાડવા માટે બીજાઓ પર આર્થિક સહાય માટે આધાર રાખવો પડે છે. એક શ્રી બાપાલાલ ગરબડદાસ શાહ, જુનિયર બી. એ.ના વર્ગમાંથી માતાપિતાની ઇચ્છાની ઉપરવટ થઇને કૉલેજનો અભ્યાસ છોડી વૈદક શીખવાનું શરૂ કરે છે, અને પોતાના નિર્વાહ માટે શ્રી છોટુભાઇએ ભરૂચમાં શરૂ કરેલી અંગ્રેજી શાળામાં શિક્ષક તરીકે દાખલ થાય છે. શ્રી નાજુકલાલ વ્યાયામશાળાને ખાતર મૅટ્રિકનો અભ્યાસ વહેતો મૂકે છે, ને પાછળથી તે ભાઈ તથા શ્રી ગોપાળદાસ શાહ બંને ભરૂચમાં ભરૂચ કેળવણી મંડળ તરફથી ચાલુ કરવામાં આવેલી અંગ્રેજી શાળામાં શિક્ષકો તરીકે દાખલ થાય છે. ૧૯૧૭માં શ્રી અંબુભાઇ બિલીમોરાના સાબુ અને મીણબત્તીના કારખાનાની નોકરી છોડી ગુજરાતભરમાં વ્યાયામ પ્રચાર કરવાનું માથે લે છે. તે જ સાલમાં શ્રી ચંદ્રશંકર ભટ્ટ તથા શ્રી દિનકર પંડ્યા જેવા ભણેલાગણેલા યુવાનો અંકલેશ્વર તાલુકાના સજોદ ગામે શ્રી યશવંત જોશીની દેખરેખ નીચે ચાલતા ખેતીવાડીના ખેતરમાં કામ કરવા વિના વેતને જોડાય છે. શ્રી છોટુભાઇ પુરાણી આગળ જતાં આર્થિક લાભ આપનારી વડોદરા રાજ્યની નોકરી છોડી ઓછા પગારના 'પ્રમોશન'ની નોકરી સ્વીકારે છે. વ્યવહારૂ દુનિયાદારીની દૃષ્ટિએ મૂર્ખાઇ જેવાં દેખાતાં આવાં ગાંડપણનાં કાર્યો કરવાનું આ બધા યુવાનોને કેમ સૂઝ્યું? એ બધા યુવાનો શ્રીછોટુભાઈના આદેશને માન આપી પોતપોતાની કારકિર્દીઓની આહૂતિઓ આપવા કેમ તૈયાર થયા? કોઈ જબરદસ્ત પ્રેરણા કે દૃઢ વિશ્વાસ વગર આવાં જીવનપરિવર્તનો થતાં નથી; તો આ યુવાનોને ગાંડપણની મદિરા પાતી કઈ પ્રેરણા હતી? એ પ્રેરણા હતી માતૃભૂમિને વિદેશીઓની ગુલામીમાં જકડી રાખતી જંજીરોથી મુક્ત કરવાની. આવી ઉન્મત્ત તમન્ના પેદા કરી એ આ પ્રવૃત્તિની પરમ સિદ્ધિ હતી. એનો ઉત્પાદક ગમે તે હોય, એનું શ્રેય આ બધાઓના સંયુક્ત પ્રયાસ તથા ત્યાગને ભાગે જાય છે. આથી જ આ હીલચાલમાં ભાગ લેનારા હમેશાં 'આપણું મંડળ' એ શબ્દથી જ એ આખી પ્રવૃત્તિને ઓળખતા.

એ 'અમારુ મંડળ', જે 'પુરાણી મંડળ'ને નામે પણ ઓળખાતું, તેના સભ્યોમાં શ્રી છોટુભાઇ પુરાણી, નાજુકલાલ ચોકસી, અંબાલાલ પુરાણી, કેસરલાલ દીક્ષિત, યશવંતરાવ જોષી, નટવરલાલ ભગવતી, ચંદ્રશંકર ભટ્ટ, દિનકર પંડ્યા, રાવજીભાઈ પટેલ, બાપાલાલ વૈદ્ય, દ્વારકાનાથ હરકારે, કાશીભાઇ પટેલ, કાલિદાસ, હરિલાલ માસ્તર ડૉ. ચંદુલાલ વગેરે હતા. ઉપરાંત એમાં બહારના ગણાતા, છતાં મંડળના જ ગણાય એવા, સ્વ. હરિલાલ માણેકલાલ દેસાઈ તથા શ્રી દિનકરરાવ (અત્યારના મુંબાઈના પ્રધાન) જેવા પણ હતા. તે વખતે ગુજરાતમાં 'અમારા મંડળ'ના કાર્યકર્તાઓ ખૂબ વિશ્વાસપાત્ર અને સાચા કાર્યકરોમાં ગણાતા. એ પ્રારંભના કાળમાં, કોઈ પણ પ્રખ્યાત નેતાની ઓથ વગર, આ ધનહીન સાધનહીન નાનાસરખા મંડળે જે સંગીન કાર્યો સફળતાથી કર્યાં છે તેને પરિણામે દેશને અમૂલ્ય લાભ થયો. મંડળમાં સ્વયંસેવક થનાર પણ વેતન કેમ ન લેવું પડે, અને લેવાનું હોય તો ઓછામાં ઓછું કેમ લેવું તેની જ કાળજી રાખતા. ભારતમાતાની સેવા કરવાનો આનંદ એ એવો અમૂલ્ય બદલો હતો કે શરીરપોષણ માટે લેવામાં આવતું વેતન ગૌણ ગણાતું.

આ બધાંની પાછળ વારીન્દ્ર ઘોષ સાથે ચર્ચાએલી યોજના મુજબ ક્રાંતિકારી માનસવાળા જુવાનો, ને તેમાંથી ચૂંટેલા કાર્યકર્તા-

એનું એક મજબૂત દળ ઊભું કરવાની નિશ્ચિત યોજના હતી. “તેમાં યે ગેરીલ્લા યુદ્ધનીતિ ક્રાંતિના આખા કાર્યક્રમમાં અમારા આખા મંડળમાં એક પ્રકારની પ્રેરણાદાતા થઈ પડી હતી. બૉંબની વિનાશનીતિ કરતાં મારીને નાસી જવાની, અણધારી જગોએ હુમલો કરી અદૃશ્ય થઇ જવાની અને એમ સતત કાર્યથી બળવાન સરકારને પણ હંફાવવા શિવાજીની યોજના ખૂબ વ્યવહારુ પણ લાગતી! આજે ઘણા યુવાનોને એ ખ્યાલ કેવો લાગશે તે કોણ જાણે, પણ અમારા મંડળમાં વર્ષો સુધી એની ધારણા રહી હતી. આખા મુંબાઇ ઈલાકામાં અને મુખ્યત્વે ગુજરાતમાં સ્થાયી રચનાત્મક કાર્યનાં કેન્દ્રો ઊભાં કરવાં અને તેમાં ક્રાંતિકારી કાર્યકર્તાઓને જવા-આવવા, રહેવા-કરવા, વસ્તુઓ રાખવા, સંતાઈ જવા વગેરેની કોઇને શંકા ન જાય એવી સ્વાભાવિક સગવડો ઊભી કરવી એ તે યોજનાનો એક ભાગ હતો. આથી કસોટી ઘણી આકરી રાખવાની હતી, એટલે મંડળનો દ્રોહ કરનાર ભાગ્યે જ નીકળે. ખેતરો, દૂધની ડેરીઓ, સહકારી મંડળની દુકાનો, દવાખાનાં, નિશાળો, બોર્ડિંગ હાઉસો વગેરે પ્રવૃત્તિઓને આવરણ તરીકે–અને થઈ શકે તેટલું રચનાત્મક કામ કરવા માટે–ઉપયોગમાં લેવાની હતી. સાથેસાથે મહારાષ્ટ્ર, બંગાળ, પંજાબ આદિ સ્થળે ચાલતી ક્રાંતિની ચળવળ સાથે સંબંધ સ્થાપન કરવાનો હતો. પણ ત્યાર પછી રાજકીય ચળવળ બીજી રીતે આશા આપે એવી થઇ એટલે તેનો અમલ થતો અટકી ગયો. આજે તો એ સ્વપ્ન બીજી રીતે, ભલે અધૂરું તો અધૂરું, સિદ્ધ થયું છે ત્યારે એને આજના જુવાનો આગળ એટલા માટે મૂકું છું કે એમને ખ્યાલ આવે કે હિંદની સ્વતંત્રતા દેશમાં અનેક પ્રકારે વિચારાઈ હતી અને યોજાઇ હતી. એમાંથી દેશની અત્યારની પરિસ્થિતિને અને માનસને અનુકૂળ એવી રીતો અખત્યાર થઇ અને નિઃશસ્ત્ર પ્રજાને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિએ પણ ન ધારેલી અનુકૂળતા કરી આપી, તેને પરિણામે આપણે આજે તો સ્વતંત્ર થયા છીએ. પણ તે વખતે આવી યોજનાનો તુટક અમલ પણ જ્યાંજ્યાં થયો હતો ત્યાં બધે જે યુવાનોએ હસતે મોઢે દેશને ખાતર તેમાં બલિદાન આપ્યાં તેમણે તે સમયના દેશભક્તિના જુસ્સાને જાગ્રત કરવામાં ને ટકાવી રાખવામાં અગત્યનો ફાળો આપ્યો છે. અને આખરે ૧૯૪૨થી ૧૯૪૫ની લડત વખતે પણ એ ક્રાંતિકારી ચળવળ માટેની ગેરીલ્લા યુદ્ધનીતિની તાલીમે જ છોટુભાઇને ઘણી સહાય કરી હતી એ પણ જાણીતું છે.

૧૯૧૦ના નવેમ્બરમાં છોટુભાઇ લાહોર દયાનંદ ઍંગ્લો-વેદિક કૉલેજમાં વનસ્પતિ ને જીવવિજ્ઞાનના અધ્યાપક તરીકે ગયા. વડોદરા કલાભવન કરતાં ત્યાં એમને મનપસંદ વિષયને લગતું કામ અને પગાર પણ વધારે મળ્યો એટલે ત્યાં જવાનું નક્કી કર્યું. ત્યાંની કૉલેજમાં વિદ્યાર્થીઓનાં મંડળો જુદાજુદા અધ્યાપકોને સોંપવામાં આવતાં. એ બધામાં છોટુભાઈના મંડળમાં સૌથી વધારે વિદ્યાર્થીઓ આવતા. એ મંડળની પ્રવૃત્તિઓ કૉલેજના અભ્યાસથી સ્વતંત્ર રહેલી. ત્યાં પણ જુવાનોમાં ક્રાંતિનો જુસ્સો એમણે ફેલાવ્યો અને ઘણા વિદ્યાર્થીઓનાં જીવન પર ઊંડી અસર કરી. એમના વિદ્યાર્થીઓમાં આચાર્ય ભગવત્ દત્ત, અર્જુનદેવ વગેરે હતા, જેમણે પાછળથી પંજાબના જાહેર જીવનમાં સારો ભાગ લીધો. છોટુભાઇએ ત્યાં શાસ્ત્રીય અભ્યાસ પણ સારો કર્યો ને યુનિવર્સિટીમાં પરીક્ષક પણ નીમાતા હતા. લાહોરનિવાસ દરમિયાન પંડિત સાતવળેકરને તેઓ મળેલા અને લાલા હંસરાજ, મહાત્મા મુન્શીરામ (સ્વામી શ્રદ્ધાનંદ) લાલા લજપતરાય વગેરેનું સામાન્ય ઓળખાણ પણ થએલું. પંજાબના ક્રાંતિદળના એક નેતા ભાઇ પરમાનંદનું પણ ત્યાં ઓળખાણ થયું.

આ બધી પ્રવૃત્તિને લીધે અને ક્રાંતિની તરફેણના એમના વિચારોને લીધે પંજાબ સરકારની નોંધમાં એમનું નામ ચડી ગયું હતું

પણ ૧૯૧૬માં તે લાહોર છોડી પાછા ગુજરાત આવી ગયા. એ અરસામાં વડોદરેથી જતા પત્રોમાં ગુજરાતમાં વ્યાયામપ્રચારની વધતી જતી શકયતાઓમાં તેમની હાજરીની ખાસ જરૂર જણાવાતી. એવામાં તેમના વડીલ બંધુ પુરુષોત્તમભાઈનું લાહોર હૉસ્પિટલમાં ઑપરેશન પછી અવસાન થયું ને એમના ગાઢ મિત્ર, પ્રોફેસર વિશ્વંભરદાસ પણ, અચાનક કૉલેરાનો ભોગ થઈ પડેલા વિદ્યાર્થીઓની સારવાર કરતાં કરતાં એ જ રોગથી અવસાન પામ્યા. આથી છોટુભાઈનું દિલ લાહોરમાંથી તદ્દન ઊઠી ગયું. વળી અહીં દેશના કાર્યનો સ્પષ્ટપણે આરંભ કરવાનું પણ મોડું થઈ જતું હતું. એટલે તેઓ લાહોરની નોકરી છોડી વડોદરાની નોકરીએ પાછા આવી ગયા. અને પછી વડોદરાનું પણ રાજીનામું આપી ‘ભરૂચ કેળવણી મંડળ’નું કામ શરૂ કરવા માટે ભરૂચ ગયા.

જીવશાસ્ત્ર ઉપરાંત છોટુભાઇનો બીજો પ્રિય વિષય કેળવણી હતો. એ ઉપર એમણે સારા પ્રમાણમાં સાહિત્ય વાંચ્યું હતું. ભરૂચ કેળવણી મંડળ દ્વારા એમણે ક્રાંતિકારી માનસવાળા ખડતલ ને સ્વાશ્રયી નાગરિકો ઘડતી રાષ્ટ્રીય કેળવણી આપવાનો પ્રયત્ન કર્યો. તેમાં બાલશિક્ષણથી માંડીને કૉલૅજ સુધીનો અભ્યાસક્રમ હતો. તે માટે તેમણે યુરોપના વિચારકો ને અદ્યતન કેળવણીકારોનાં લખાણોનો અભ્યાસ કર્યો. મૉન્ટેસ્સોરી શિક્ષણ પદ્ધતિનું પણ પહેલું પુસ્તક એમણે જ પ્રકટ કર્યું હતું. વિદ્યાર્થી મૅટ્રિક સુધી પહોંચે ત્યાં સુધીમાં કોઇ એક ધંધાનું જ્ઞાન ફરજિયાત હોવું જોઈએ એવો આગ્રહ તેમાં રખાયો હતો. એવા પ્રયોગને સફળ કરવા માટે અનેક ધંધાઓનું શિક્ષણ વિદ્યાર્થીઓને આપવાની સગવડ સંસ્થા પાસે હોવી જોઈએ, એટલે ફંડ ઘણું મોટું હોવું જોઈએ. એનો આરંભ થયો અને કામ પ્રમાણમાં સારું ચાલતું હતું. એવામાં ગુજરાત વિદ્યાપીઠનો આરંભ થયો એટલે ભરૂચ કેળવણી મંડળ વિદ્યાપીઠ સાથે જોડાઈ ગયું.

ભરૂચ કેળવણી મંડળ એ સ્વાશ્રયી નાગરિકો ઉત્પન્ન કરવાના પ્રયાસોનો એક અનોખો પ્રયોગ હતો. તે આમ સમેટાઈ ગયો, ને જાહેર રાજકીય ચળવળ છોટુભાઇની પ્રકૃતિને અનુકૂળ નહોતી. ૧૯૧૮માં હું પૉંડીચેરી ગયો ને છોટુભાઇની આસપાસ જે ‘અમારું મંડળ’ તૈયાર થઇ ગયું હતું તેના વતી ક્રાંતિકારી ચળવળનો આરંભ ગુજરાતમાં કરવાની શ્રી અરવિંદની મેં રજા માગી. પણ શ્રી અરવિંદે એ પગલું નહિ લેવાની સલાહ આપી. વળી રાજકીય ક્ષેત્રમાં પણ ઘણા મોટા ફેરફારો થવાનો આરંભ થયો હતો. એટલે મંડળે રચનાત્મક કાર્યનો સ્વીકાર કર્યો અને ક્રાંતિકારી ચળવળને ઠેકાણે જ્યાંજ્યાં જરૂર જણાય ત્યાં ઉદ્દામ રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેવાનું કેટલાક સભ્યોએ નક્કી કર્યું.

આ રચનાત્મક કાર્યક્રમો સાથે ત્યાર પછી ૧૯૨૦ની અમદાવાદ કૉંગ્રેસમાં મંડળના લગભગ બધા સભ્યોએ ને અખાડાઓના યુવાનોએ જુદીજુદી રીતે સક્રિય ભાગ લીધો. તે પછી કૉંગ્રેસની બધી જ ચળવળોમાં જ્યારેજ્યારે કોઇ આકરો કાર્યક્રમ અંગ્રેજ સરકાર સામે અમલમાં મૂકવાનો પ્રસંગ આવતો ત્યારે શ્રી છોટુભાઈ એમાં હમેશાં આગળપડતો ભાગ લેતા. નાગપુર ધ્વજ સત્યાગ્રહમાં, ૧૯૩૦-૩૧ની ચળવળમાં તથા ૧૯૪૨થી ૪૫ સુધીના કૉંગ્રેસના સઘળા કાર્યક્રમોમાં એમણે જે ભાગ લીધો છે એ તો જાહેર હકીકત છે. ૧૯૪૨થી ૪૫માં, જે સાહસ, હિંમત, હાજરજવાબી વગેરે માટે એમને યુવાવસ્થામાં ઘણો શૉખ હતો એ બધાંને, વૃદ્ધ ગણાય એવી અવસ્થાએ અમલમાં મૂકવાનો એમને અવસર મળ્યો.”



ઈ.૧૯૫૦નો કુમાર-ચન્દ્રક

શ્રી ચન્દ્રવદન મહેતાને એમની આપકથા 'બાંધગઠરિયાં' માટે આપવાનું નિર્ણાયક સમિતિએ ઠરાવ્યું હતું. પરંતુ શ્રી ચન્દ્રવદને પોતાને બદલે તે બીજા કોઈ તરુણને આપવાની વિનતિ કરવાથી સમિતિએ તે

'આપણી રમતો'ની લેખમાળાના લેખક

શ્રી વાસુદેવ ભટ્ટને

આપવાનો નિર્ણય કર્યો છે

એ જાહેર કરતાં અમને આનંદ થાય છે

અને સમિતિનો અમે આભાર માનીએ છીએ

ૐ

નિર્ણાયક સમિતિ

પ્રા. રામનારાયણ પાઠક

પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી • પ્રા. અનંતરાય રાવળ



શ્રી વાસુદેવ ભટ્ટ

પાછલા વર્ષોના કુમાર-ચંદ્રક-ધારકો





સ્વ. ડૉ. હરિપ્રસાદ   શ્રી પુષ્કર ચંદરવાકર   શ્રી યશોધર ન. મહેતા





શ્રી બાલમુકુન્દ દવે   શ્રી રાજેન્દ્ર કે. શાહ   શ્રી નિરંજન ભગત

'૪૨ની લોકક્રાન્તિના કાળમાં ભૂગર્ભમાં રહીને છોટુભાઈએ જે જીવસટોસટનાં ને રોમાંચક કાર્યો કર્યાં છે તેની કથા જ્યારે લખાશે ત્યારે ગુજરાતના જુવાનોને માટે એક પ્રેરક પ્રકરણ બની રહેશે. લશ્કરી વ્યૂહો અને તાલીમના તો એ નિષ્ણાત ગણાતા હોવાથી તે સમયે દેશનાં ઠેરઠેરનાં ક્રાન્તિ-કેન્દ્રોમાંથી એમની સહાય માટે માગણી આવતી. સુભાષ બાબુ આઝાદ ફોજને દોરીને બ્રહ્મદેશ પાર કરી આ તરફ આવવા નીકળ્યા ત્યારે તેમનો સંપર્ક સાધવા એ અનેક જોખમો ખેડીને છેક આસામની સરહદ સુધી ગયા હતા. તે પછી ૧૯૪૫માં કૉંગ્રેસની કાર્યપદ્ધતિ સાથે મતભેદ થવાથી તે સમાજવાદી પક્ષમાં ભળ્યા ને તેના ગુજરાત વિભાગના મંત્રી બન્યા.

"હિંદને સ્વતંત્રતા પ્રાપ્ત થયા પછીની છોટુભાઈની પ્રવૃત્તિની ઇષ્ટાનિષ્ટતા વિષે વિષે મતભેદ હોઈ શકે. એમના રાજકીય વિચારો અને પક્ષ વિષે મારે ગયા વર્ષના એપ્રિલ માસમાં એમની જોડે વાતચિત થઈ એ વખતે અવસ્થાને લઈને રાજકીય ક્ષેત્રમાંથી નિવૃત્ત થવાની વિનતિ મેં એમને કરી ત્યારે પોતાની લાક્ષણિક દૃઢતાથી એમણે એનો ઈન્કાર કર્યો હતો, ને રાજ્યની વ્યવસ્થા કરનાર મહાસભા પક્ષના નૈતિક પતનથી દેશને જે ભારે હાનિ થઈ રહી છે તેમાંથી તેને બચાવવા માટે કાંઈ કરવું જ જોઈએ એવો આગ્રહ તેમણે દર્શાવ્યો હતો. એમના અભિપ્રાય કે પક્ષ સાથે સહમત થયા વિના પણ એમના આ આગ્રહમાં રહેલા અણનમ સંકલ્પને માટે અને શુદ્ધ સેવાભાવ માટે કોઈને પણ માન થાય એવું છે.

આ અપૂર્ણ જીવનરેખા સ્વર્ગસ્થ છોટુભાઈના અંતરાત્મામાં રહેલી અમૂલ્ય લક્ષ્મીનું દર્શન કરાવશે એવી આશા રાખું છું. એમના અંગત અને કૌટુંબિક જીવનને, એમની આંતરિક લાગણીઓને, મૈત્રીભાવને એમના હાસ્ય-કટાક્ષના શૉખને, વિચારોની નોંધ લેવાની એમની ટેવને હજી હું સ્પર્શ્યો નથી. એમના જીવનની મુખ્ય પ્રેરણા ભારતમાતાની મુક્તિ અને ઉન્નતિ હતી. એમના આ અક્ષરજીવનમાંથી આપણી પ્રજાએ શીખવાના જે મુખ્ય પાઠો છે તે પૈકી પહેલો પાઠ 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્'છે. પ્રત્યેક નાગરિકની ફરજ છે કે તેણે પોતાના શરીરને કસીને દેશની સેવાને માટે તૈયાર રાખવું જોઈએ. દેશની સ્વતંત્રતાના રક્ષણનો ભાર પગારદાર સિપાહીઓ અને લશ્કર ઉપર નાખવાનો ઘાતક વિચાર કદી કરતા નહિ. તમે જ દેશનું રક્ષણ કરનાર લશ્કર છો, તમે જ એના સૈનિક છો, એ કદી ભૂલશો નહિ. દેશની સ્વતંત્રતાનું રક્ષણ સ્વતંત્રતાને ચાહનારા નાગરિકો જ કરે છે, ભાડૂતી સિપાહીઓ કરતા નથી. જોકે આજે તો આપણા સિપાહીઓ અને સૈનિકો પણ દેશના જ નાગરિકો બનેલા છે.

પૃથ્વી ઉપર મહત્તા પ્રગટતી જ રહી છે, અને વિરલ પ્રસંગો આપણે જેને દિવ્યતા કહી શકીએ એવી દિવ્યતા પણ પ્રગટતી રહી છે. છોટુભાઈએ ભાગ્યે જ પોતાનામાં કોઈ મહત્તા કલ્પી હોય. તેઓ એક સાદા અને સીધા પુરુષ હતા. એમનો એક જ ધર્મ બની રહ્યો હતો: "ભારતની મુક્તિ અને ઉન્નતિ." એ ધર્મના આચરણમાં જે અસંખ્ય ભક્તો સદ્ભાગ્યે આપણને ૧૯૦૭થી અત્યાર સુધીમાં મળ્યા છે તેમાંના કોઈને પણ પડખે છોટુભાઈનું જીવન નાખી જુઓ, પ્રામાણિકતા, નિતિમયતા માટેની ધગશ, વિચારની સ્વતંત્રતા, સાહસિકતા, નીડરતા, હિંમત, સ્વાર્પણ, એ મહાન ગુણોમાં ભારતના ઊંચામાં ઊંચા દેશભક્તની સાથે એમને મૂકી જુઓ, તો જણાશે કે છોટુભાઈ શામાં કમ ન હતા. એમને મહાન વિજયમાળાઓ વરી ન હતી એ ખરું છે, પણ સ્વતંત્રતાને સર કરવા જેવા વિરાટ કાર્યમાં સૌકોઈ સેનાપતિની વિજયમાળા મેળવી શકે નહિ.

જીવન અને મરણ તો એક સનાતન સત્યની રમત જેવાં છે. એ અસલ સત્યનાં અ[illegible]જ્ઞાન, અનંત ચૈતન્ય અને અનંત આનંદની સમીપ માનવ પોતાના જીવનને કેટલું લઈ જાય છે એ જ એને માટે અગત્યની વસ્તુ છે. બાકી તો કઠોપનિષદમાં કહ્યું છે તેમ **सस्यमिव जायते** અને पच्यते मर्त्यः (મરણશીલ માનવ ઘાસ પેઠે ઊગે છે ને સુકાઈ જાય છે.) એમાં શ્રી છોટુભાઈ જેવા આત્માઓએ સ્વતંત્રતા માટે, દેશની મુક્તિ માટે, જે નિઃસ્વાર્થ સાધના કરીને એ દિવ્ય તત્ત્વની સમીપતા પ્રાપ્ત કરી છે તે નાનાસરખા સુવર્ણના કણના જેવી હોય તોપણ અમૂલ્ય છે, કારણકે અસલ તત્ત્વનું નૂર એમાં ઝળકે છે, એ અસલ તત્ત્વ તો, એ શાશ્વત સત્યનો આપણે બધાએ આપણામાં પ્રકાશ કરવાનો છે. તે કરવાને આપણે પ્રયત્ન કરીએ, અને પ્રભુનો વિજય વાંછીએ.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

આંધિ ગડકરિયાં...



મૅટ્રિક! ૧૯૧૮-'૧૯નું એ જીવલેણ વરસ! જાણે કાળ સામે આવીને ઊભો રહેવાનો હોય, જીવન-મરણનો સવાલ થઈ પડવાનો હોય! શી માયા ઊભી કરી છે, આપણા યુનિવર્સિટીના ખેરખાંઓએ! કેવો ધાક પેદા કર્યો છે આપણા શિક્ષક વર્ગે, અને કેવી ઈન્દ્રજાળ ઊભી કરી છે આપણા વડિલોએ, માબાપોએ! પરીક્ષાનો હાઉ જેટલો ભયંકર આપણે ત્યાં ખડો કરવામાં આવ્યો છે, એવો બીજા કોઈ સુધરેલા દેશમાં જાણ્યામાં નથી. આ સદીના બીજા દાયકામાં જે પરિસ્થિતિ હતી, તે આજે છઠ્ઠા દાયકામાં પણ છે. હિંદ આઝાદ થયું છતાં છે; કોણ જાણે બીજા કેટલા દાયકા સુધી રહેશે.

કમ્મર કસીને પછી વાંચવાનું શરૂ કર્યું. શિવદાસ દાદા ગુજરી ગયા હતા. અને એ ઘર ખાલી હતું, ત્યાં વખારિયા, ઠાકોર અને હું ત્રણ જણ લગભગ રોજ સાથે વાંચતા. નિશાળમાં વાઈકર માસ્તર સંસ્કૃતના શાસ્ત્રી હતા. શીખવવામાં પણ પારંગત. એટલે સંસ્કૃતની બહુ બીક નહોતી. પણ દાખલા! ઓ ભગવાન! કેમે કર્યા આવડે નહિ. મામાજીને ગોખલેનું આખું ગણિત મોઢે અને લાકડાવાળાનું આંગળી પર. પણ મને શા ખપનું? કેટલાક રોજ કેમ વાંચવું એનાં કોષ્ટકો ગોઠવતા, ને એક દિવસ સાડાસોળ કલાક વાંચ્યું ત્યારે જાણે રેકોર્ડ કર્યો એમ માનતા; પણ સરેરાશ તો નવ દસ કલાકની આવી રહેતી.

અંગ્રેજીમાં 'ટેઇલ ઑાવ ટુ સિટીઝ'ની ટૂંકી આવૃત્તિ ચાલતી. કેટલાક દોઢડાહ્યલા વળી મૂળ ડિકન્સની આખી કૃતિ પણ વાંચી ગયા હતા એકંદરે સમજણ વિનાનું વાચન, ગોખીગોખીને ચિત્તમાં ઠાંસવવાનું ને મુકરર દિવસ આવતાં સડસડાટ ખાલી કરી નાખવાનું, એટલે પત્યું; એવી આ વિચિત્ર પદ્ધતિ હતી. ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, બધું અંગ્રેજીમાં લખવાનું. એના શબ્દો. એની જોડણી, એની વાક્યરચના, એનું વ્યાકરણ, એ બધું ક્યારે ટળે એમ થયા કરતું.

ફળ મેળવવું હોય ત્યારે ભક્તિની ભાવના વધે. રોજ અંબામાતાનાં દર્શને અમે જતા. બે મિનિટનું કામ. સાંજે જઇને બે હાથ જોડી પાછા આવતા. મનને ખૂણેથી અવાજ નીકળતો: 'હે મા! પાસ કરજે.' પરીક્ષાના થોડા દિવસ અગાઉ માતાને ફૂલની આંગી કરાવવાની બાધા પણ રાખી હતી. પડખેના ગોવન માળીને પૂછ્યું પણ હતું કે એક આંગીના પૈસા કેટલા? 'એખલા ગુલાબની કરો તો સવા પાંચ, નહિ તો સવા રૂપિયો.'

મામાજીને ત્યાં અસલથી સેવા હતી. ઠાકોરજીની ઓરડી પહેલે માળે અલાયદી જ હતી. ત્યાં નાનકડા પણ સુંદર નકશીદાર દેવઘરમાં ઠાકોરજીની ઝાંપી રહેતી. દેવઘરને પગથિયાં, થાંભલા, કઠેરો, ગાદી, હાંડી, ઝુમ્મર, બધું નાનકડું પણ સુંદર. વારતહેવારે યા સ્નાનસૂતકની મુસીબતે, ઘણી વાર



મેં એ ઠાકોરજીની સેવા કરી છે. ઉતાવળે ચંદન ઘસવાનું, પછી પોઢેલા ઠાકોરજીને ઉઠાડી નવડાવવાના, શણગારવાના, બેઠક પર બેસાડવાના, પ્રસાદ ધરાવવાનો ને આરતી ઉતારી પાછા ઝાંપીમાં ગોદડી ઉપર પોઢાડી દેવાના. શિયાળામાં નાની સગડી પર એમને માટે પાણી ગરમ કરીને તે વડે સ્નાન કરાવવાનું. ઉનાળામાં પંખો પણ નાખવાનો. ઠાકોરજીને રોજ તો સાધારણ વાઘા પહેરાવીએ, પણ પર્વ-અવસરે લપ્પાના કરાવેલા ખાસ વાઘા પહેરાવી, ઉપર ઝીકભરતનો મુકુટ પહેરાવતા અને મોતીની કંઠી થકી શણગારતા.

અગાઉ ત્યાંના ઠાકોરજી મુરલીધર સ્વરૂપ હતા. એમના હાથમાં નાની ચાંદીની ઘૂઘરીવાળી વાંસળી મૂકતા. ઉપરાંત હાથમાં બહુવો લઇને ઘૂંટણીએ બેઠેલા એક નાના 'લાલજી' પણ હતા. તરભાણામાં બધાને એકસામટા સ્નાન કરવા પધરાવતા ત્યારે બધા સુશોભિત લાગતા. એમાં નાના પણ સુંદર મહાદેવ, ખાસ્સા શાલિગ્રામ, ગૂંચળિયાળા ફણીધર શેષનાગ, સુખડના લાકડામાં કોતરેલા ગણપતિ, નાના નાના દેવદૂતો, હનુમાનજી, છબિમાં માતાજી, એમ ભગવાનનાં વિધવિધ સ્વરૂપ રહેતાં. ગણપતિની પૂજા સૌ પહેલી કરતા. પ્રસાદમાં દરરોજ દળની લાડુડી ધરાવતા, તે તુલસીના પાન સાથે જ ખાઈ જતા.

આઠમે ભારે ધૂમ મચાવતા. સાતમથી રસોડું શરૂ કરી બને તો છપ્પન વાનીઓનો ભોગ બનાવતા, ને ભગવાનને આરોગાવતા. કૃષ્ણજન્મ સમયે નવાંજૂનાં બધાં રમકડાંઓને બહાર કાઢી ગોઠવતા. લાકડાના મોર, ઘોડા, હાથી ઉપરાંત કાચનાં ઢીંગલાઢીંગલી અને નવા જમાનાનાં જર્મન-જાપાનીઝ ચાંપવાળાં રમકડાં પણ ભેગાં મૂકી ભભકો કરી મૂકતા. રાત્રે પારણું ઝુલાવી, બાર વાગી જતાં, આખા દિવસના ઉપવાસી પ્રસાદના થાળ ઉપર તરાપ મારતા, ઠાકોરજીને વહાલી પંચજીરી ખાતા, મંદિરે મંદિરે દર્શને દોડતા ને બીજા દિવસથી પાછી હમેશાની સેવા શરૂ કરતા.

અમે વાંચતા તે શિવદાસ દાદાના ઘરના ખાંચાના નાકા પરના સોની મહાજનના ઓટલા ઉપર રાતે માણભટ્ટ કથા લલકારતા. ગાગર પર વીંટીઆળી આંગળીઓ રણકાર કરી મહોલ્લો ગજાવી મૂકતી, અને વૈશંપાયન મુનિની વાણીમાં મહાભારતનાં પર્વોના મહિમા વિસ્તારતા. કથા ચાલે ત્યારે કથા સાંભળનારાઓના કાન ઘણી વાર જેમ બીજે જતા હોય છે તેમ અમે વાંચનારાઓના કાન ઘણીવાર તો કથામાં પણ પરોવાતા.

ગાગરિયા ભટ્ટ અશ્વમેધ યજ્ઞનો પ્રસંગ બહુ ઠાઠમાઠથી ઊજવતા. ચોખાનો મત્સ્ય બનાવી અર્જુન પાસે એનો વધ કરાવતા. બાજઠો મંડાતા અને અન્નદક્ષિણા પથરાતી. ઉપરથી દીપ ફરતી અને એની આરતી વધાવવામાં આવતી. જે સૌથી વધારે વધે એ આરતી ઉતારે. મૅટ્રિકની પરીક્ષા સામે આવીને ઊભી રહેલી એટલે માશીઓએ



મામાજીને કહી અગારી આરતી લખાવી દીધી, ને તે રાતે વાંચવાનું બાજુએ રાખી અમે ભર્યું મોહોલ્લો, ઝાંઝ, કરતાલ ગાગર ને ઘંટડીના રણકાર સાથે મત્સ્યવેધતા ચોખાના અર્જુનની આરતી ઉતારી.

ગાગરિયા ભટ્ટે અમારા નામનાં જોડકણાં ગાયાં, મામાજીનો જયકાર બોલાવ્યો, ભીમસેનનાં પરાક્રમો વર્ણવ્યાં અને મહિનાની જામેલી કથા ઉત્થાપી લીધી.

ખૂબ વાંચતા,–એટલે કે 'ગોખતા': ચાંદાભાઈ, આબુવાલા, કી, નોટ્સ, નોંધ, ટાંચણો, ઉતારા, ગાઇડ, જે હાથમાં આવતું તે ગોખતા. મામાજી મદદ કરતા, માસ્તરો વહારે દોડતા, મુંબાઇથી કોઈના ઉપર કાગળમાં સવાલો આવતા તો તેની નકલો ફરી રહેતી.


દુર્લભરામ વખારિયાની ડૅાકકાર્ટમાં પરીક્ષાનો તંબૂ જોઇ આવ્યા, નંબર તપાસી આવ્યા. પરીક્ષા આવી પહોચી. છેક અઠવા લાઇન્સમાં તંબૂ તાણ્યો હતો, ત્યાં સવારે, જેમતેમ અરધે કોળીએ નોટ્સ ગોખતા ખાઇને પહોંચી જવાનું.

બન્ને માશીઓ શુકન માટે તપાસ રાખતી. આગલી રાતે ખાસ દહીં અધરેકી રાખ્યું હતું, તે ચખાડયું. એટલે આગળથી ઊભા રહી ગાયની રાહ જુએ અને ગાય દેખાતાં ઊપડવા સૂચના કરે. ઉપર ઠાકોરજીની ઓરડીમાં પગે લાગી, નીચે મામાજીને પગે લાગી, હાંફળા હાંફળા, 'શાંતિથી લખવું; પેપર પહેલાં બે વાર વાંચી જવો; ઉતાવળ ન કરવી; શું પૂછે તે સમજી લેવું;' અને આખરે 'અક્ષર સારા કાઢવા'ની સૂચનાઓ સાંભળતા, છેવટે 'ચાલો વહેલા પાસ થઇને આવજો' એ ગળગળા થઇને બોલાતા ભાવભીના શબ્દો સાંભળતા, ચાંલ્લો કરાવી, ગાયના શુકને, દહીં ખાતાં નીકળ્યા. ડૅાકકાર્ટમાં વખારિયા, ઠાકોર ને હું. તંબૂ આગળ ગાડીમાંથી ઊતરતાં જ ચન્દ્રવદન મુનશી માસ્તર મળ્યા. સૌ માસ્તરોમાંથી એ એક જ (અને પગે ચાલીને) આવ્યા હતા. આજે પણ આ લખતાં તે સમયની એમની કાળજી અને લાગણી યાદ કરતાં આંખમાં પાણી ભરાઈ આવે છે. માસ્તર તો ઘણા જોયા, પણ એમાં 'ગુરુ' કહેવાનું મન થાય તો હું ચન્દ્રવદન રમણિકરામ મુનશીને જ કહું.

પહેલે દિવસે સવારે અંગ્રેજી અને બપોર પછી ગણિત! ઘેર આવતાં રસ્તે જવાબ મેળવતાં જણાયું કે મારો એકેય દાખલો ખરો નહોતો! પગ ઊપડતા નહોતા, હૈયું ભારે થઈ ગયું હતું. વર્ષોની સતત મહેનત ને એક અપૂર્ણાંકનો દાખલો પણ ખરો નહિ!

મામાજીએ ધીરજ રાખવા કહ્યું. 'કંઇ નહિ, કદી હિંમત હારવી નહિ. જ્યૅામેટ્રી ઍલ્જિબ્રા હજી બાકી છે ને? જોઇ લઇશું. પહેલાં હાથ મોં ધોઈ લો.' હું પરવારી બહાર આવું છું. એટલામાં તો આખો પેપર એમણે સૅાલ્વ કરી નાખ્યો હતો. રીતભીત બરાબર કરી હોય તો પાંચેક માર્ક મળે ખરા એવો એમણે સધ્યારો આપ્યો.

માંડમાંડ એ અઠવાડિયું નીકળી ગયું. ઍલ્જિબ્રા-જ્યૅામેટ્રી ઠીક ગઇ. બધું પૂરું થતાં મુનશી માસ્તરને ત્યાં ગયા. એમણે હસીને આશીર્વાદ આપ્યા, અને ઠાકોર અને હું આરામ લેવા ગંગાપુર સિટી ઊપડયા. પરિણામને દિવસે તાર ન આવે અને હાજાં ગગડી જાય, એ વ્યથા ટાળવા આગ્રા તાજમહાલ જોવા ઊપડયા. બીજે દિવસે બપોરે પાછા ફરતાં પડખેના ઘરમાં સપ્રે દાદા ઊભા હતા ત્યાં ગયા; પણ એમણે તો એમની રીત પ્રમાણે 'બીરબલ અને બાદશાહ'ની એક કહાણી લિજ્જતથી સુણાવી દીધી, પણ પરિણામ વિષે કશો ઇશારો ન કર્યો. ઘેર પહોંચતાં. ટેબલ પર બે તાર પડેલા હતા. ઠાકોર અને હું બંને પાસ થતા હતા! એ જોતાં જ અમે એક બીજાને ભેટી પડયા!



બાની આંખમાંથી તો આંસુ પડવાં ટગુમગુ થઈ રહ્યાં હતાં. સાંજે ઘરમાં બાપુજીએ ચાપાણીનો મેળાવડો ગોઠવી જ દીધો હતો.

પાસ થવાને ૨૦૫ માર્ક જોઇએ, અને બદલે ૨૦૬ માર્ક – એટલે કે એક માર્ક વધારે આવ્યો હતો! જૂનમાં, સુરતમાં તાજેતરમાં જ શ્રી ચુનીલાલ શાહની અથાગ મહેનતને પરિણામે શરૂ થએલી એમ. ટી. બી. કૉલેજમાં નામ પણ દાખલ કરાવી આવ્યા. ઠાકોર અને હું પહેલે દિવસે કૉલેજમાં પ્રિન્સિપાલ દસ્તુર સાહેબનું પ્રવચન સાંભળવા વર્ગમાં પણ જઇ આવ્યા. રસ્તે જતાં નિશાળને સલામ કરી: અહીં વર્ષો સુધી કુદાકુદ અને ઝીકાઝીક કરી હતી.

પિતા ચીમનલાલ ગંગાપુરથી મુંબઈ અવારનવાર જતા, ત્યારે સૂરત પણ બે ત્રણ દિવસ રોકાતા. મામાજી એમને જમાઈની રીતે જ માન આપતા. અગાઉ મારી નિશાળની ફી સંબંધે એમણે મામાજીને કહ્યું હતું, ત્યારે મામાજીએ રોકડું પરખાવી દીધું હતું: 'તો ભાણાને તમારે ત્યાં લઈ જાઓ. મેં ફંઇ અને અહીં ખવાડવા રાખ્યા નથી, ભણાવવા રાખ્યો છે.' પણ મામાજી તો દોરીવાળા બૂટ, ન્યાતમાં પહેરવાને રેશમી અબોટિયું, વર્ષોથી રમકડાં અને એવું એવું તો ઘણું અપાવતા, એ વિષે ચિમનલાલ...પણ મામાજીએ જાણે એ વાદી સાંભાળેલાંજ નહિ ને! 'મારે ભણાવવો છે, અને હું ભણાવીશ તમે અહીં છોકરાને ઓછો જ મૂકવા આવ્યા હતા? એ તો સવિતા મને સોંપી ગઇ છે.' તે દિવસથી ફી પ્રકરણ પુરુ થયું હતું. હવે કૉલેજમાં જવાનું થયું એટલે મામાજી પર ચિમનલાલનો કાગળ આવ્યો કે 'હવે કૉલેજની ફી તો મને આપવા દો.' તરત જ જવાબ મોકલાઈ ગયો 'તો પછી ભણવાનું અહીં નહિ!'

આ બાજુ ઠાકોર વિના મને ઘડીભર નહોતું ચાલતું. દોસ્તી ઘણી ગાઢ થઇ ગઈ હતી. સુરતની કૉલેજમાં દાખલ થયા શનિવારે. રવિવારે સવારે એના સૌથી મોટા ભાઈ, પ્રિયંવદાના પિતા, વૈકુંઠરાય ઠાકોર મુંબઈથી એકાએક સૂરત આવ્યા. ઠાકોરે મુંબઈ ભણવા જવાનું છે એવો એમનો નિર્ણય અફર હતો. અમે બે છૂટા પડીએ એ કોઇને ગમતું નહોતું. એની વ્યવસ્થા તો મુંબઇમાં લગભગ નક્કી હતી એના માર્ક સાડી ત્રણસોની પણ ઉપર હતા. છતાં એના મોટાભાઈએ મારે

માટે કહ્યુ 'આવે તો ભલે આવે, જોઇ લઇશું.' અને ઘડીમાં સુરત રહેવા, ઘડીમાં મુંબઈ જવા મન ઝોલાં ખાવા લાગ્યું

સાંજ સુધીમાં મામાજીને કાને બીતાં બીતાં વાત નાખી, અને એમણે અતિ ઉદારતાથી કહ્યું, 'તારું ભવિષ્ય સુધરતું હોય તેમ કર, મને વાંધો નથી. પણ ગંગાપુર પુછાવી જો.'

તે જ રાત્રે અમે મુંબઈ ગયા. ગંગાપુરથી રજા આવી. મુંબાઈમાં વૈકુંઠભાઇએ આ બસો ને છ માર્ક વાળાને ત્રણ ચાર દિવસની અથડામણ પછી પોતાના ભાઇની સાથે એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ કરાવી દીધો હૉસ્ટેલમાં રૂમ મળે તો ત્યાં પણ લેવા કહી રાખ્યું. એમ ત્રણ દિવસમાં એ કૉલેજનાં પગરણ માંડી બેઠા. મુંબાઈમાં બધું ચોક્કસ થઈ ગયું એટલે ગાસડાંપોટલા બાંધવા સુરત ઊપડયા.

સલામ! રંગરસથી ભરપૂર સુરત, સલામ! પણ કોને સલામ? પંદર સત્તર વર્ષના સમયમાં તનમનમાં જે મૂળ સીંચાયાં છે, તે કદી ઉખેડયાં ઊખડી શકે એમ છે? નિશાળ તો ઠીક: ભણ્યા. પરભાશંકર માસ્તરથી માંડી ચન્દ્રવદન મુનશી સુધી ઘણાએ ભણાવ્યા. પણ એ ઉપરાંત સુરત શહેરે જે ભણાવ્યું છે તે કંઇ ભૂલી શકાય એમ છે?

કોને સલામ કહીએ? ચૌટા બજારમાં 'લ્હેરી લ્હારા લીલવા આઇવા'થી માંડી, વેંગણને વર બનાવી એને પાપડીરાણી જોડે પરણાવી શાકનાં ગુણગાન લલકારનાર પરતાગિયાને; કે ત્યાં જ નાકા પર કકડતું બદન અને લાલ ચટક તોરાની પાઘડી પહેરી માવાના પેંડા ને વિધવિધ જાતની બરફીના ખુમચા સામે બેઠેલા હેમુભાઇ બરફીવાળાને—કોને? દેવશંકર ઘારીવાળાને કે ચેવલી પાનવાળાને, છેલાને, રજાકને, ફરમાનને, છોટુમિયાં ગાડીવાળાને કે ચુનિયા હજામને; કોને? હજનેરના જે વરઘોડામાં સાજનમહાજનની આગળ મુંબાઈથી બોલાવેલી બે ગોવગીરી ગાનારીને છુમછુમ કરતી ચાલતી જોએલી (જે આગળ ચાલે તેમ પાછળનું લાલ પાથરણું ઉંચકાઇ આગળ પથરાતું જાય જેથી એના કોમળ પગને ધૂળ નહિ લાગે) એવા વરઘોડાને? કોને સલામ કહીએ? તાબૂતના વાઘને, નવરાત્રિના ઘેરૈયાને, છડીનામના છડીદારોને, ગીઝના વરરાજાને, હોળીની ઠાઠડી કાઢનાર હોળૈઆને, પતંગની છટકેલી કમાન સાંધી આપનાર નૂરમિયાંને, મને દુકાને બેસાડનાર ચુનિયા ગાંધીને, આસપાસ વીંટળાયલા સોની મહાજનને? કોને સલામ કહીએ?

વડોદરામાં ઘર રેલવેનું હતું, છતાં આજે એ જગ્યા પર જવા મન ભમ્યા કરે છે. ત્યારે આ તો માના મોસાળનું ઘર, લગભગ મારું જ ઘર, તેની કઈ રીતે વિદાય લઇ શકાય? આ એનો ઓટલો, જ્યાં કોયડાદાવ, સંતાકુકડી, છાપાદાવ ને તડકો-શીળો રમ્યાં છીએ. આ એની અગાશી, જ્યાં કંઇક જાતના પતંગો ચગાવ્યા છે, ઘરમાં થતાં વડી પાપડ સૂકવ્યાં છે, અને સુકાતાં એકઠાં કરી તે જ દિવસે શેકીતળીખાધાં છે.; આ પહેલો-બીજો માળ, જ્યાં પડેલી જાતજાતની ચોપડીઓ વાંચી છેઃ ૧૯૧૬માં 'વીસમી સદી' નીકળ્યું ને હાજીમહમ્મદ અલારખિયાએ માસિકોની દુનિયામાં નવો સિતારો ચમકાવ્યો. મારા બાપુજી તરત જ ગ્રાહક થયા અને વાંચીને એ અંકો મને મોકલતા, તે જ્યાં હોંસે હોંસે વાંચ્યા છે. 'ભામિની ભૂષણ', 'સતી મંડળ અને 'ચન્દ્રકાન્ત'ના બધા ભાગો, જગુષ્ટેનાં જૂનાં કાવ્યદોહનો, અને સંતપુરુષ પઢિયારના 'સ્વર્ગના ખજાના'ના જાતજાતના ગ્રન્થો જ્યાં પડયાપડયા વાંચ્યા છે.

અહીં જ મોટાં બીબાંમાં છાપેલી એક જૂની બત્રીસ પૂતળીની વાતોની ચોપડી હતી, જે નાના મામા એટલેકે મોતીમામા બપોરે વાંચતા, અને રાત્રે એ વાતોમાંથી એકેકી કહી સંભળવતા ને અમે ઊંઘી જતા. અહીં જ માશીઓ ધ્રુવાખ્યાન વારે વારે જે મોઢે બોલી જતી તે સાંભળ્યાં છે. એવું ઘણું ઘણું અહીં આ ઘરમાં વાંચ્યું છે, સાંભળ્યું છે. નિશાળે ભણવા ન જાત તો ચાલત. જે અંગ્રેજી અહીં શીખ્યો, એટલું તો ગમે ત્યાં ખપજોગું શીખી લેવાત. અને અંગ્રજીનો પાયો તો એવો કાચો નંખાએલો કે હજી લૂલો જ છે. ગણિત તો આવડયું જ નહિ. ઇતિહાસ-ભૂગોળ શીખવામાં કશો સાર નહોતો. પણ તે સિવાયનું જે આ ઘરમાં શીખ્યો તે જ કામ લાગ્યું છે. એ ઘરની શી રીતે વિદાય લઇએ?



અહીં આ જ ઘરમાં ખાંખાંખોળાં કર્યાં છે. સાંજે નિશાળેથી આવી કકડીને ભૂખ લાગી હોય ત્યારે સિકે ન અડાય તો યે છાનામાના સવારની રોટલીના થોકમાંથી થોડી રોટલી કાઢી ઉપર ઘી, ગોળ લઇ રાંધનારીની જાણ બહાર ખાધી છે. રાંધનારી ડોશી બીચારી જે અમથો પાળ ઉપર હાથ અડે તો યે પોતે ખાય નહિ એટલી મરજાદી, એની જ ગેરહાજરીમાં એણે ઢાંકેલા સિકાને અડવું, અને એનાથી છુપું રાખવું, એ પાપ નહિ?

મામાજીની વિદાય તો કઈ રીતે લેવી? એમની પાસે પગે લાગવા જતાં તો ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડાયું. એ તો બરાબર, પણ એક બે વાત કબૂલ કરી દેવા માટે શબ્દો ગળા સુધી આવ્યા, પણ ન નીકળ્યા. રાત્રે બધા ઉપર સૂવા જઈએ ત્યારે નીચેના ભંડારિયાની ચાવી સાચવીને ઉપર લઈ જવા માટે વિશ્વાસપૂર્વક મને સોંપતા, અને તે અમે ઉપર પથારીની તળે સંતાડી રાખતા. એક વાર નહિ પણ ત્રણ ચાર વાર રાતે, અગિયાર બાર વાગ્યા પછી, બધા ઊંઘી જાય ત્યારે, ચાવી હાથમાં લઇ, બિલાડીની જેમ અંધારામાં ધીમેધીમે દાદર ઊતરી, નીચે જઈ ભંડારિયું ધીમે રહી ઉઘાડી મામાજીની, રૂપિયાની કોથળીમાંથી બબ્બે રૂપિયા તેં કેવા ચોર્યા હતા? ત્યાં બે ત્રણ કોથળીઓ રહેતીઃ એક રોકડા રૂપિયાની, બીજી પરચુરણની અને એક રોકડા પૈસાની. એક વાર એમ જ ચોરની ચાલે નીચે જઈને રૂપિયા લેવા જતાં હાથમાં પૈસા જ લઇને ઉપર નહોતો આવ્યો?

નિશાળની બાજુમાંની હૉટેલમાં ખાવાના ચટકાનું આ પરિણામ હતું. ત્યાંનો આઇસક્રીમ, મરચે-તેલે તળેલા બટાટા, અને તે ઉપરાંત જાહેર ખબરમાં વાંચેલો રોઝક્રીમનો સાબુ (જે વાપરીએ તો ચામડી વેલવેટ એટલે કે મખમલ જેવી થાય, તેની પાંચ છ આનાની ગોટી, વગેરે માટે પૈસા તો જોઇએ જ. સ્વભાવ આમ તો ઉડાઉ જ, ને ગજવાં પહોંચે નહિ, એટલે આવી રીતે દસ બાર રૂપિયા ચોર્યા હશે પણ એ કબૂલ કરવા હિંમત ન ચાલી. ઠેઠ સુધી ભારે પશ્ચાત્તાપ થયો.

ઘરના કોઇને મારું જવું ગમતું નહોતું. બધા ગળગળા થઈ ગયા હતા. મામાજીના પગમાં માથું મૂકી ખૂબ રડ્યો. વખત જતો ગયો તેમ એમના અઢળક ઉપકાર ખ્યાલમાં આવતા જ ગયા. અંતે ભારે હૃદયે વિદાય લીધી. ઘર, શેરી, નિશાળ, શહેર, સૌને સલામ! એ શહેરમાં મારી વિવાહિત વહુ હતી. હું જાઉં છું એની એને ખબર પણ નહોતી. જતાં પહેલાં એને મળવાનું મન પણ મને નહોતું થયું અને થયું હોત તો પણ મળી શકાત કે કેમ એ પણ સવાલ છે.

(ફેબ્રુઆરી ૧૯૫૧) ૬૨

છતાં અમે એક બીજાને પરણનાર હતાં.

પેલી ચોરીની વાત મામાજી આગળ ન બોલાઇ તે ન જ બોલાઈ. મનમાં બનાવટી સંતોષ માન્યો કે આગળ ઉપર કો'ક દિવસ કબૂલીશ. પણ એ કો'ક દિવસ કદી આવ્યો જ નહિ. મેં સુરત છોડયું અને મુંબાઇમાં થોડા જ મહિનામાં તાર મળતાં હું પાછો સુરત



ગયો. મામાજી બીમાર હતા. બસ, એમને મેં ત્યારે છેલ્લા જોયા. ચાર દિવસ રહી પાછો મુંબાઇ ગયો, અને બે દિવસ રહી એમના અવસાનનો તાર મળ્યો.

એમની સેવાચાકરી કરવાનું સદ્ભાગ્ય પણ હું સ્વાર્થીને માટે નિર્માણ નહોતું.

[આવતા હપતાથી મુંબાઇનું જીવન]

આપણી વનસ્પતિ: માસમાસના વૃક્ષવિશેષનો પરિચય આપતી લેખમાળા–૩૯

ચારોળી

લેખક · પ્રો. **જયંતીલાલ દે. ઓઝા** એમ. એસસી.



ઉપયોગી સૂકો મેવો આપતી આ વનસ્પતિને સંસ્કૃતમાં 'પ્રિયાલ', 'ચાર' અને 'સ્નેહબીજ', હિંદીમાં 'પ્રિયાર' તથા 'ચિરૌંજી', ને મરાઠીમાં 'ચારોળી' કે 'ચાર' કહે છે. તેનું શાસ્ત્રીય નામ 'બુકનેનિયા લેન્ઝન'(Buchnania lanzan, Spreng.).તેને 'બુકનેનિયા લેટિફોલિયા'(Buchnania latifolia, Roxb) પણ કહે છે

ચારોળીનું ઝાડ હિંદ તેમ બ્રહ્મદેશના સૂકા પ્રદેશોનું વતની છે. તે ઉપરાંત કૅમ્બોડિયા, કોચીન-ચીન, સીઆમ ને લાઓ(Laos)માં પણ તે થાય છે. સતલજથી નેપાલ સુધીના ઉત્તર હિંદમાં તે ૩૦૦૦ ફીટની ઊંચાઈ સુધીના પ્રદેશમાં ઊગે છે. કોંકણ, મલબાર તેમજ મધ્ય પ્રાંતમાં પણ તે બહુ થાય છે.

આ વૃક્ષ ૪૦ થી ૫૦ ફીટ સીધું ઊંચું ઊગે છે. થડની પહોળાઈ પણ ખાસ્સી ૪ ફીટ, અને છાલ જાડી તથા કાળાશપડતી રાખોડી હોય છે. કૂમળી શાખાઓ પર રેશમી રૂવાંટી હોય છે. તેમાં પાન સાદાં જાડાં, કઠણ, પાંચથી દસ ઇંચ લાંબાં અને ૨$\frac{૧}{૨}$ થી ૫ ઇંચ પહોળાં લંબગોળ આકાર હોય છે. અને તેને $\frac{૧}{૨}$ ઈંચ લાંબી દાંડી હોય છે.

જાન્યુઆરીથી માર્ચ સુધી તેને ફૂલ આવે છે. તે લીલાશપડતાં સફેદ, નાનાં, દાંડી રહિત, અને ડાળીને છેડે પત્રકોણમાંથી ઝૂમખામાં ઊગે છે. તેમાં વજ્રપાંખડી ટૂંકી, અંડાકાર ને રૂવાંટીવાળી હોય છે.

ચારોળીનું ફળ નાના બોર જેવું, કઠણ ઠળિયા વાળું અને કાળું, $\frac{૧}{૩}$ થી $\frac{૧}{૨}$ ઈંચ વ્યાસનું હોય છે. તેમાં એક બીજ હોય છે. ચારોળી આમ્રાદિ (આંબો, કાજુ વગેરેના) વર્ગની વનસ્પતિ છે.

ચારોળીનું લાકડું આછું રાખોડી અગર રાખોડી ભૂરું હોય છે. કેટલીક વખત તેમાં આછી પીળી ઝાંય હોય છે. તે ખરબચડું, સામાન્ય ટકાઉ અને વજનમાં ઘણું હલકું (એક ઘનફૂટનું વજન ૨૯ રતલ) હોય છે. તેનો ઉપયોગ પેટીઓ, પલંગ, ધૂંસરી. થાંભલા, બારણાં અને સસ્તું ફર્નિચર બનાવવામાં થાય છે. દીવાસળી બનાવવા માટે તે ઉપયોગી ગણાય છે. તેની છાલમાં ૧૩.૪ ટકા ટેનીન પદાર્થો હોવાથી તે ચામડાં તેમજ વાર્નિશ બનાવવામાં વપરાય છે.

મુંબઈ અને પંજાબમાં ચારોળીનાં પાન ચારા તરીકે વપરાય છે. તેનાં પત્રાળાં પણ બને છે.

ચારોળીનાં બીજનું તેલ આછું પીળું, મધુર ને સહેજ સુગંધી હોય છે અને 'ઓલીવ' તથા બદામના તેલને બદલે વાપરી શકાય છે. ચારોળી કાચી યા શેકીને ખવાય છે. બદામની પેઠે તે પૌષ્ટિક ગણાય છે ને મિઠાઈ-પકવાનમાં તેનો ઉપયોગ જાણીતો છે.

ચારોળીના થડમાં છેદ કરવાથી ચીકણો ગુંદર મળે છે. તે ઝાડામાં ઉપયોગી ગણાય છે. મદ્રાસ ઇલાકામાં ચારોળીનો ગુંદ બકરીના દૂધ સાથે આંતરડાના દુખાવામાં પીવા માટે અપાય છે.

તેનું મૂળ તૂરું હોય છે. તે કફ તેમજ પ્રિત્તપ્રકોપ દૂર કરે છે અને લોહીનાં દર્દો મટાડે છે. મધ્ય પ્રાંતમાં ચારોળીનાં મૂળ અને પાનને વાટી, છાશ સાથે મેળવી ઝાડામાં અપાય છે.

યુનાની દવામાં ચારોળીનાં પાનનો રસ પાચક, કફનાશક અને લોહીશુદ્ધક ગણાય છે; તે તરશ મટાડે છે અને પિત્તપ્રકોપ દૂર કરે છે. હકીમો ચારોળીનાં ફળનો ઉપયોગ પૌષ્ટિક દવાઓ બનાવવામાં અને જીભ જ્યારે સૂજી ગઈ હોય અગર વધુ કઠણ થઇ ગઈ હોય ત્યારે તે પર ચોપડવા માટે કરે છે.

ચારોળી (બીજ) ખાટી, મધુર, રેચક, શીતળ, ધાતુવર્ધક અને કફકારક છે; તે વાત, દાહ, પિત્તપ્રકોપ, તાવ, તરશ, ચાંદાં અને લોહીનાં દર્દો મટાડે છે. ઝાંસીમાં બનાવાતો ચારોળીનો મલમ ચામડીનાં દર્દોમાં તથા ફોલ્લીઓ, ખસ તેમજ ખુજલી મટાડે છે. વરાડમાં ચારોળીનો ભૂકો ખુજલી પર લગાડવામાં આવે છે તેમજ મોં પરના ડાઘા દૂર કરવા સ્ત્રીઓ તેનો ઉપયોગ કરે છે.

ચારોળીનું તેલ મધુર, ઉષ્ણ ને કફકાર હોઈ વાત અને પિત્તપ્રકોપ મટાડે છે. ગળામાં ગાંઠોવાળા સોજા પર પણ તે ચોપડાય છે.



મધુકરી

જુવે તે રૂવે, ભાઈ, જુવે તે રૂવે.
ઉઘાડી આંખે, જેને જરીકે ન સૂઝે, સુખિયો એ રાતદિન સૂવે;
દેખે તેને તો જોવો ખેલ ખલકનો, ને સળગ્યાં કરવાનુ રૂવેરૂવે.
આંખોને કૂવે કાંઈ ન્હોયે અખૂટ પાણી, જગના એ ડાઘ શેણે ધૂવે?
આવે ક્યારેક ક્યાંથી અણસારા સંતોના
એની એક આંખ રુવે, બીજી લૂવે.

(સત્સંદેશ) —ઉમાશંકર જોષી

પહાડખેડુ ફ્રાન્ક સ્માઇથ

સાહસવૃત્તિ માનવીના સ્વભાવમાં જ જડાએલી છે પરંતુ જેમ જેમ કુદરત સાથેની એની સગાઈ છૂટતી ગઈ છે તેમ તેમ એ સાહસવૃત્તિ વિકૃતિને માર્ગે વળતી ગઈ છે. યુદ્ધ એ એ વિકૃતિની પરાકાષ્ઠા છે. યુદ્ધને અંતે કોઇ પણ પ્રજા શારીરિક તેમજ માનસિક પતિતાવસ્થાનો જ ભોગ થઇ પડતી હોય છે, કારણકે યુદ્ધથી કશી ઉદાત્ત ભાવનાને વેગ ન મળતાં માત્ર પશુવૃત્તિ જ નિરંકુશ બનતી હોય છે.

માનવીની આ સાહસવૃત્તિને વિકૃતિથી બચાવવાના અનેક માર્ગો છે, જેમાંનો એક માર્ગ છે પહાડોના ખેડાણનો. પ્રકૃતિની નિકટતા સાથે અગમ્યતાનો સ્પર્શ માનવી એમાં મેળવી શકે છે અને એની વિજિગીષા કશા વ્યક્તિદ્વેષ કે સમૂહદ્વેષ વિના સંતોષાય છે. સર ફ્રાન્સિસ યંગહસ્બંડ કૃત 'Everest—the Challenge', એરિક શિપ્ટન કૃત 'Upon that Mountain' કે ફ્રાન્ક સ્માઈથ કૃત 'Adventures of a Mountaineer' વાંચવાથી આ હકીકતની પ્રતીતિ થયા વિના નહિ રહે.

આ ત્રણે પહાડખેડુઓમાં પણ સ્માઈથ તો ખાસ આકર્ષણ કરે છે. હિમાલયનાં જુદાંજુદાં શિખરો પરનાં એનાં આરોહણોનું રંગદર્શી વર્ણન 'કુમાર'નાં પાનાંઓ ઉપર જે વાચી ચૂક્યા હશે તેમને બરાબર ખ્યાલ હશે કે એ વાચન સાથોસાથ કેવીકેવી મનોમૂર્તિઓ તેમની નજર આગળ તરી રહેતી હતી. એ સૌમાં યે સ્માઇથની તો કદાચ સૌથી



હૃદયંગમ હશે. એ ચુનંદો પહાડખેડુ આજે નથી. આજથી ઓગણીસ માસ પૂર્વે, ઈ.સ. ૧૯૪૯ના જુલાઈમાં તે અવસાન પામ્યો છે, પરંતુ એની 'The Adventures of A Mountaineer' જગતના સૌ પહાડખેડુઓને જ માત્ર નહિ પણ સરેરાશ માનવીની સાહસવૃત્તિને પણ પ્રેરણા ને માર્ગદર્શન આપતી આપણી વચ્ચે રહેલી છે, એ જેવુંતેવું આશ્વાસન નથી. મૃત્યુ એ કંઈ બહુ નવાઈની વાત નથી. માનવીને માટે જગતમાં સૌથી વધુમાં વધુ નિશ્ચિત કોઇ વસ્તુ હોય તો તે મૃત્યુ છે. સામાન્ય માનવી તો મૃત્યુ સ્વયં આવી પહોંચે તો પણ તેને વધાવી લઈ નથી શકતા, જ્યારે આવા સાહસિકો તો સામે ચાલીને મૃત્યુને ભેટવા નીકળી પડતા હોય છે. એવાઓના મૃત્યુ પર પછી અફસોસ શાનો?

લોકસમુદાય વચ્ચે વસતા માનવીને પોતાની જાતનું જેટલું મહત્ત્વ લાગતું હોય છે એટલું મહત્ત્વ સાગરની છાતી, અરણ્યોનાં પેટાળ, કે



માસમાસનાં પંખી-૩૧
રાવળ

છેક વેદવારાથી જેની પ્રશસ્તિ થતી આવી છે એ ખગરાજ ગરુડની ગુજરાતમાં દેખાતી કેટલીક જાતોમાંથી ઘોળવાનો પરિચય આપણે કરી ગયા. રાવળને નામે ઓળખાતી તેની બીજી એક જાત જંગલો કે ગીચ ઝાડીવાળા પ્રદેશમાં નજરે પડે છે. માથે કાળાં-ધોળાં ટપકાંવાળી કલગી ધરાવતું, ઘાટા તપખીરિયા રંગનું આ પંખી, કોઈ ઝાડની ઊંચી ડાળે ચોતરફ પોતાની તીણી નજર ફેરવતું એવું તો છુપાઇને બેસે છે કે ડાળોથી વચ્ચેથી તેને શોધી કાઢી ઓળખવું મુશ્કેલ થઈ પડે.

તેનો સમગ્ર વાન તપખીરી, પણ છાતી ને પેટ જરા આછા રંગનાં. તે પર ઘેરી આડી લીટીઓ, જેની નીચે ઊતરતાં જતાં ઊજળાં રંગનાં ઘેરી કિનારીવાળાં ગોળ ટપકાં. ઊડતું હોય ત્યારે નીચેથી પૂછડીમાં એક સફેદ લીટી ને મોટી પહોળી પાંખોમાં પણ બે પટ્ટા જોવા મળે છે. ઊડતી વેળા તે સીટી જેવો અવાજ કર્યા જ કરે છે અને તે એટલો તો તીણો હોય છે કે ખૂબ ઊંચે તે ઊડતું હોવા છતાં આપણે એ સાભળી શકીએ.

દેડકાં, ગરોળી, ઉંદર ને નાનામોટા ઝેરી યા ઝેર વિનાના સાપ એ તેનો આહાર છે. અતિશય ચપળ અને બળવાન હોઇ ક્યારેક જંગલી કુકડાં કે મોરને યે પાડી દે.

ડિસેમ્બરથી માર્ચ તેનો પ્રજનનકાળ. ત્યારે એ ગામને ગોંદરે કે કોઈ ઝરણાંને કાંઠે ઊંચા વૃક્ષની છેક ટોચની ડાળીના ચિપિયા વચ્ચે સાંઠીકડાંનો માળો બનાવે છે ને તેમાં પીળાશપડતા સફેદ રંગનું તથા રાતાં તપખીરી ચાંઠાંવાળું એક ઈંડું મૂકે છે.

પહાડોનાં કાંધ ખૂંદતા સાહસબાજોને નથી લાગતું. કદાચ એ જ કારણે સ્માઇથના ઉપર્યુક્ત પુસ્તકમાં તેનાં આરોહણો સિવાય કશી અંગત હકીકતો ભાગ્યે જ મળે છે. અને સામાન્ય માનવી એમને ઓળખવા યે ભાગ્યે જ તત્પર રહે છે; કારણકે, ઑલિમ્પીઆડ જેવી આંતરરાષ્ટ્રીય હરીફાઇઓની જેમ પહાડખેડાણમાં કશાં ઈનામ કે ખ્યાતિ નથી મળતાં. લોકોની મેદની વચ્ચે એનું પ્રદર્શન ન થતાં કેવળ કુદરત જ એ સાહસની સાક્ષીભૂત રહે છે. આમ છતાં, પહાડ-ખેડાણનો મોહ આવા સાહસિકોથી છૂટતો નથી. પોતાના વતન આસપાસના નાના ડુંગરાઓથી શરૂઆત કરીને મેઘમાલાથી પણ ઊંચા સ્કંધ ધરાવતા હિમાચ્છાદિત શૃંગો પર્યંત એ વિજિગીષુઓની તમન્ના તેમને ખેંચી જાય છે. અનુભવી પહાડખેડુઓના અભિપ્રાય મુજબ પહાડખેડાણમાં માનવીના શારીરિક અને માનસિક બંને પ્રકારની કુવ્વતની કસોટી થાય છે. એમાં સ્નાયુઓને જે કસરત મળે છે તે બીજા કોઈ વ્યાયામથી નથી મળતી. ખુદ સ્માઈથનો જ દાખલો લઇએ તો નાનપણમાં તે અત્યંત માંદલો રહેતો. બે વખત તો ન્યૂમોનિયાનો ભોગ બની ચૂકેલો. પરંતુ ડુંગરા ને પહાડોનું ખેડાણ શરૂ કર્યાં પછી એનું શરીર એવું તો ખડતલ બની ગયું કે છ છ વાર તો એણે હિમાલયનું આરોહણ કરેલું.

નાનપણથી જ નિશાળમાં ટાંગેલા નકશાઓ પર પહાડોની અંકાએલી લાંબી રેખાઓ એને આકર્ષતી અને એનામાં કુતૂહલ જગાડતી. પંદર વર્ષની વયથી તો એણે ઉત્તર વેલ્સની ટેકરીઓ પર એકલા એકલા ભમવા માંડ્યું. જોકે એણે પોતાના ત્યાર પછીના અનુભવ બાદ જણાવ્યું છે તેમ, એકલપંડે પહાડખેડાણ ઈચ્છનીય નથી; કારણ કે નજીવો અકસ્માત પણ ક્યારેક પ્રાણઘાતક બની જાય છે. મોલસીઆબોડ ટેકરીઓ પર એ ચડતાં તો ચડી ગયો, પરંતુ સામસામે તોળાઈ રહેલી બે કરાડો વચ્ચેની ગલીમાં પગ તો શું પણ હાથ પણ ફેરવવાનું મુશ્કેલ બનતું ગયું. એણે નીચે નજર કરી જોઈ. અને, ત્યારે જ, ભય એ શી વસ્તુ છે તેનું એને પ્રથમ ભાન થયું. એ ધીમેધીમે નીચે ઊતરવા લાગ્યો અને એ અંધારી ગલીનાં કાળમીંઢ જડબાંમાથી તદ્દન મુક્ત થયો ત્યારે જ છૂટકારાનો દમ ખેંચ્યો.

વેલ્સના નાનામોટા ડુંગરા, ત્યાર બાદ આલ્પ્સ અને ડોલોમાઈટ, અને એથી આગળ વધી કમઠાચળ અને હિમાલય–એમ ઉત્તરોત્તર સ્માઈથનો પુરુષાર્થ કસોટીએ ચડતો ગયો. હિમાલય તો હજુ યે માનવ પુરુષાર્થને હંફાવી રહેલો છે. પરંતુ જેવો એ અપ્રતિહત છે એવી માનવીની વિજિગીષા અપ્રતિહત છે. એના ગૌરશિખર (એવરેસ્ટ) પર પોતાના પદ રોપવા માટેના પ્રયાસોનો ઇતિહાસ તો ઠેઠ ગઈ સદી સુધી પહોંચે છે. ઈ. સ. ૧૮૯૩માં બ્રિગેડિયર જનરલ સી. જી. બ્રૂસ તથા સર ફ્રાન્સિસ યંગહસ્બંડે પ્રયાસ કરી જોએલો, પરંતુ જે બે રાજ્યોની સરહદને એ અડે છે એ નેપાળ તથા તિબ્બતે તેમને રજા ન આપેલી. છેવટે ૧૯૨૧ની સાલમાં એ આરોહણ માટેનો માર્ગ ખુલ્લો થયો.

ઈ. સ. ૧૯૨૨માં જ્યૉર્જ લે અને મેલરી એવરેસ્ટના આરોહણે ઊપડ્યા અને ૨૭૦૦૦ ફૂટ પર પહોંચ્યા, પરંતુ બરફની કરાડ તૂટવાને કારણે મજૂરોના જીવ ગયા અને એ પ્રયાસ મુલત્વી રાખવો પડ્યો. ઇ. સ. ૧૯૨૪ના ફરી વારના પ્રયત્નમાં મેલરી અને ઇરવિન ૨૮,૦૦૦ ફૂટથી યે વધુ ઊંચે પહોચ્યા બાદ આગળ તેમનું શું થયું તેનો કશો પત્તો જ નથી. સ્માઇથે તો આ સાહસમાં પાછળથી ઝંપલાવ્યું. અને એણે જ મેલરી અને ઈરવિનની છેલ્લી છાવણીના અવશેષો શોધી કાઢેલા.

—અશોક હર્ષ

આંખનું આરોગ્ય [૨]

સૂર્ય સ્નાન : સૂર્યનાં કિરણો એ સમસ્ત વિશ્વને પ્રકાશ ને જીવન આપનાર છે. આપણા દેશમાં સૂર્યનાં કિરણો લગભગ બારે માસ મળે છે એ કુદરતની આપણા પર મોટામાં મોટી કૃપા છે. સૂર્યનાં કિરણ યોગ્ય રીતે લેવામાં આવે તો લગભગ બધા રોગોને ફાયદો થઇ શકે છે. આંખને પણ જો યોગ્ય સમયે, યોગ્ય રીતે કિરણો આપવામાં આવે તો આંખનાં દરદો મટાડવામાં તે ખૂબ મદદરૂપ નીવડે છે.

ઊગતા અગર આથમતા સૂર્ય સામે આરામથી બંધ આંખે બેસો. ચહેરાને સૂર્ય સામે એવી રીતે ગોઠવો કે જેથી કિરણો બંધ આંખનાં પોપચાં પર પડે. કિરણો લેતી વખતે શરીરને ઘડિયાળના લોલકની જેમ કમરમાંથી જમણી અને ડાબી બાજુએ ઝુકાવો.

નાનાં બાળકોનાં પારણાં પર ઊગતા સૂર્યનાં કિરણો પડે તેમ તે રાખો. ઊગતા સૂર્યનાં કિરણો તેમનાં શરીર પર પડે તેવી રીતે હાથમાં રાખીને તેમને ઝુલાવો. બાળકોએ સૂર્યના ખમી શકાય તેવા તાપમાં રમવું જોઈએ. દરદીઓના દરદવાળા ભાગને સૂર્યનાં કિરણો આપવાથી દરદ ઝડપથી મટે છે. સૂર્યનાં કિરણો લેવાથી રોગોનો સામનો કરવાની તાકાત વધે છે. (ચાલુ) —ડૉ. ગોવિંદભાઈ પટેલ

નાળિયેર

નાળિયેરની પેદાશ મોટે ભાગે દરિયા-કિનારે થાય છે.

નાળિયેર પચવામાં હલકું નથી. તે સ્નિગ્ધ, શીતળ, મધુર તથા પૌષ્ટિક છે. રક્તદોષ, તૃષા, વાતપિત્ત અને દાહનું તે શમન કરે છે. કોપરાને સૂકવીને કાઢવામાં આવેલું કોપરેલ તેલ પણ શીતળ છે. લીલા કોપરામાંથી કાઢેલું તેલ વાતનાશક છે.

નાળિયેરમાં સિંધવ ભરી, તેને કપડમિટ્ટી કરી અગ્નિમાં તપાવવું. ઠંડું થયે અંદરનો મગજ કાઢી લેવો. તેને 'નારિકેલક્ષાર' કહે છે. ગમે તેવા શૂળ માટે આ ક્ષાર ઉત્તમ છે અને એ ઘરગથ્થુ દવા છે. વળી નાળિયેર કોરીને તેમાં થોડી નવસારની ભૂકી નાખી સવારે તે પાણી પીવાથી વાળાનો રોગ મટે છે, એમ કહેવાય છે.

નાળિયેરનું ખમણ રસોઈમાં તેને સ્વાદિષ્ટ કરવામાં વપરાય છે. નાળિયેરનું પાણી અમૃત જેવું મીઠું હોય છે. તેના કોપરાથી કૃમિ મરી જાય છે. લોહીના દબાણવાળા રોગીને માટે પણ તે સારું છે. તે ગરમી ઓછી કરી પેશાબ સાફ લાવે છે. ઊંચેથી પડેલા માણસને નાળિયેરનું પાણી ફાયદો કરે છે. નાળિયેરના પાણીથી રજસ્રાવ આવી જાય છે. મૅલેરિયામાં પણ એ પાણી હિતકારક છે. મધુમેહના દરદી માટે લીલા નાળિયેરનું પાણી પથ્ય છે. દરિયાનું ખારું પાણી ખેંચી તેનું રૂપાંતર તે આપણને મીઠા પાણીમાં કરી આપે છે, એ પ્રભુની અજબ રચના નહિ તો બીજું શું?

જૂના નાળિયેરમાં વિટામીન A અને B રહેલાં છે, જ્યારે નવું નાળિયેર B, C અને D વીટામિન પણ ધરાવે છે. ગ્રામજનો કોપરૂં અને ખજૂર ફળાહાર તરીકે વાપરે છે એ તો જાણીતું છે.

તાજા કોપરામાં પાા ટકા માંસલ દ્રવ્ય, ૩પાા ટકા ચરબી અને ૪૬ાા ટકા પાણી હોય છે. કૂમળા નાળિયેરમાં ૩ાા ટકા ગ્લુકોઝ હોય છે, જ્યારે સૂકા કોપરાના દૂધમાં ગ્લુકોઝ હોતું નથી. પરંતુ લીલા નાળિયેરના કોપરામાં મિઠાશ હોતી નથી, જ્યારે સૂકા નાળિયેરના દૂધમા મિઠાશ હોય છે. ભિલામા ખાવાથી થતા ઉપદ્રવોના શમન માટે લીલું કોપરૂં ઉત્તમ છે. જેટલી રુચિ હોય તેટલું લીલું કોપરૂં આપ્યા જ કરવું આથી ભિલામાનું સરસ વારણ થાય છે. કોપરૂં બાળી તેની રાખ કોપરેલમાં જ કાલવીને મલમ રૂપે લગાડવાથી વ્રણ તરત મટી જાય છે.

—ચંદ્રશેખર ઠક્કુર

સમય-સાગરનાં છીપ-મોતી

સંગીતોપચાર

રોગના ઉપચાર માટે જગતમાં અનેક પદ્ધતિઓ છે: દા. ત. ઍલોપથી, આયુર્વેદ, હોમીઓપથી, નિસર્ગોપચાર, રંગઉપચારવગેરે. એ પદ્ધતિઓમાં હવે એક તદ્દન નવી જ પદ્ધતિ ઉમેરાશે. એ છે સંગીતની સહાયથી રોગ સારા કરવાની પદ્ધતિ. સંગીતના વિશિષ્ટ શાસ્ત્રીય રાગની વિશિષ્ટ રોગો પર રોગ મટાડવાની દૃષ્ટિએ સારી અસર થાય છે એમ ડૉ. જે. પાલે જાહેર કર્યું છે. કયો રોગ મટાડવા કયા રાગ ગાવા જોઇએ એનું એક કોષ્ટક પણ તેમણે તૈયાર કર્યું છે: ક્ષયરોગ: તિલંગ, બિલાવલ, મુલતાની. બ્લડપ્રેશર: પૂર્વી, ટોડી. પ્રદર: બિસારંગ, દેસ. ઉન્માદ: બહાર, બાગેશ્વરી. હિસ્ટીરિયા: ખમાજ, દરબારી કાનડા, પુરિયા. વીર્યરોગ: આસાવરી. મૅલેરિયા: હિંડોલ, મારવા. માથું દુ:ખવું: સોહિણી, ટોડી, ભૈરવી.

ંડ કાઢવાનો વક્રમ

ઓછામાં ઓછા વખતમાં વધારેમાં વધારે દંડ કાઢવાનો પ્રયત્ન જુદેજુદે ઠેકાણે થાય છે. સાંગલીમાં હમણાં જ આની હરીફાઇમાં વખતે સદાશિવ સાળુંખે નામના જુવાને ૩॥ કલાકમાં ૬૦૭૫ દંડ કરીને અત્યાર પહેલાંનો ૫૦૦૦ દંડનો વિક્રમ તોડયો છે.

એક સાહસિક સફર

આઝાદ પ્રજાનું એક તરતું લક્ષણ એ ગણાય છે કે ત્યાંની પ્રજામાં જુદાં જુદાં સાહસો ખેડવાની પ્રેરણા થયા કરે છે. હિમાલયનાં ઊંચાં ઊંચાં શિખરો સર કરવાં, સાગરનો તાગ મેળવવો, નાનાં વહાણની સહાયથી સાગરો પાર કરવા ઇત્યાદિ જીવસટોસટનાં યા અતિ કષ્ટનાં કામો કરવાની તેમને ઇચ્છા થયા કરે છે. થોડા દિવસ પર સમાચાર હતા કે વટઝર્લૅન્ડનો એક જુવાન સાઇકલ પર દુનિયાના પ્રવાસે નીકળ્યો છે. આપણે ત્યાં પણ હૈદ્રાબાદના ત્રણ સ્કાઉટો સાઇકલ પર જગત-પ્રવાસે નીકળ્યા છે. ૬ વર્ષના તેમના આ લાંબા પ્રવાસમાં દુનિયાનો લગભગ દરેક દેશ આવી જશે. એમાં તેમનો ઉદ્દેશ દેશો વચ્ચે ભ્રાતૃભાવ વધારવાનો તથા જુદાજુદા દેશોના રીતરિવાજો, સંસ્કૃતિ ઇત્યાદિનો અભ્યાસ કરવાનો છે. ટુકડીના આગેવાન શ્રી નરસિહમ્ છે. ને બીજા શ્રી દત્ત નામના બંગાળી અને બાબુભાઇ ત્રિવેદી નામના ગુજરાતી છે.

આપ સમાન બળ નહિ

આપણે પુસ્તકોમાં અને છાપાંમાં વાંચીએ છીએ કે રશિયાના ખેડૂતો અને મજૂરો દેશને જોઇતા રસ્તાઓ સ્વેચ્છાથી રાતદિવસ પરિશ્રમ કરીને બાંધે છે. આજકાલ ચીનમાંથી પણ એવા જ ખબરો આવે છે. પરંતુ હવે આપણા ભારતમાં પણ હમણાં આવા બનાવો બની રહ્યા છે. રાજસ્થાનમાં ધોળપુર કરીને સાવ અલગ પડી ગએલું એક રાજ્ય છે. તેને રાજસ્થાનના બીજા ભાગ સાથે જોડનારો કોઈ પાકો રસ્તો ત્યાં નહોતો. રાજ્ય પાસે જોઈતું ભંડોળ ન હોવાથી ધોળપુરના લોકોએ જ જાતે ૨૪ માઇલ લાંબો રસ્તો બાંધવાનું ઠરાવીને ગઇ બીજી ડીસેમ્બરે કામ શરૂ કર્યું. આજે રોજ ત્યાં ૨૦૦૦ લોકો કામ કરે છે. કેવળ રસ્તો બાંધવાનું જ નહિ પણ નાની નદીઓને બંધ બાંધવાનું કામ પણ તેઓ કરે છે. બિહારમાં મુજફ્ફરપુર ગામથી પચીસ માઇલ દૂર લખનદેવી નદીને લોકોએ થોડા વખત પહેલાં જ સ્વેચ્છાએ પરિશ્રમ કરી બંધ બાંધ્યો એની હકીકત પણ ઉત્સાહવર્ધક છે. પહેલા દિવસે હજાર, બીજે દિવસે ૩૦૦૦ અને ત્રીજે દિવસે ૫૦૦૦ લોકોએ રાતદિવસ મંડીને માટી નાખ્યા જ કરી, અને ત્રણ જ દિવસમાં ૭૮ ફૂટ લાંબો, ૪૦ ફૂટ પહોળો અને ૨૧ ફૂટ ઊંચો બંધ તેમણે બાંધી નાખ્યો! એને માટે ખરચ કેવળ ૧૫૦૦ રૂપિયા થયું. આવાં સ્વેચ્છાએ કરેલાં કામો જ આપણી આઝાદ પ્રજાની જાગૃતિનું લક્ષણ છે.

આવતા યુદ્ધની ભયાનકતા

ત્રીજા મહાયુદ્ધની સંભવિતતા અંગે તો ઘણા આજે વિચાર કરી રહ્યા છે, પણ તેની ભયાનકતાનો ઘણાને ખ્યાલ નથી. એક ઍટમ બૉમ્બ શું કરી શકે એ ગયા યુદ્ધમાં આપણે જોયું. પણ ઍટમ-યુદ્ધ કરતાં યે જંતુયુદ્ધ વધુ ભયંકર છે. દુશ્મન દેશ પર એરોપ્લેનમાંથી એક એવા જંતુ નાખવામાં આવે જેથી એ દેશનો પાક, દૂધ, ઇંડાં આદિ વસ્તુનું ઉત્પાદન ઘટવા માંડે, એ વસ્તુઓ ખાનારી પ્રજા ધીમેધીમે નિ:સત્ત્વ, નિર્બળ બનતી જાય. ને છતાં એ લોકોને ખ્યાલ પણ ન આવે કે આવું યુદ્ધ શરૂ થયું છે. એ જંતુઓ તો એ દેશના પાંચમી કતારિયાઓ પણ બનાવીને અનાજ, પાણી વગેરેમાં નાખી શકે છે. પણ જંતુયુદ્ધ કરતાં યે વધુ ભયંકર તો જ્ઞાનતંતુ—ગૅસનું યુદ્ધ છે. આ ગૅસ વાસ કે ગંધ વગરનો હોય છે અને તેને શોધી કાઢવો મુશ્કેલ હોય છે; જ્યારે નાખવો સહેલો હોય છે. કોઈ પણ શહેર પર આ ગૅસ નાખતાં લોકોને ઉલટી થવા માંડે, મૂર્છા આવે, મગજની અસ્થિરતા વધી જઈ ગાંડાની માફક વર્તવા માંડે. આ ગૅસથી બચવાનો એક જ ઉપાય છે અને તે ગૅસનો હુમલો થતાં જ દર પાંચ મિનિટે એક એમ ત્રણ ઍટ્રોપાઈન સલ્ફેટનાં ઇન્જેકશન લેવાં અને પછી દર થોડા કલાકે લેવાનું કેટલાક દિવસ ચાલુ રાખવું. અમેરિકાની સરકારને તો આવાં યુદ્ધો થવાં અશક્ય લાગતાં નથી, એટલે તેમણે તો ઉપર્યુક્ત ત્રણે યુદ્ધોથી બચવા જંગી સંરક્ષક દળ પણ ઊભું કરી દીધું છે.

પ્રામાણિકતાનો એક નમૂનો


અમેરિકાના એક ધનાઢ્ય દરજીએ જાહેર કર્યું કે યુદ્ધ પછી છૂટા થએલા અમેરિકન સૈનિકોને લોન આપવા પોતે ૨૫,૦૦૦ ડૉલર જુદા કાઢ્યા છે. જેને જરૂર હોય તે વગર વ્યાજે લઈ શકે છે, તે માટે કોઈ બાંહેધરી વગેરે આપવાની કાંઈ જરૂર નથી. થોડા વખતમાં જ એ ૨૫ હજાર ડૉલર જુદાજુદા સૈનિકોને અપાઈ ગયા. કોઈ પણ ઓળખાણ કે બાંહેધરી માગ્યા વગર કેવળ વિશ્વાસથી લોન તરીકે અપાએલા એ ૨૫ હજાર ડૉલરમાંથી ૨૪,૯૪૦ ડૉલર એ દરજીને આજ સુધી પાછા મળી ગયા છે! જે ૬૦ ડૉલર આવવાના બાકી છે તે પણ જે સૈનિક તે લઇ ગયો છે તેણે પોતાને નોકરી મળતાં તરત જ પાછા આપવાનું પત્ર દ્વારા તેને જણાવ્યું છે.

પાણી વિના ખેતી!

રશિયામાં યુક્રેન પ્રાંતમાં એક ખેડૂતે એવી જાતના ચોખા શોધી કાઢ્યા છે જે જમીનમાં વાવ્યા પછી તેને પાણી પાવાની કે વરસાદની કશી જરૂર નથી પડતી છતાં પાણીથી ઊગતા ચોખા જેટલા જ વિપુલ પ્રમાણમાં તે ઊગી શકે છે. આવતા વર્ષે ત્યાં મોટા પ્રમાણમાં આ ચોખાની ખેતી થશે. આપણી સરકારે એ ચોખા બાબતમાં રશિયન સરકાર સાથે પૂછપરછ કર્યાનું જણાય છે.

ગીરદી માપનારું યંત્ર

લંડનમાં ટેમ્સ નદીને કાંઠે આ વર્ષે એક જબ્બર ઔદ્યોગિક પ્રદર્શન ભરાવાનું છે. આ પ્રદર્શન જોવા આવનારા પ્રેક્ષકોની સંખ્યા ગણનારું એક સ્વયંચાલિત યંત્ર તેના પ્રવેશદ્વાર આગળ મૂકવામાં આવનાર છે. લોકો જેમજેમ અંદર જતાં જાય તેમતેમ યંત્ર પરનો આંકડો વધતો જાય અને બહાર નીકળે ત્યારે ઓછો થાય.



આજના સંસારવ્યાપી શૉખ ટિકિટસંગ્રહની માહિતી આપતો વિભાગ

ઈંગ્લંડની જાણીતી ગ્રંથપ્રકાશન સંસ્થા 'પેન્ગ્વિન્સ' તરફથી કિશોર વાચકો માટે 'પફ્ફિન' નામની જ્ઞાનદાયક ચિત્રમય પોથીઓ નીકળે છે. તેમાં 'ટપાલની ટિકિટો'ની પોથીમાં એ વિષયનું ટૂંકું અને મબલખ ચિત્રો સાથેનું સામાન્ય જ્ઞાન આપ્યું છે, તેની વાનગી રૂપ 'ટિકિટોનાં અંગ-ઉપાંગ' સમજાવતું જે આલેખન ઉપર આપ્યું છે તે પરથી તેની ઉપયોગિતાનો ખ્યાલ આવશે. (દોઢ શિલિંગની આ ચોપડી શિખાઉ ટિકિટશોખીનોએ મંગાવવા જેવી છે.) ટિકિટોના જુદાજુદા ભાગ સમજાવતા ઉપરના ચિત્રમાં આપેલા અંગ્રેજી પારિભાષિક શબ્દોની સમજણ, ડાબી બાજુથી, ઉપરથી નીચે, આ પ્રમાણે છે: ઓવલ ફ્રેઈમ=મુખ્ય આકૃતિની આસપાસનું લંબગોળ ચોકઠું; પરફોરેશન: ટિકિટોને ફાડીને છૂટી પાડવા માટે વચ્ચે ગોળ કાણાંની હાર પાડવામાં આવે છે તે; જે, કપાયા પછી આવી અર્ધગોળ આકૃતિ રહે છે. એ નાનાંમોટાં કાણાં ઉપર પરફોરેશનનાં વિવિધ ચોક્કસ માપ તથા પ્રકારો નક્કી થાય છે. એ ખંડિત હોય તો ટિકિટની કિંમત ઘટી જાય છે; સ્પૅન્ડ્રેલ=મુખ્ય આકૃતિ તથા ટિકિટની બહારની કિનાર વચ્ચેની જગ્યા; ચેક લેટર=ટપાલખાતાની સમજણ ખાતર મૂકવામાં આવતો સંજ્ઞાક્ષર; હૅર લાઈન=છપાતી વખતે વાળ કે કચરો આવી જવાથી યા ઘસરકો પડવાથી ટિકિટમાં છપાયા વિનાની કોરી રેખા; પ્લેટનંબર=ટિકિટોનું સમગ્ર આખું પાનું છાપવા માટે જે મોટો બ્લૉક કે પ્લેટ તૈયાર કરવામાં આવે છે તેની ક્રમવ્યવસ્થા સાચવવા માટે ટિકિટોના પાનાની કોરી કિનાર ઉપર છાપવામાં આવતા સંખ્યાંક. કરન્ટ નંબર=તેને જ લગતો બીજો ક્રમાંક; જ્યૂબિલી લાઇન=પાનાની છેવાડાની ટિકિટોના પરફોરેશન તથા કોરી કિનાર વચ્ચે છપાતી ઘાટી કાળી લીટી; વૅલ્યુ=ટિકિટ પર છપાતી તેની કિંમતના અક્ષરો; માર્જિન=ટિકિટ અને પરફોરેશન વચ્ચેની કોરી જગ્યા; પ્લેટ નંબર =એકની એક ટિકિટોનાં એક કરતાં વધુ આલેખનો થયાં હોય તો તેનો ક્રમાંક; પોર્ટ્રેટ=ટિકિટમાં તસ્વીર; કૉર્નર સ્કવૅર=ટિકિટોને ચાર ખૂણે ડિઝાઇનમાં ગોઠવાતા ચોરસ કે લંબચોરસ ગાળા-જેમાં ચેક-લેટર કે કાંઇક સુશોભન મૂકવામાં આવે છે. જમણી તરફની ટિકિટ: કૉર્નર ઑર્નામેન્ટ=કૉર્નર સ્કવૅરમાં થતું શોભન; સ્ક્રૉલ=ઊખેળેલા ટીપણાના લાંબા કાગળની આકૃતિનું આલેખન; રાઉલેટિંગ=ટિકિટ ફાડવા માટે પરફોરેશનને બદલે ઊંડી બેસાડવામાં આવતી તુટક કે સર્પાકાર રેખાઓ; પ્રિન્ટર્સ ઈમ્પ્રિન્ટ=ટિકિટ છાપનાર મુદ્રકનું નામ; વૅલ્યૂ ટૅબ્લેટ=ટિકિટની કિંમત છાપવા માટેની આલેખનની તકતી; વાઈનેટ=ટિકિટમાંની આકૃતિને છેક ચોમેરની કિનાર સુધી સંપૂર્ણ ન આલેખતાં અધૂરી જ રાખીને ખાલી જગ્યામાં મિલાવી દીધી હોય તેવું આલેખન; ઇન્સ્ક્રિપ્શન=ટિકિટમાં છાપેલું ટિકિટને લગતું લખાણ; નેઇમ ટૅબ્લેટ=ટિકિટ ઉપર તેના દેશનું નામ લખેલી તકતી.

સરદાર વલ્લભભાઇ

હિંદની પ્રજાનું ઘડતર કરનાર તથા આઝાદીની લડતને દોરનાર આપણા રાષ્ટ્રવિધાયકો પૈકી ગાંધીજી, જવાહરલાલ, રાજેન્દ્રપ્રસાદ, રાજાજી વગેરેએ તો પોતાનાં લખાણો તથા આત્મકથાઓ આપ્યાં છે. એક સરદારનાં જ એવાં કોઇ લખાણો આપણને મળ્યાં નથી. પોતાના મિત્રો આગળ પ્રસંગોપાત્ત પોતાના જીવનની કાંઈ વાત કરી હશે તે સિવાય બીજી માહિતી પણ બહુ નથી. વળી, રાજકારણના ક્ષેત્રમાં નીડરતાથી પોતાનો પક્ષ રજૂ કરનાર, ઢીલા લોકોને પોતાના આગ્રહ તથા પ્રેમથી કાબૂમાં રાખી દોરનાર, અને અનેક વિરોધીને મહાત કરનાર આ પુરુષને વિષે અનેક સાચીખોટી વાતો પ્રચલિત થએલી છે. ઘણા માને છે કે રાજકારણમાં એમણે પોતાના આપખુદ જોહાકીવાળા સ્વભાવથી અને સામાને મહાત કરવામાં જાતજાતના પેંતરા રચવાની કુશળતાથી સિદ્ધિ મેળવી છે. આ ચિત્ર કેટલું ખોટું છે અને પોતે મેળવેલી સફળતા પાછળ એમણે કેટલી ચીવટથી, ધીરજથી અને ખંતથી સાધના કરી છે, એ બધાંનું, આ દળદાર ચરિત્રમાં વિગતવાર આલેખન છે. તેમાં ૧૯૨૯ના ડિસેમ્બરની લાહોર કૉંગ્રેસ સુધીનું જીવન આલેખાએલું છે જેમાંનો મોટો ભાગ ગુજરાતના રાજકીય ઘડતર સાથે સંકળાએલો છે. ૫૦૦ પાનાં, દસ ચિત્રો, પાકી બાંધણી, કિંમત પાંચ રૂપિયા. નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ.



OUR FRIENDS ABROAD



[જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ]

જાપાનના કેટલાક પત્રમિત્રો

The following addresses were received from Mr. Girdharilal Shroff of 711/3, Sakar Bazar, Ahmedabad-2. When writing to any of them please state the same. To all of these addresses please add Japan.

(1) Miss Misako Misawa, 71, Shiobe-madhi, Kofu—Music, Sports, Photography, Pen-friendship; (2) Mr. Yoshihiro Saegusa, 4-15 Sakura-cho, Kofu—Stamps, Sports; (3) Miss Yoshiko Amano, 359 Shimoya, Yamura-machi, Minamitsura, Yamanashi, Prefecture—Stamps, Music, Post-cards; (4) Mr. Gennosuke Ichihashi, 21 Yanagi-machi, Kofu—Stamps, Photography, Music; (5) Mr. Syohachi Naito, 18-37 Tachibaba-cho, Kofu—Stamps, Music, Photography; (6) Miss Reiko Shimizu, 10 Saiku-machi, Kofu—Book reading, Movies, Pen-friendship; (7) Mr. Shichiro Shimizu, (age 18) 1 Asahi-cho, Kofu—Book reading, Photography, Letter-writting; (8) Mr. Toshi Takabatake, Shin-machi, Minamoto-mura, Yamanashi, Prefecture—Stamps, Photography; (9) Miss Shigeko Imai, 16 Saiku-machi, Kofu—Reading, Stamps, Pen-friendship; (10) Miss Yoshiko Iino. 18 Nishiki-cho, Kofu—Stamps, Photography, Films; (11) Miss Yaoko Hirai (age–19) 19 Saiku-machi, Kofu--Music, Photography, Pen-friendship World situation; (12) Mr. Yoshio Shimizu, Teacher, 10 Saiku-machi, Kofu—Post-card, Photography, Pen-friendship; (13) Mr. Kinzo Imai, 16 Saiku-machi, Kofu—U. P. U. Stamps, Match lables; (14) Mr. Kenzo Marumo, 58 Yoda-machi, Kofu (313 East John St. Champaign, 111, U.S.A. He is now in some university in the states); (15) Mr. Eiichi Arai, 19 Shinkonya-machi, Kofu—Stamps; (16) Miss Hiroko Misawa, 71 Shiobe-machi, Kofu—Music, Photography, Pen-friendship; (17) Mr. Hitoshi Yatsushiro, 1877 Uedemura, Kitakomagun, Yamanashi, Prefecture—Stamps, Music; (18) Miss Kimi Ito, 558 Hyakkoku-machi, Kofu—Music, Dance, Letter-writing; (19) Mr. Suehito Uchida Fukasawa, Yamato mura, Yamanashi, Prefecture—Reading, Music, Painting, Post-cards; (20) Mr. Fusashi Ono, 5265, Onando-machi, Kofu—Stamps, Post-cards; (21) Miss Keiko Sugimura, 18 Saiku-machi, Kofu-Music, Film, Photography, Reading; (22) Mr. Tetsuya Higuchi, 2328, Kmaijoharai-machi, Kofu—Music, Movies, Films.

કેટલીક અમેરિકન પત્રમિત્ર-સંસ્થાઓ

ભાઇ વિનોદમેઘાણી (ભાવનગર)એ USIS મારફત અમેરિકાની આ પત્રમિત્ર સંસ્થાઓનાં સરનામાં મેળવ્યાં છે. તેની સાથે પત્ર-વ્યવહાર કરનાર દરેકે પોતાને વિષેની બધી જ માહિતી લખવા ઉપરાંત USISનો નામોલ્લેખ પણ કરવો. દરેક નામને છેડે U. S. A. એટલું ઉમેરી લેવું.

(1) International Friendship League, 40, Mt. Vernon St., Beacon Hill, Boston, Massachusetts: (2) International Student's Society, Hills Boro, Oregon; (3) Interscholastic Correspondence, 433 Buena Visla, San Fransisco, California; (4) Open Road For Boys, 229, Boylston St., Boston, Massachusetts; (5) Foriegn Correspondence Bureau, Angasta, Kansas; (6) Mrs. Allice Wilson, Student Forum on International Relations, 530, Powell St., San Francisco, California; (7) The National Bureau of Educational Correspondence, George Peabody Colledge for Teachers, Nashville-4, Tennessee.

હિંદી પત્રમિત્રો

(7) Prafulchandra M. Patel, Bhadam, T. C. Rajpipla, Dt. Broach—17, Stamps, Science, Photography, Drawing; (8) Nrupendra Ratilal Shah, 231, Kharakuva's Khadki, Patasa Pole, Gandhi Rd., Ahmedabad—15, Stamps, Cricket; (9) Bharatkumar R. Shah, G.P.O. Box 2425, Calcutta-1—Stamps, Photography, View-cards; (10) Soni Jayantilal Shivlal, Navapara, Ravasa Street, Mandvi (Cutch); (11) Jitendra N. Shah, 20 Shreemali Society, Navrangpura, Ahmedabad—19, Photography, Sports, Match-labals (ઉલ્લેખ: ગિરધારીલાલ શ્રૉફ) (12) Vithaldas R. Mistry, M/S Mistry & Co. (Bulsar), Gujrati St., Alleppy (S. Inadia)—32, Photography, Trarvelling, Literature, Civilization, Politics; (13) Anand N. Amin, Mafatlal Baug, French Bridge, Bombay-7—22, Microbiology; (14) Bimal M. Pandya, Pankaj Prabha, 420, Krishna Nagar, Bhavnagar (Saur.)—19, Scouting, Hiking, Blade-covers; (15) Kishor A. Sanghavi, C/o Jivraj Tribhuvandas Sheth, Jail Road, Verai St., Amreli (Saur.)—22, Stamps, Photography, Coins; (16) Ramesh V. Vyas, Plot No. 1186, Sir Pattani Rd, Bhavnagar (Saur.) 13, Stamps, Cricket. Swimming; (17) Navin H. Parekh, Shakti Nivas, Bajaj Rd., Vile-prale. (West), Bombay-24—20, Music, Drawing, Sports. (ચાલુ)

આ માસ (ફેબ્રુઆરી) ઈતિહાસમાં: દિનવિશેષ • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

જાન્યુઆરીની તવારીખ

તા.૧ જર્મની સાથેની યુદ્ધ પરિસ્થિતિનો અંત આણવાની ભારતે પહેલ કરી.

તા.૪ લંડનમાં રાષ્ટ્રકુટુંબના દેશોની પરિષદ.

તા.૮ ઉત્તર કોરિયાએ સેઉલ કબજે કર્યું. ◖ નેપાળમાં લોકશાહીની સ્થાપના અંગે મુખ્ય પ્રધાન રાણાની જાહેરાત.

તા.૯ ઇંગ્લંડ ઑસ્ટ્રેલિયા વચ્ચેની ત્રીજી ટેસ્ટમાં ઑસ્ટ્રેલિયા જીતીને 'રબર' લઇ ગયું.

તા.૧૦ દિલ્હીમાં અગ્નિ એશિયાનું સૌથી મોટું પ્રદર્શન, 'ઇન્ડિયન ઇન્ટર્નેશનલ એન્જિનિયરીંગ પ્રદર્શન' ખુલ્લું મુકાયું. ◖ અમેરિકામાં પહેલું નોબેલ પારિતોષિક મેળવનાર નવલકાર સીંકલેર લૂઇનું અવસાન. ◖ ઉત્તર પ્રદેશમાં જમીનદારી-નાશનું બિલ પસાર થયું.

તા.૧૨ અનાજના રોજિંદા રેશનમાં ૨૫ ટકા કાપ (૧૨ ઔંસમાંથી ૯ ઔંસ)ની મુંબાઇ રાજ્યમાં જાહેરાત. ◖ તિબેટના દલાઈ લામાએ પોતાની રાજધાની લ્હાસાથી યાટુંગ ખસેડી.

તા.૧૩ કોરિયામાં સામ્યવાદીઓની ૩૮ અક્ષાંક્ષ નીચે ૮૦ માઈલ આગેકૂચ.

તા.૧૫ ગ્રીસ સરકાર તરફથી સોક્રેટિસ અને પ્લેટો ઍકેડેમીના બગીચામાંથી ભેટ મોકલવામાં આવેલો, શાંતિના સંદેશવાહક સમો, ઑલીવ છોડ દિલ્હીના રાજઘાટ પર મહાત્મા ગાંધીજીની સમાધિ પાસે રાજાજીએ વાવ્યો. ◖ પ્રે. ટ્રુમેને ૧૧૫૯ કરોડ ડૉલરનું જંગી બજેટ કૉંગ્રેસ આગળ મૂક્યું, જેનો ⅔ ભાગ શસ્ત્રાસ્ત્રો અને સંરક્ષણ પાછળ ખર્ચાશે.

તા.૧૯ પછાતો ને દલિતોના અનન્ય મૂક સેવક ઠક્કર બાપાનું ૮૨મે વર્ષે અવસાન.

તા.૨૦ કાપડના ભાવ-વધારાની જાહેરાત.

તા.૨૩ ન્યૂગીનીમાં જ્વાળામુખી ફાટતાં ૪૦૦૦ લોકો બળી મૂઆ યા દાઝી ગયા.

તા. ૨૫ ચીનને આક્રમક ઠરાવવાની અમેરિકન દરખાસ્તને બદલે દૂર પૂર્વના સર્વ પ્રશ્નોના નિરાકરણ માટે ચીને સૂચવેલી સાત રાષ્ટ્રોની સમિતિ નીમવાનો ૧૨ એશિયાઈ દેશોનો ઠરાવ યૂનોમાં મુકાયો.

તા.૨૬ ભારતના બીજા પ્રજાસત્તાક દિનની દેશભરમાં ઊજવણી.

તા. ૨૭ વાટાઘાટ માટે માર્ગ ખુલ્લો કરવા ચીને પોતાની સેના તિબેટમાંથી પાછી ખેંચી લીધાના સમાચાર.

આ માસના દિનવિશેષ

તા. ૧ રૂ. ૩૦૦૦નું વર્ષાસન લઈ સિક્કિમના રાજાએ ઈ.ઇ. કંપનીને દાર્જિલિંગ દીધું, ૧૮૩૫.

તા. ૨ ૭ વર્ષ ઔરંગઝેબની કેદમાં રહેલા શાહજહાંનું ૭૫ની વયે દિલ્હીમાં મૃત્યુ ૧૬૬૬.

તા. ૫ મોટરના રબ્બર-ટાયરના શોધક ડનલોપનો જન્મ, ૧૮૪૦.

તા. ૬ સુપ્રસિદ્ધ પ્રગતિમાન રાજવી મહારાજા સયાજીરાવ ગાયકવાડનું અવસાન, ૧૯૩૯.

તા. ૧૧ કૉર્નવૉલિસે જિલ્લા અને સિટી કોર્ટોની સ્થાપના કરી, ૧૭૯૩.

તા. ૧૨ મહાદજી સિંધિયાનું મૃત્યુ થતાં નાના ફડનવીસની પેશ્વા પરની વગ વધી, ૧૭૯૪.

તા. ૧૩ ભારત કોકિલા શ્રીમતી સરોજિની નાયડુનો જન્મ, ૧૮૭૯.

તા. ૧૯ પૃથ્વીની વાર્ષિક ગતિના શોધક નિકોલસ કોપરનિકસનો જન્મ, ૧૪૭૩.

તા. ૨૭ રૉલેટ બિલ સામે મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહ શરૂ કર્યો, ૧૯૧૯.

તા. ૨૮ કોલંબસના સહ-સફરી વિન્સેન્ટ યાનેઝ પિન્ઝોને આમાઝોન નદી શોધી, ૧૫૦૦.

વ્યક્તિ વિશેષ: રામકૃષ્ણ પરમહંસ

બંગાળના કામારપુકુર નામે ગામડામાં ૧૮૩૬ની ૧૮મી ફેબ્રુઆરીએ એમનો જન્મ



થયો હતો. તેમનું મૂળ નામ ગદાધર. બચપણથી જ માતા ચંદ્રમણિ ને પિતા ખુદીરામની, વારસામાં ઊતરેલી ભગવદ્‌ભક્તિને લીધે સાધુસમાગમ, ભજનકીર્તન તથા ભગવાનની લીલાના ખેલોમાં જ મસ્ત રહેતા; ને એમાં એટલી નાની વયે પણ સમાધિસ્થ થઇ જતા.

પિતા અને મોટાભાઈના મૃત્યુ બાદ વીસ વર્ષની વયે કલકત્તાના દક્ષિણેશ્વરના પૂજારી બન્યા, જ્યાં મા કાળીના દર્શનાર્થે તેમનું હૃદય વિહ્‌વળ બની ઊઠતું ને કલાકો સુધી સમાધિસ્થ રહેતા. પુત્રને આમ તદ્દન વિરક્ત બની જતો જોઈ માએ તેમની ૨૩ વર્ષની વયે પાસેના જયરામવટી ગામના રામચંદ્ર મુખોપાધ્યાયની પુત્રી શારદામણિ સાથે એમનું લગ્ન કરાવ્યું. પણ પોતાનું ગૃહસ્થજીવન કામુક ન થવા દેવાનો નિરધાર પત્નીને જણાવી તેમણે પોતાના આધ્યાત્મિક માર્ગે જ જવા દેવાની રજા માગી, જે પત્નીએ પણ ખુશીથી આપી. આગળ જતાં તોતાપુરી નામના સંન્યાસી પાસેથી વેદાંત તથા યૌગિક સાધનાનું જ્ઞાન મેળવી સમાધિની સાધના આદરી, ને તોતાપુરીને જે સાધના કરતાં ૪૦ વરસ લાગેલાં તેને ત્રણ જ દિવસમાં સાધી. આમ પરમ જ્ઞાન પ્રાપ્ત કરી તે રામકૃષ્ણ પરમહંસ કહેવાયા. ઇસ્લામ, ખ્રિસ્તી આદિ બીજા ધર્મોનો પણ જાત-અનુભવ લઈ એમણે તારવ્યું કે બધા જ ધર્મો એક જ છે અને તેથી આદરપાત્ર છે, પણ જાતની તૃપ્તિ તો સ્વધર્મથી જ થાય છે; ને સંસારમાં રહીને યે કોઈ પણ માણસ શ્રદ્ધા અને ભક્તિથી આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકે છે. તેમની વિશુદ્ધ અને ઉત્કટ ભક્તિથી આકર્ષાઈ બધી જ જાતિઓ, વર્ણો ને સંપ્રદાયોના લોકો એમના સત્સંગનો લાભ લેતા. તેમણે કોઈ નવો સંપ્રદાય પ્રવર્તાવ્યો નથી કે પોતાના રાહે ચાલવા આગ્રહ કર્યો નથી. માત્ર અખૂટ પ્રેમ, અચળ શ્રદ્ધા ને એકાગ્ર ભક્તિથી માણસ ઉન્નત બની ઇશ્વરનો સાક્ષાત્કાર કરી શકે તેનો પુરાવો આપ્યો છે. ૧૮૮૬ની ૧૬મી ઑગસ્ટે તેમનો દેહ પડ્યો.

આ માસનો પ્રસંગવિશેષ: ઔરંગઝેબનું મૃત્યુ

બાબરથી શાહજહાં સુધીની મુઘલાઇએ પ્રાપ્ત કરેલી સંગઠિત શક્તિને ઔરંગઝેબે પોતાની અદૂરદર્શી વિચારસરણી ને ધાર્મિક સંકુચિતતાથી એવી ચૂંથી નાખી કે ખુદ તેનો પુત્ર ને સુબા તેની સામે થયા. એ બંડો શમાવવા ૨૪ વરસ સુધી તેને રાજધાનીથી દૂર દક્ષિણમાં નાનાંમોટાં યુદ્ધો કરવાં પડ્યાં. આખરે ત્યાંથી વિજયી બની પાછા ફરતાં તેની તબિયત લથડી. છતાં એ ચુસ્ત મુસલમીન એક પણ નમાજ ચૂકતો નહિ. એવી જ રીતે ૧૭૦૭ના ફેબ્રુઆરીની ૨૧મીને શુક્રવારે સવારની નમાજ પઢ્યા બાદ તે અવસાન પામ્યો. પોતાના મૃત્યુલેખમાં તેણે સૂચવેલું કે પોતે જાતે બનાવેલી ટોપીઓના વેચાણમાંથી ઉપજેલા ચાર રૂપિયા ને બે આનાનું જ સાદું કફન ઓઢાડી, ઉઘાડે માથે, ને મૌલવીપાસે ધાર્મિક વિધિ કરાવી તેને દફનાવવો; તથા પોતાની પાછળ પોતે ઉતારેલી કુરાનની નકલોમાંથી ઉપજેલા ૩૦૫ રૂપિયાની ખેરાત કરવી. પ્રજાની પાઇ પણ ન લેનાર એ ચુસ્ત મુસલમાને જેટલી કાળજી જાતની રાખી એટલી પ્રજાની અને રાજ્યની ન રાખી શક્યો. પરિણામે તેના મરણ બાદ સૌ પોતપોતાની શક્તિ મુજબ રાજ્ય દબાવી બેઠા.

ફૂટ, ક્રોધ, શિશુ, મુંકુર, પ્રિયા, ભજન, નશા, દુઃખ, ફાગ,
હોત શિયાને ઝ્હાવરે નહિ ઠોર ચિત્ત લાગ.*

સત્યની શોધમાં ઘર છોડી નીકળેલા મૂળશંકરને સોળસોળ વરસના રઝળપાટ પછી ૩૬ વરસની ઉંમરે સાચા ગુરુ મળ્યા, પણ એ દુર્વાસાનો અવતાર. ગાળો ભાંડે ને મારે પીટે. એક દિવસ કંઇક ન આવડવાને લીધે ગુરુ વિરજાનંદે પિત્તો ગુમાવીને એવી તો લાકડી મારી કે હાથ ઉપર ફૂટ થઇને લોહી વહેવા લાગ્યું. પણ જ્ઞાનની તમન્નાવાળો શિષ્ય બોલ્યો, 'મહારાજ, મારું શરીર કઠોર છે, એટલે મને મારતાં આપનો હાથ સમસમી ગયો હશે. ક્ષમા કરો.'

એ પ્રહારનો ડાઘ, મૂળશંકર મટીને એ શિષ્ય ભારતભરને સત્યધર્મની ઘોષણાઓથી ગજવનાર સ્વામી દયાનંદ સરસ્વતી થયા પછી યે જીવનભર રહ્યો હતો; ને જ્યારે તેના પર દૃષ્ટિ પડતી ત્યારે એ ગુરુના ઉપકારોની સ્મૃતિથી તેમનું અંતર ગદ્ગદિત થઇ જતું.

અનેકાર્થી શબ્દ: કૂટ=ગૂંચવણભર્યું, ભેદી, જૂઠું કે પ્રપંચવાળું, અચળ કે દૃઢ, અધિકારી, પ્રધાન કે શ્રેષ્ઠ, ક્રૂર કે ઘાતકી, ગંભીર, નમાવેલું કે નરમ પડેલું, રહસ્ય, છૂપું વેર, ઝેર, લાકડાના મ્યાનમાં સંતાડેલું હથિયાર, અગસ્ત્ય મુનિ, કંસની સભામાંનો એક મલ્લ, શિખર કે ટોચ, સંગીતમાં સંપૂર્ણ કે અસંપૂર્ણ મૂર્ચ્છનાને ઉલટી લેવાથી થતું તાન, હળની કોશ, પર્વત, ઘર કે ખંડ, ઢગલો, ઘડો, દૃષ્ટાંત કે દાખલો, નાનું દેવળ, ઠગાઈ કે છેતરપીંડી, ફાંસો, ભંગાર, ભાંગેલું શીંગડું, લોઢાનું મગદળ, શહેરનો દરવાજો, હાડકાનો ઉપસેલો ભાગ, હાથી બાંધવાનું સ્થળ, અનાજની શીંગ, એક ઔષધિ, અસ્પષ્ટ અક્ષર, કુસંપ, ચાળા પાડવા તે, ધાંધલ કે મગજમારી, નિંદા, ઉખાણું, એક જાતનું જળચર પક્ષી—જેની પાંખો કાળી હોય છે ને પાણીમાં ઈંડાં સેવે છે.

કહેવતોનો અર્થ: 'વિવાહ વેચાતો ને શ્રાદ્ધ ઉછીનું'. ગયા માસે આપેલી કહેવતને મળતી જ આ કહેવત પણ હિંદુ સામાજિક રિવાજને અનુલક્ષીને પડી છે. શ્રાદ્ધનું જમવાનું નોતરું આવે, તો તેના બદલામાં પોતાને ઘેર શ્રાદ્ધ વેળા નોતરું આપ્યા વિના ચાલે જ નહિ; જ્યારે વિવાહમાં ચાંલ્લો આપીએ તો જ જમવાનું નોતરું આવે.

વીંછી જમણી બાજુ કરડ્યો હોય તો ડાબા કાનમાં સૂકી તમાકુને પાણીમાં સારીપેઠે પલાળી, નીચોવીને ૩–૪ ટીપાં નાખવાથી, તરત આરામ થાય છે. અથવા ચોમાસામાં કુતરા નામનું કાંટાકાંટાવાળું ઘાસ થાય છે તેના રસનાં ત્રણચાર ટીપાં ડંખ પર મૂકવાથી પણ આરામ થાય છે.

મુંબાઈ શહેરમાં રોજ ૧૧ કરોડ ૬૦ લાખ ગૅલન પાણી વપરાય છે. *એક મધમાખી આખી ઋતુમાં ફક્ત એક ચમચો મધ તૈયાર કરે છે.

ચૂલામાં લાકડાં બાળતી વખતે (મોટભાગે બાવળ ને સાગનાં લાકડાંમાં) પાછળ ધુમાડા સાથે ફીણફીણ જેવો સફેદ ગુંદર જેવો પદાર્થ બહાર નીકળે છે. એ પદાર્થ દરાજ (દાદર) પર લગાડવાથી મટી જાય છે.

રશિયન લિપિમાં ૩૬ મૂળાક્ષરો છે.


*ચોપાટ રમતાં, ક્રોધમાં, બાળકને રમાડતાં, અરીસામાં મોં જોતાં, સ્ત્રી પાસે, ભજનમાં લીન હોય ત્યારે, કેફમાં, આપત્તિમાં, અને ફાગણ માસમાં હોળીના ફાગ બોલતી વેળા, ભલભલા શાણા માણસો પણ ગાંડા બની જાય છે—તેમનું ચિત્ત ઠેકાણે રહેતું નથી.





ઉપર: ગઇ ૨૬મી જાન્યુઆરીના પ્રજાસત્તાક દિને કલકત્તા પોસ્ટ ઑફિસે ટિકિટો પર મારેલી ખાસ છાપ. જેના પર શાંતિના પારેવાનું ચિત્ર છે.

ગઈ ૧૩મી જાન્યુઆરીએ હિંદમાં ભૂસ્તરશાસ્ત્રીય મોજણીનું કામ શરૂ થયાને ૧૦૦ વર્ષ પૂરાં થયાં તેની શતાબ્દીની ઊજવણી નિમિત્તે હિંદી સરકારે ખાસ કાઢેલી ટિકિટ.




કલાકણિકા

શોભનમંડિત સૂડીઓના બે નમૂના: જે પૈકી એકમાં ઘેટાની આકૃતિ ઉતારી છે, ને બીજીમાં ઘોડાની.

મહુડીમાં એક ઘર પાસે ઊભું છે.

ગણિતગમ્મત: (મૂળજી જેઠુ જોષી)


૯–૧÷૮=૧
૯૮–૨÷૮=૧૨
૯૮૭–૩÷૮=૧૨૩
૯૮૭૬–૪÷૮=૧૨૩૪
૯૮૭૬૫–૫÷૮=૧૨૩૪૬
૯૮૭૬૫૪–૬÷૮=૧૨૩૪૫૬
૯૮૭૬૫૪૩–૭÷૮=૧૨૩૪૫૬૭
૯૮૭૬૫૪૩૨–૮÷૮=૧૨૩૪૫૬૭૮
૯૮૭૬૫૪૩૨૧–૯÷૮=૧૨૩૪૫૬૭૮૯




હિમકણીનું સૌન્દર્ય
(આર. આર. ભારદ્વાજ)

અભિનવ સૌંદર્યદૃષ્ટિ જેટલો જ અદ્‌ભુત કૅમેરા-કાબૂ ધરાવનાર ફોટો-કલાકાર શ્રી ભારદ્વાજની કલાનું ખરું કૌશલ બતાવતું આ ચિત્ર તેમની વિરલ કૃતિઓ પૈકીની એક છે; જેમાં, વરસીને જામતા જતા બરફની કણીયે કણીનું રૂપ સાક્ષાત કરાવતો તેમનો કસબ આફરીનનો શબ્દ કઢાવે છે. ધરતીના એક મામૂલી ખૂણા પર વરસેલા બરફની ઢગલીઓ વચ્ચેથી ડોકિયાં કરતા છોડવાની ડાળીઓ, સખત થએલી બરફની ગાંગડીઓ અને જમણી બાજુ વિલીન થતા નાના વિસ્તારની એ બચુકલી શીત સૃષ્ટિમાં છાયા-પ્રકાશનું જે રમ્ય સંગીત જામ્યું છે તેનું સૌન્દર્ય પણ આપણને એ પ્રીછાવે છે.

KUMAR Reg. No. B. 1808
ફેબ્રુઆરી ૧૯૫૧ · સળંગ અંક ૩૨૬ · છુટક નકલના બાર આના







ડાબી બાજુ મથાળે : આ વસંત ઋતુમાં ઇંગ્લંડમાં તેની પેદાશો તથા યંત્રોના વેચાણપ્રચાર તેમજ સંસ્કૃતિસંપર્ક માટે 'ફેસ્ટીવલ ઑાવ બ્રિટન' નામનો જંગી ઉત્સવ-મેળો ભરાવાનો છે. તેના વિરાટ શામિયાનાનાં પ્રાંગણમાં મૂકવા માટે કૅમ્બરવેલની કલાશાળાના વિદ્યાર્થીઓ 'હેવી ઇન્ડસ્ટ્રી (જંગી ઉદ્યોગો)', 'નાના ઉદ્યોગો' અને 'વિદ્યુત' નામની ત્રણ મોટી શિલ્પ મૂર્તિઓ તૈયાર કરે છે, જે પૈકીની, પહેલી કલામૂર્તિ ઉપર એ શાળાના નિયામક કલાકાર ડૉ. ફૉગેલ કામ કરી રહ્યા છે. નીચે: બ્રિટનમાં આજે (અગાઉ કદી પણ ન હતા તેટલા) લગભગ ૨૫૦૦ હિંદી વિદ્યાર્થીઓ જુદાંજુદાં જ્ઞાન, વિજ્ઞાન તથા હુન્નર-ઉદ્યોગોનું શિક્ષણ લે છે. આ ચિત્રમાં, ગ્લાસગોની 'નૉર્થ બ્રિટિશ લોકોમોટિવ કંપની'ના એન્જિનો બનાવનાર કારખાનામાં પ્રી-ઍપ્રેન્ટાઇસ અભ્યાસક્રમ લેતા વિદ્યાર્થીઓ પૈકીનો વરુણકુમાર ગુપ્ત નામનો એક હિંદી વિદ્યાર્થી કામ કરતો દર્શાવ્યો છે. જમણી તરફ મથાળે: અમેરિકામાં અણુવિભાજન થયા પછીની કેટલીક ઉપ-પેદાશોમાંની એક 'રેડિયો આઈસોટોપ' છે, જે કેટલાક રોગો (ખાસ કરીને થાઇરૉઈડ ગ્લૅન્ડના)ના ઉપચારમાં કામ આવે છે. આ ચિત્રમાં ન્યૂ યૉર્કના 'મેમોરિયલ કૅન્સર સેન્ટર'માં કૅન્સરના ઉપચારો માટે સંશોધન-સ્પેશ્યાલિસ્ટો સ્પૅક્ટ્રોમીટર ઉપર એક નમૂનાની રેડિયોઍક્ટિવ શક્તિ ચકાસી રહ્યા છે. ઍટમ-શક્તિના વિકાસ તથા વિવિધ કાર્યમાં તેના ઉપયોગ માટે અમેરિકા અને બીજા દેશોની ઘણી યુનિવર્સિટીઓ આજે ઍટોમિક ફિઝિસિસ્ટો અને ટેકનીશિયનો તૈયાર કરી રહી છે.